કુમાર

અંક ૩૩

ઉગતી પ્રજાનું માસિક


તંત્રી
રવિશંકર રાવળ

વર્ષ ૩ ભાદરવો ૧૯૮૨ અંક ૯



શકુન્તલા


ચિત્રકાર: કનુ દેસાઈ



લવાજમ વરસના રૂ. ૬: છ માસના રૂ. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સ પાયધુની. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઈક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડ્યા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.



મૂર્તિકાર : સર ફ્રેડરિક લેઈટન

જીવનયુદ્ધ

ભાદરવા'૮૨ના કુમારનું મુખચિત્ર

કુમાર
માનવતા મહત્તા અને મનોરથોનું માસિક
ભાદરવો ૧૯૮૨
વર્ષ ત્રીજું
અંક નવમો

પિતૃ

સંસાર ઘણાંઘણાં ઋણ ઉપર બંધાયો છે અને ચાલે છે. એ સૌમાં મહાઋણ આપણે માથે પિતૃઓનું છે.

એમના દેહમાંથી આપણો દેહ મળ્યો છે; એમની સંસ્કારિતામાંથી આપણું માનસ સરજાયું છે; એમના સ્થૂલ-સૂક્ષ્મ સર્વ ભંડારના આપણે વારસ થયા છીએ.

ભાદરવો એ પિતૃમાસ છે, પિતૃતર્પણનો મહીનો છે. ગુણઓશીંગણુ સુજાત પ્રજા પિતૃઋણ વાળ્યા વગર કેમ રહે?


પિતૃ એટલે પાળનાર. અલક્ષ્ય રહીને એ કુલદેવતાઓ પરંપરા નીભાવે છે; આપણા અદષ્ટને ખરા જીવનમાર્ગે દોરે છે.

પિતૃ એટલે ભૂતકાળનો પ્રતાપ, આજના જગતનું મુળ અને ભાવિનો ગૂઢ સંબંધ.

કુળકુળના તેમ પ્રજાપ્રજાના યે પિતૃઓ હોય છે. અમેરિકાના પિલ્ગ્રિમ ફાધર્સ અબ્રાહમ લિંકન ને જ્યૉર્જ વૉશિંગ્ટન. આર્યાવર્તના મનુભગવાન, રામ કૃષ્ણ, પ્રતાપ શિવાજી. . . .

પિતૃઓના એ મહાઋણમાંથી મુક્ત થવા પ્રજાએ શ્રાદ્ધ સારવાનાં રહે છે. શ્રદ્ધાપૂર્વક આચરીએ તે શ્રાદ્ધ. ઉંચા અવકાશમાં મીટ માંડી આત્મજ પિતૃલોકને આવાહન દે ને અર્ધ્ય ધરે એ યે શ્રાદ્ધ ખરૂં; પણ સાચું ને મહા શ્રાદ્ધ તો પિતૃઓએ આદરેલી કલ્યાણપ્રવૃત્તિઓની સિદ્ધિ ને વૃદ્ધિ તે.

દેશળજી પરમાર





એની એ જ વાત અનેકવાર સાંભળતાં તમને કંટાળો નથી આવતો ? એની એ જ વાત માત્ર સાંભળવાની જ નથી હોતી; એ જ વાત જોવાની, કરવાની, છાપવાની, ચીતરવાની—એની એ જ વાત. તમને એમ નથી લાગતું કે આપણે બધા ગ્રામોફોન જેવા નકલી થઇ ગયા છીએ ? એકે ગાયું તે બીજાએ પઢી લીધું; એકે લખ્યું તેવું જ બીજો લખવા માંડે; એક તંત્રીની શૈલીની નકલ બીજો તંત્રી કરે; એક કવિની ઢબની બીજો કવિતા કરે;—જાણે કે દરેક જણે પોતાપણું ખોયું હોય અને ગાડરિયા ચીલે જ ચાલવાનો નિશ્ચય કર્યો હોય !

સ્વયંપ્રજ્ઞાથી કરેલી કોઇપણ નવીન અપૂર્વ કૃતિ જોવા કે સમજવાની ગતિ આજના યુનિવર્સિટીએ બહાર પાડેલા માનવીઓમાં ભાગ્યે જ હોય છે, તો પછી સરજવાની શક્તિ ક્યાં શોધવી? એ માણસો આપણા તંત્રીઓ થાય, નેતાઓ થાય ત્યારે એમની કૃતિઓ કે કાર્યક્રમ માત્ર બીજાનાં જડ અવિચારી અનુકરણો જ હોય તેમાં શી નવાઇ ? કળા, કુદરત કે સૌન્દર્યના કાનુનોમાં સ્વયંપ્રજ્ઞા, સ્મૃતિ, કલ્પના ને સ્વતંત્ર સૃજન એ જરૂરનાં તત્ત્વો છે. આ તત્ત્વો આપણને આપણી શાળાની કે કૉલેજની કેળવણી મારફતે કેટલાંક મળ્યાં છે કે આપણો કેળવાએલો સજ્જન નવીનતા કે અપૂર્વતા સરજી કે સમજી શકે ?

નવીનતા કે અપૂર્વતા વિના શું અડચું રહેવાનું હતું?—એમ કદાચ પુછશો. નવીનતા કે અપૂર્વતા એ જગતના વિકાસનો અનિવાર્ય ક્રમ છે. એકની એક ચીજ એ જ રૂપે ફરી વાર દેખાતી નથી. ભૂતકાળની ધુળમાંથી પુષ્ટિ પામી નવી ઉગતી વનસ્પતિ અને પુષ્પો તમને નવી ચમક નથી આપતા ? શા માટે

જીવનવૃક્ષને વિકસાવવા માટે આંસુના નહિ પણ પરસેવાના સિંચનની જરૂર છે. રોદણાં રડવાં છોડી ઝટ કામે મચી પડો.


તમે એક મોટા જુનાખખ વૃક્ષને જોવું છોડી નાના સુંદર પુષ્પછોડ તરફ જોઈ રહો છો ? એ પુષ્પનું દર્શન તમારા જીવનમાં ઉલ્લાસ પ્રેરે છે, તમને ઉત્સાહિત કરે છે. ઉલ્લાસ અને ઉત્સાહ જ્યાં ન હોય ત્યાં મૃત્યુની હાજરી સમજવી; ત્યાં પ્રાણને નવા અંકુરો ફુટતા નથી; ત્યાં માનવી વૈતરાની જેમ કામ કરે છે ને આવરદા પુરૂં કરે છે.

કંઇ નહિ તો જીવનનો ક્ષય અટકાવવા, જીવનને પ્રફુલ્લ બનાવવા, ઉત્સાહ અને ઉલ્લાસ પ્રગટાવવા અપૂર્વતા અને નવીનતા જરૂરનાં છે કુદરત નિતનિત નવીન પ્રભાત બતાવે છે. એ રંગો અને એ તેજ જો તમારા પ્રાણને જાગૃત નહિ કરી શકે તો તેનો બીજો કશો જ હેતુ નથી. નિશ્ચેષ્ટ પ્રાણવાળી પ્રજા દારિદ્રય અને રોગના પંજામાંથી છુટી શકતી નથી. સાહસ અને વેગ વિના મહાન સંકટો ટાળી શકાતાં નથી. સંકલ્પનું બળ અને નૂતન ભાવીની કલ્પના જેમનામાં નથી પ્રગટ્યાં તેઓ મહાન વૈભવી હોય તો યે શું કે મહાન વિદ્વાન હોય તો યે શું. કદિ જ તેમની પ્રતિભા ચમકવાની નથી; કદિ જ તેમનાં સ્વપ્ન જગતને ઉજાળવાનાં નથી. એમનું મૃત્યુ એમના સંગ્રહની કોઠીમાં જ. એમને નસીબે જગતના સ્મૃતિપટ પર અમર આસન ન હોય.

ઉજળા ભાવિના એ વારસો ! તમે—તમે જ નવીનતા અને અપૂર્વતા પ્રગટાવો. જગત જુનાં રૂપોથી, જુની ઘરેડથી થાકી ગયું છે; જગત ગોખણપટ્ટી અને પટપટારાથી કંટાળ્યું છે, બોધ અને જપથી શુષ્ક થઇ ગયું છે. આપણો દેશ રોગ અને દારિદ્રયમાં સડે છે. તેને નવા જીવનની, નવી કલ્પનાની, નવા રસની જરૂર છે. રખે કોઇની નકલમાં પડતા. તમારી જ આંખે જુઓ, તમારા જ મનથી વિચારો, તમારી જ સ્વતંત્ર યોજનાઓ ઘડો. કંટ્રાક્ટર પાસે બંધાવેલા બંગલા કરતાં ગરીબે સ્વબુદ્ધિથી રચેલું ઝુંપડું કલાની સૃષ્ટિમાં શ્રેષ્ઠ ગણાય છે એ યાદ રાખજો. તમારી જરૂરિયાતો, તમારી શક્તિ અને તમારાં સાધનો બરોબર ઓળખી લો, તમારો વિકાસક્રમ તમે જ નક્કી કરો.

તમારી ક્રિયાઓમાં મૂર્ખાઇભર્યું નમાલું અનુકરણ ન કરતા; તમારા શણગારમાં ફેશનદાસ ન બનતા; કોઇને ખુશ કરવા, કોઇનો અભિપ્રાય મેળવવા કંઇ જ ન કરતા. તમારા પોતાના જીવનનો આનંદ વધે એવી રીતે સ્વતંત્ર સૃજન સ્વતંત્ર કલ્પનાથી કરો; અપૂર્વતા અને નવીનતાનું વાતાવરણ રચો.

તમારી શાળામાં, તમારી બેઠકોમાં, તમારા મેળાવડામાં, તમારી હાથકારીગીરીમાં, તમારાં હસ્તલિખિત માસિકોમાં નવી રીતભાત, નવી ગોઠવણ, નવાં રૂપો દર વરસે બદલતા જાઓ; નવીનતા અને અપૂર્વતા બધે શોધતા રહો; તેને ઓળખતાં શીખો, તેનાં દર્શને પ્રેરણા લેતા થાઓ. નવીનતા અને અપૂર્વતાની યોગ્ય કદર કરતાં શીખો અને તેના પ્રસાદ અવશ્ય તમારા પર ઉતરશે.



મોતનો ભરડો

આ ભયંકર સર્પનો ભરડો એ પાયમાલીનો—વિનાશનો ભરડો છે; સાક્ષાત મૃત્યુનો ભરડો છે. એક વાર એના સકંજામાં સપડાયા એટલે મુઆ જ પડ્યા.

એ બહુ ભયાનક, વિષમ અને કડવી, પણ તદ્દન સાચી વાત છે કે આપણી ઉગતી પ્રજાનો ૭૦ થી ૮૦ ટકા ભાગ આ સર્પના ભરડામાં સપડાએલો છે. રાતદિવસ વિદ્યાર્થીઓના સહવાસમાં આવેલા શિષ્ટ જનો અને કેળવણીકારોનો આ સ્પષ્ટ મત છે. જેને પ્રાણવાન ને તેજસ્વી નાગરિકો થએલા જોવા આજના દેશહિતૈષીઓ ઝંખે છે એ ભાવિ પ્રજાના મોટા ભાગની, ઉપલા ચિત્રમાં બતાવ્યા મુજબની લાચાર ને પાયમાલ સ્થિતિ જે દેશમાં હોય એ દેશના જયવારાની આશા ફોકટ છે.

આ મોતના ભરડામાંથી બચવાનો ઉપાય ?—ઉપાય આ જ અંકના મુખચિત્રમાં બતાવ્યા પ્રમાણેનું ભીષણ યુદ્ધ કરવાનું પ્રખર આત્મબળ.


જાગ્યા ત્યારથી સવાર. આ જ ઘડીએ આ વાંચો તે જ પળથી ચેતો. તમારા શરીર ને મન પર કડક ચોકી રાખો. તમારા શરીરમાં ઉશ્કેરાટ થવા લાગે કે તરત ચેતજો; કોઇ મિત્ર જોડે એકાંત પ્રિય લાગે. કે તેનો શરીરસ્પર્શ ખેંચાણ કરતો લાગે કે ચેતજો; તમારા અવયવો ખેંચાતા લાગે, શરીરમાં ન સમજાય એવો રોમાંચ થાય કે ચેતજો; અભ્યાસ, કસરત અને નિર્મળ વાર્તાલાપથી કંટાળવા માંડો કે તરત ચેતજો.

થોડા સ્થૂલ ઉપાયો પણ છે; પરંતુ તેની સાથે નિશ્ચલ આત્મબલ જોઇશે જ. એકદમ ઠંડા પાણીથી સ્નાન કરી નાખો; માબાપ કે વડિલના વત્સલ વાતાવરણમાં ભળી જાઓ; વિરાટ અફાટ કુદરતમાં ફરવા નીકળી પડો; અગરબત્તીનો ધૂપ કે ઘીનો દીવો કરી તમારા ઈષ્ટદેવનું, પ્રિય આદર્શનું કે કોઇ પૂજ્ય વ્યક્તિનું ચિંતન કરો. અને હમેશને માટે નીચલા નિયમ પાળો:

(૧) માફકસર ખાઓ; હમેશાં થોડી મીઠી ભુખ રાખીને ઉઠો. (૨) અત્યંત મસાલા અને તેલઘી વાળા ખોરાક તજો. પુરતું દુધ લેતા હો ત્યારે તેલ ઘી ખાવાની જરૂર જ રહેતી નથી. (૩) શરીર અને મન સદા સ્વચ્છ વ્યવસાયમાં રોકાએલાં જ રાખો. (૪) વહેલા સુઇને વહેલા ઉઠવાનો નિયમ જ કરી દો. (૫) સંયમી જીવન માટે ઇશ્વરપ્રણિધાનની ઉગ્ર ઈચ્છા જાગ્રત રાખો.

ત્રણ સુવર્ણફળ

સાગર સાહસ અને સ્વપ્નભોમની એક અદ્ભુત કથા



વૃક્ષોનાં પાન ખરે એટલાં અસંખ્ય વર્ષો આજ એ વાતને વીતી ગયાં છે. ગ્રીસની અલબેલી નગરી મેસીનાની એ સમયે ચડતી કળા હતી અને રાજા યૂરસ્થીઅસ ત્યાં રાજ્ય કરતો.

ઉનાળાનું તાજું સવાર હતું. ઢોળાવ પર મેંઢાં ચરતાં હતાં. શાન્ત સાગરમોજાંને ટેકરીઓ ધીમેશથી ધક્કેલતી હતી અને ફરફરતો સુરીલો પવન જંગલના સાદ ભરી લાવતો હતો. એ સમયે, સમૃદ્ધિની છોળો ઉછાળતા એ મેસીનાના અખાતમાં ફીનીશિયાના ટાયર શહેરનું એક વહાણ હાલકડોલક થતું લંગર ઉપાડવાની તૈયારીમાં હતું.

વહાણવટીઓ કામે મચેલ હતા; પણ વચ્ચેવચ્ચે, ઝંખવાણી સંધ્યામાંથી ચંદ્રકલા ઉગે તેમ તેઓને ગઇ રાતની મિજલસ સાંભરી આવતી હતી;—જાણે તાલને અનુકુળ પડતા નૃત્યકન્યાના ચાંદનીધોળ્યા પગ હિરણ્ય-હૃદયી કમળોને છંછેડતા ન હોય; જાણે પગલાં વડે ચંપાતું ઘાસ ઝાકળિયાં ફુલોમાં સુવાસ ભેળવતું ન હોય!

સઢ ખુલ્લા થઇ ફડફડ્યા, લંગર ખેંચાયું, વહાણ ઉપડુંઉપડું થઇ રહ્યું;—એવે, એકાએક, દૂરથી પડકાર પડ્યો. નાખુદાએ કામ અટકાવ્યું ને સૌના મનમાં ફાળ પડી કે કશુંક લેતા ભુલ્યા. જુએ તો બે જણ ઉતાવળે પગલે ટેકરીનો ખરબચડો ઢોળાવ ઉતરતા આવતા હતા.

નિમિષમાં તેઓ નજીક આવી પહોંચ્યા. એક હતો જુવાન: હાડે પહોળો, આસમાની આંખ ને કાળા ગુંચળિયા વાળવાળો. દેહ પર તેણે ઝીકભરેલ સિંહચર્મ પહેર્યું હતું; ને હાથમાં હતી કડિયાળી ગદા. તેની પુંઠે દંડધારી એક ડોસો હતો. ઝભ્ભો એનો વાદળિયો, ગાલ બેઠેલા ફિક્કા ને દિમાગ નરમ હતો; હાથમાં પાતળો દંડ હતો.

માંડમાંડ ઉતાવળી ચાલ કરી જુવાનને પડખે ચડી એણે ધીમેથી કહ્યું, 'આ રહ્યું વહાણ; હવે તારે કરવું હોય એમ કર.'

જુવાનની આંખ ચમકી. ઉમંગમાં આવી ખુશ ચહેરે તે વહાણવટીઓ તરફ જોઈ બોલી ઉઠ્યો: 'ભાઇઓ, મેં સાંભળ્યું છે કે તમે સૌ ટાયર શહેર—અને ત્યાંથી પૂર્વ કિનારા તરફ—જાઓ છો. અને મારે લલાટે પણ વિધાતાએ બળબળતી લૂનું મોત લખ્યું છે. એટલે આ જીંદગીનો અંત આવે તે પહેલાં મહાપ્રચંડ કો સાહસના સ્વાદ લેવા મારૂં મન તલસે છે. આ વૃદ્ધ મારા સંબંધી છે ને મારી જોડે જ આવવાના છે. બોલો, અમને દરિયાપાર લઈ જશો?'

નાખુદાએ કહ્યું, 'તમારૂં નામ? અમે તો રહ્યા વેપારી; એટલે પુરા બદલા વગર હા ન ભણીએ. કહો શું ચુકવશો?—જોકે લાગો છો તો શાહજોગ.'

એટલામાં તો પેલો બુઢ્ઢો કંઇક બબડ્યો ને નીચા નમી એણે રેતીમાંથી કશુંક ઉપાડ્યું. જુવાને જવાબ દીધો, 'એ તો મેં ધાર્યું જ હતું. મારૂં નામ . . . તો કદાચ ભવિષ્ય કહેશે—પણ લ્યો આ નજીવી ભેટ —અને . . . . મને બલવીર કહી બોલાવજો.'

આટલું સાંભળતાંસાંભળતાં તો વહાણના માલિક-ની આંખ હરખી ઉઠી; કેમકે જુવાને પોતાના બાહુ પરથી સુવર્ણનો બાજુબંધ કાઢીને વહાણમાં ફેંક્યો હતો. ત્યાં તે પાણીના ઘડા ઉપર અફળાયો. ઘડો ફુટ્યો ને ઢોળાએલા પાણીમાં માટીની ઠીકરીઓ વચ્ચે આથમતા સૂર્ય સમો પીતવર્ણો તે શોભી ઉઠ્યો.

એવામાં પેલા ડોસાનો સુકો હાથ લંબાયો અને બે મોટાં પાણીદાર લાવણ્યમય મોતી તેની હથેળીમાં દેખાયાં. તે બોલ્યો, 'હું જરાક વધારે નજીક આવીશ એટલે તો તમે કળી જશો. મારાં નામોનો તો પાર નથી; પણ મને સમદરપાળ કહેશો તો ચાલશે. વધુ તો ઓળખ પડશે.'

કંઇક ટીખળ કર્યું હોય એમ બલવીર હસ્યો; અને નાખુદાના પેટમાં તેલ રેડાયું. પણ વળી પાછો એને પેલી નગદ ભેટસોગાદોનો ખ્યાલ આવ્યો.

પછી તો ગુપચુપ બલવીરે પેલા વૃદ્ધને ફુલની જેમ ઉચકી લીધો અને સાગરના મોજની વચ્ચે માર્ગ કરતો તે વહાણ તરફ આવ્યો. ખારવાઓએ દોરડું ફેંક્યું, ને તેના ઉપર લટકતો તે બુઢ્ઢાને લઈ વહાણ પર ચડી ગયો.

[૨]

તાજો અનુકુળ પવન વાતો હતો, જમીન દેખાતી બંધ પડી હતી અને ઉષ્ણકટિબંધના ટાપુઓમાં થઇને વહાણનો અગ્રભાગ લીલાંકાચ પાણી કાપતો આગળ ધપ્યે જતો હતો. મનવાંચ્છી કોઇ ચીજ સાંપડી હોય તેમ, ટશ માંડી લાંબી નજરે જોઇ રહેલો બલવીર મુંગો મુંગો તુતક પર ઉભો હતો. વિસ્મયલીન સૌ નાવિકો એની જુવાનજોધ કાયા વારેવારે જોયા કરતા. કોની મગદૂર કે એની આંખ સામે આંખ મેળવે?

બીજી મેર પેલો ડોસો તો ખારવાઓની વચ્ચે બેસી વાતોની ઝુક બોલાવતો હતોઃ

'એક વાર વિલાસના દેવ બૅકસે ચાંચિયાઓનું એક વહાણ ભાડે બાંધ્યું. ચાંચિયાઓએ તેને ગુલામ તરીકે વેચી મારવાનો મનસુબો કરી નાવ આડરસ્તે એશિયા તરફ દોર્યું. આ બધું બન્યું ત્યારે બૅકસ ભરઉંઘમાં સુતેલો હતો. પ્રભાતે જાગીને જુએ તો વહાણ ભરદરિયે ઝંપલાતું હતું. એને વહેમ પડયો. તરત એણે વહાણના ડોલ અને હલેસાંને સર્પો બનાવી દીધા અને પોતે સિંહસ્વરૂપ થઈ ગયો! અચાનક દરિયામાંથી દ્રાક્ષવેલનું એક જુથ નીકળ્યું જેણે વહાણને જકડી લીધું. દિશાઓમાંથી જાણે પ્રલયબંસીના સૂર છુટયા. આ જાદુ જોઇ ચાંચિયાઓ બેફામ બની દરિયામાં કુદી પડયા. . . . અને કુદતાંવેંત માછલાં બની ગયા!'

બુઢ્ઢાએ આ વાત પુરી કરી પ્રલયની વાત કહેવા માંડી.

'અહો, એક વખત તો પછાડા મારતો, ફીણના ગોટ ઉડાડતો તોફાની જલનિધિ રૂઠયો ને પાપણી માનવજાત પર પ્રલય ફેરવી વળ્યો. તોપણ એક મનુદંપતી બચી જવા પામ્યું અને પૃથ્વીના પટ ઉપર માણસની સૃષ્ટિ નવેસર ઓર રચાઈ.'

બુઢ્ઢો અહીં આગળ થોડું થોભ્યો, મીઠું મલકયો અને સ્તબ્ધ નાવિકોને ધીરજ દેવા બોલ્યો,

'અને છતાં તમારો—તમારો મનુષ્યોનો જ વિજય થયો. બહાદુરો! એ પ્રલય વેળા પાર્નેસસ પર્વતનું છેલ્લું તરૂવર કડડડ કરતું તુટી પડયું અને હેઠળ નીલા જલપુરમાં ગબડી પડયું તે એ એકલો એક મનુષ્ય અજબ હીંમતથી જોઇ રહ્યો હતો!'

આ છેલ્લા શબ્દો જોડે ફીક્કું વળી ગયું. બુઢ્ઢાનો ચહેરો જોઇ શકાતો ન હતો. ખારવાઓના અંતરમાં કંઇક ન કળી શકાય તેવી ચિંતા ચણચણતી હતી. પણ આમ થવાનું કારણ કોઇને ન સુઝયું. અંતે રાત તો સુખરૂપ પસાર થઇ. સવાર અતિશય મધુર પડયું અને સૌ નિરધારી દિશામાં પંથ કાપવા લાગ્યા.

ચોથે દહાડે પ્રભાત પહેલાં ડોલ ઉપરથી ચોકીદારે બુલંદ અવાજે જાહેર કર્યું કે ફીનીશિયાનો કાંઠો દેખાય છે. આ સાંભળીને બલવીરે પોતાના વૃદ્ધ મિત્ર તરફ અર્થભરી આંખ મીચકારી. તરત ડોસો વહાણના અગ્રભાગ પર જઇ ઉભો ને ઉગતા સુરજમાં નેણે હથેળી માંડી દૂરનો ઝાંખો કાંઠો જોવા લાગ્યો . . . .

. . . . પણ જોતજોતાંમાં તો વાદળના ગોટ ઘેરી વળ્યા, આકાશ ગોરંભાયું, સવાર જાણે થીજી થયું, ઝીણી ફરફર વરસવા લાગી, પવન બંધ પડયો અને માણસોનાં હૈયાં હીમ થઇ ગયાં; અનાથ બાળક જેવું વહાણ દીન બન્યું.

એકાએક દિશાઓની ગુફાઓમાંથી પવન વછુટયો. સઢો ફડફડયા, દોરડાં ચોમેર વીંઝાવા લાગ્યાં અને શાન્તમૂર્તિ સાગરે જાણે રુદ્રરૂપ ધારણ કર્યું. આકાશ અને સાગર એકાકાર થયાં, અને ઉંધું પડતું ને ગોથાં ખાતું વહાણ માંડમાંડ માર્ગ કરવા લાગ્યું. દિવસરાત કે દિશાની કશી સાનસુધ વગર તેઓ આગળ ચાલ્યા.

ભીષ્મકાય બલવીર તારણહાર જેવો મહા શ્રમ લઈ મથતો હતો. પણ સમદરપાળ તો પવન કે તોફાન કશું ગણકાર્યા વગર લહેરથી અગ્રભાગે ઉભો હતો; —જાણે પ્રલયસૃષ્ટિ ઉપર ઉડતો પાંખાળો દેવદૂત ઝોક લેતો હોય નહિ!

તોફાનમાં વહાણ પશ્ચિમ દિશા તરફ ઘસડાયે જતું હતું. આગળ વધતાં તેઓએ જમીન જોઇ. પણ એ જાણે સ્વપ્નમાં જોએલ ચહેરાની જેમ નજીક આવી આવીને અદૃશ્ય થઇ! ખારવાઓનાં દિલ ભય ને નિરાશાને લીધે ભારેખમ થઇ ગયાં. તેઓને થયું કે ધરતીના છેડા લગી—અનંતતાના અવકાશ લગી આમ ને આમ ઘસડાવાનું જ રહેશે. પણ તેમનો મોવડી થઈ તોફાન સામે મથતો બલવીર તો લહેરમાં હતો. તોફાન સાથે તાલ લેતો તે ગીત લલકારતો તુતક સુધી ઉછળતા લોઢને લાંબા હાથ કરીકરી

ભેટતો, અને સમથર જળ ઉપર ગર્જતા વજ્રપાત ને વીજળીને બેપરવાઇથી જોઈ રહેતો. ભયભીત ખારવાઓને થયું કે આ લોકો તો દેવ જેવા દેખાય છે, પણ આપણે મુઆ પડયા છીએ.

દસમે દહાડે ધમસાણ શમ્યું. શાન્ત ઉજ્જ્વલ પહો ફાટયો. તેમના પ્રવાસીલા જીવન ઉપર સૂર્ય પ્રકાશ્યો ને તપ્યો અને તેમની અંતરપીડ ઓસરતી ગઇ. તોફાનની વાત સૌ જાણે ભુલી ગયા અને નરમ, નબળા ને થાકયાપાકયા તો ય સુખી દેખાયા. વળી પાછો બુઢ્ઢાએ ડાયરો જમાવ્યો. બલવીર તો તુતક પર જ આવજા કરતો અને પશ્ચિમ તરફ એકીટશે જોયા કરતો.

વીસ દિવસ વીત્યા ને નવી ભૂમિ દેખાઇ. પહેલાં તો સમુદ્રમાંથી વાદળિયા પર્વતો નીકળ્યા; પછી ચોતરફ હરિયાળો કાંઠો પથરાયો. પણ એટલામાં તો અંધારૂં વળ્યું અને આખી રાત વહાણ બારમાસી ફુલોના શ્વાસમાં થંભીને ઉભું રહ્યું.

પરોઢિયે વાદળ વીખરાઇને પૂર્વનો દરવાજો ઉઘડયો ને ટેકરીઓની ટોચો સોનાના રસે રસાઈ. થોડે દૂર ઉગતા સુરજનાં કિરણો વડે પિત્તળનો કોઇ કોટ ચમકાટ કરી રહ્યો હતો. આ દશ્ય જોઇ નાવિકો નવેસર ગભરાયા. તેમને તો હવે બધું સ્વપ્નમાં બનતું હોય તેમ દેખાયું; જાણે મોત નજીક ભમતું હોય ને સારી સૃષ્ટિ અભિરામ જણાતી હોય નહિ !

કાંઠે ઉતરવાના પાટિયા ઉપર પગ દઇ બલવીર ને સમદરપાળ જોડાજોડ ઉભા હતા. બલવીરની આંખમાં તેજનો ભભુકો હતો. પલવાર તે સમદરપાળ તરફ આશંકાની નજરે જોઇ રહ્યો, પણ પછી એ ફુલથી ભરચક કિનારા પર હાકોટો કરી કુદી પડયો. ટેકરીઓમાંથી તેના ગર્જનનો પ્રચંડ પ્રતિઘોષ ઉઠયો.

ધીમે રહીને ડોસો તેની પાછળ ઉતર્યો. નાવિકગણ તો જયાંનો ત્યાં થંભી ગયો. હવે તેઓને સમજાયું કે આ જાદુગર જેવા લોકો ફક્ત પોતાનું કામ કાઢવા જ વહાણને આ બાજુ વાળી લાવ્યા હતા. તેમણે વિચાર્યું કે આ સ્વપ્નસૃષ્ટિમાં જો ડખલ નહિ કરીએ તો કદાચ બચીશું; માટે આ લોકો પાછા ફરે ત્યાં સુધી અહીં થોભવું જ બહેતર છે.

પણ છિદ્ર જોવાની કુતૂહલ વૃત્તિ માણસની સાથે જ જન્મી છે. એ મંડળમાંના બે જરા હીંમતબાજ જુવાનો હતા. તેમણે નજર મીલાવી કાંઇક બેત રચ્યો, કાંઠા ઉપર ઝંપલાવ્યું અને પેલા બેની પાછળપાછળ ધીમે પગલે ચાલવા માંડયું.

જુવાન અને વૃદ્ધ પેલી ચમકતી દીવાલ તરફ વળ્યા. પિત્તળની ઇંટો વડે દીવાલ બાંધેલી હતી ને તેના ઉપર ભૂતકાળનાં ઇતિહાસચિત્રો રમમાણ થઇ રહ્યાં હતાં. જેમજેમ તેઓ નજીક જતા ગયા તેમતેમ તેમની ફીકર ઓછી થતી ગઇ. અને હૃદયમાં શાતા પ્રગટી.

[૩]

આગળ ને આગળ તેઓ ચાલ્યે જતા હતા. ફુલવાડીમાંથી પંખીઓનો મીઠો કલરવ સંભળાતો હતો; અદ્દ્ભુત કુસુમમંજરીઓ તેમના પગ ફરતી નમી પડતી હતી; કાબરચીતરાં કબુતરોની પાંખ વડે વીંઝાતી હવામાં સુવાસિત માધુરી મ્હેકી રહી હતી અને આ વાતાવરણની માદકતાથી તેમના આત્માઓ લસી પડતા હતા. અંતે તેઓ એક લોખંડી દરવાજા પાસે આવી પહોંચ્યા.

પાછળ પેલા ખારવાઓ પણ થોભી ગયા. એટલામાં એક ગર્જના થઇ અને તેમાં પવનનો સુસવાટ, પક્ષીનો કલ્લોલ અને ખરી પડતાં પાનોનો ફરફરાટ ડુબી ગયો. બલવીરે પોતાની વજ્રગદા ઉપાડી એવા તો બેચાર સખત ઘા લગાવ્યા કે ખીલા ને મજાગરાં ઉડી પડયાં અને કડડડધ્વસ કરતો દરવાજો તુટી પડયો.

સોણામાં બનતું હોય તેમ પેલા ખારવાઓ જોઇ રહ્યા. તેઓએ જોયું કે બલવીર ફુલવાડીમાં ગયો અને સમદરપાળ જાણે એક ઝાડને અઢેલીને ઉભો. પણ સુરજનો પ્રકાશ પડતાં એ બુઢ્ઢો કોણ જાણે કયાં અદશ્ય થઇ ગયો અને તે ઠેકાણેથી એક લીલી પાતળી ગરોળી નીકળીને સુક્કાં પાંદડાંમાં દોડી ગઇ ! ભયને લીધે થરથરતા તેઓ દરવાજા આગળથી ડોકિયાં કરવા લાગ્યા. બલવીર એકલો તડકાછાયામાં થઇને ચાલ્યો જતો દેખાયો.

આગળ જતાં એક હરિયાળો પટ કમળને લીધે હાલતો દેખાતો હતો. તે પટની સાંકડી ગાળી બેશુમાર ગુલાબપાંખડીઓથી પથરાએલી હતી. પેલા બે શકરાઓ પાછળ લપાતા લપાતા અહીં સુધી

આવ્યા. અહીંના નિગૂઢ અને ભારેખમ વાતાવરણથી તેમને થઇ ગયું કે અહીંથી જીવતા પાછા જવાની આશા નથી. પરંતુ તેમના સાહસિક પ્રાણે મૃત્યુને ભેટતાં પહેલાં એ અદ્ભુત દુનિયા જોઇ લેવાનો નિરધાર કર્યો.

બલવીર તો પોતાના દૃઢ હૃદયમાં પુરી શ્રદ્ધા હોય તેમ ફુલેલચી ડાળીઓ ખસેડતો આગળ ને આગળ ચાલ્યો. પ્રફુલ્લ ચિત્તે આનંદની તેણે એક ચીચિયારી કરી.પણ એટલામાં સ્ત્રીઓના બોલ અને કાળજું હરી જાય તેવા કારમા ફુંફવાટ કાને પડ્યા.

લીલાછમ એક મેદાનમાં આરસના હોજમાંથી જલધારા પડતી હતી. હોજની વચ્ચોવચ્ચ એક કુમળા વૃક્ષની ડાળીપર ઝાકઝમાળ ત્રણ સુવર્ણફળ ઝુમી રહ્યાંહતાં.

લાંબા કેશકલાપના ઘેરમાં ઢંકાએલી ત્રણ નગ્ન દેવકન્યાઓ હાથમાં હાથ ભેરવી વૃક્ષ ફરતી ગોળાકાર ઉભી હતી. ગેલ કરતી વાદળીઓના તડકાછાયા તેમના ઉપર બદલાતા, માથે પીળાં પાંદડાંમાં પવન ફરફરતો અને હાલતા ઘાસમાં તેમના પગ આગળ રખડુ મધમાખ ગુંજી રહી હતી. અને એ કુમારિકાઓનાં કોમળ અંગો નીચેથી, ચમકતી આંખોવાળો ફેણ પસારતો ને ફુંફાડા મારતો એક ભયંકર કાળો સર્પ ઝાડના થડને વીંટળાએલો આમતેમ સળવળતો હતો.

ગદાને ટેકે ઉભીને બલવીર આ બધું સ્વસ્થતાથી જોઇ રહ્યો. એનાં નયન આતુર હતાં ને લલાટ સ્વચ્છ હતું. થોડીવાર પછી તે શાંતિથી મિત્રભાવે બોલ્યો, ‘જ્ઞાનવૃદ્ધ હેસ્પરસની ઓ કન્યાઓ ! તમે સૌ અહીં રહ્યા તો ઠીક કરી રહ્યાં છો. પણ કાળની ગતિ વિચિત્ર છે. આજ તમારે આ સુવર્ણફળો મને સોંપવાનાં છે.’

એ સાંભળી મલયાનિલ જેવા મીઠા કંઠે પહેલી કન્યા કહે, ‘અરેરે ! તને આ તે શું સુઝ્યું ? આ સ્થળ તો દેવમાનવના પરિવર્તનશીલ ચિત્તથી યે પર છે. આ તારા ઝેરીલા યમદૂત તરફ તો નજર કર. તારાં હાડકાંનું આ માટીમાં ખાતર મળી જશે. અને પછી જમાનાઓ જશે અને કોઇ કાળા માથાનો માનવી અહીં આવ્યો હતો તે ય ભુલાઈ જશે.’ એ બોલી રહી કે સાપે ફુંફવાટ કરી ફેણ માંડી.

ઉષાના સ્વરે બીજી કન્યા બોલી, ‘પૃથ્વી પર પ્રલય ફરી વળે તોપણ અમે તો આ વૃક્ષશાખાને ઓથે જ હશું. દુનિયાને મોટા લાગતા બનાવો અમારે મન ક્ષુદ્ર સરખા છે.’

લગ્નતિથિને મળસ્કે કન્યાને જગાડે એવી શરણાઇના સૂરે ત્રીજીએ કહ્યું, ‘અને કદાપિ કોઈ દેવ આ સુવર્ણફળ લે તો તેની અમરતા વણસે એવો શાપ છે. પણ તું તો મોત જ માગતો



યુગાદેશ

પ્રચંડ સામે ખડું કર્મક્ષેત્ર,
આકર્ષતું રાષ્ટ્રયુવાન નેત્ર;
આ ગર્જતો કાલપ્રવાહ વ્હે છે,
નિગૂઢ મંત્રો કંઇ એ કહે છે.

યુવાનને એ પડકાર દે છે,
યુવાનને એ નિજ સંગ લે છે;
ચૈતન્યભીના વધતા પ્રવાહે,
નિઃસત્ત્વ ડુબે, નવ કોઈ સાહે.

નવીન, દેશે, યુગધર્મ ખીલ્યો,
કહે, તમે કમ્મરને કસી લ્યો;
પ્રત્યક્ષ છે કાર્યપ્રદેશ બ્હોળો,
આદર્શ મોંઘા ત્યહીં ભાઇ ! ખોળો.

પરાક્રમી, ધીટ જ સત્ત્વશાળી,
વૃત્તિ ધરો સત્ય પ્રવૃત્તિવાળી;
સેવો સદા, નિત્ય રહો વિશુદ્ધ.
આ છે સમો, વીર ! બનો પ્રબુદ્ધ.

ચન્દ્રકાન્ત મંગળજી ઓઝા

જણાય છે. હરખશોક કે સુખદુઃખને કારણે બધું પલટાયા જ કરે છે કની ?'

બલવીર કહે, 'તથાસ્તુ. પ્રારબ્ધ મને જીવાડો કે મારો; મારા સાહસની સિદ્ધિ થયા બાદ આશિષ મળો કે શાપ મળો; તેથી કાંઇ મારું કામ ઓછું જ ભારેહળવું થવાનું છે ? અને તેમ છતાં દુનિયા મને ધિક્કાર દે, તેથી શું મારે મારું કામ છોડી દેવું ? પણ જવા દો એ વાત. તમારા એ યમદૂતને છુટો તો કરો જોઉં.'

એકાએક કાળા ધુમાડાના થંભ જેવો સર્પ પાણીના રેલા માફક સામે ધસી આવ્યો. પછી તો એ સુનકારમાં બલવીરના ધડ ઉપર ભરડો લેતા સાપના સુસવાટ કરતા લસરકા જ માત્ર સંભળાયા. ફૂંફવાટના ઝેરથી એનું સિંહચર્મ કાળુંમેશ પડી ગયું, અને એની છાતી ઉપર થઈ નાગની અણીદાર ફેણ એના મોં સામે મંડાઇ.

ભરડો ભીંસાતો જતો હતો. ઝેરની જ્વાળા કાઢતી જીભ લબકારા કરતી હતી. પણ એ તો છાતી કાઢી અક્કડ ઉભો હતો. અને પછી, દેવ જેવા બળથી, હાજાં ગગડાવી નાખે એવો તેણે એક ભયંકર હુંકાર કર્યો, અને એ નિનાદ ભેગા જ કડેડાટ સાપના મંકોડા તુટી પડયા ને તે ઢગલો થઇ ભોંયે ઢળ્યો.

આવેશથી હાંફતો બલવીર એના શબ તરફ જોતો ઉભો. પણ પલવારમાં ક્રોધ મારીને તે હસ્યો અને પેલાં સુવર્ણફળ લેવા ચાલ્યો. કન્યાઓ તો ચુપચાપ ન હલી કે ન ચાલી. બલવીરે હાથ ઉંચો કરીને પવનમાં નમતી ડાળ પકડી અને ત્રણે ફળ તોડી લીધાં.

પછી માથું ઉછાળી કપાળ પરના વાળને પાછળ કરી તે બોલ્યો, 'મધુરીઓ, આજ થકી મારી જીંદગી ઉપર શાપ પડયો છે. મને મારા ભાવિનું ભાન થાય છે. એ ઘોર ત્રાસ અને એ કપરો વિગ્રહ. . . . પણ આટલું તો હું સમજું છું કે જગત એને પંથે પળશે અને હરખશોકનો કર્મભંડાર ભરશે. હું પણ ખર્યાં પાન જેમ મારું જીવન, લોકો જેને મથામણ અન્યાય અને આપદા કહે છે તેને લાભ માનીને નભાવીશ. એટલે હું તો આ અલૌકિક સ્થળને આશિષ દઉં છું કે એ સમૃદ્ધ બનો. આ ભયંકર જનાવર મર્યું કે આ સુવર્ણફળ ગયાં તેથી અહીંની સ્થલશ્રી કંઈ ઓછી જ ઝાંખી પડી છે ? હજુ યે તમે સૌ બહેનો સુરજમુખી ફુલો પર ફરફરતી દેવચકલીઓ જોવાની મજાહ લેશો, અને આ લાવણ્યભર દેહ લઇ તમે કુદરતમાં ફરતાં હશો ત્યાં તો સૂર્ય પણ અસ્ત પામ્યા વગર ફરી પાછું સવાર પાડશે. આજની યાદગીરીમાં આ મારો કમરબંધ સ્વીકારો. એ તમારાં સુખ અને સૌન્દર્ય જેમ સદા અખંડિત રહેશે. અને પછી, કોઇવાર, જ્યારે તમે ફુલકુંજમાં બેઠાંબેઠાં ભૂતકાળની વાતો માંડો ત્યારે દરિયાપારથી આવેલા જ્યૂપિટરના આ કુમારને યાદ કરવા ન ચુકશો.'

માયા, આશા અને પ્રેમભરી સંભાળ માગતી હોય એવી દૃષ્ટિથી ત્રણે કન્યાઓ, કશા જ વિકાર વગર, એક પણ શબ્દ વગર, તેની સામે અનિમિષ જોઇ રહી. બલવીર તો સિંહચર્મમાં સુવર્ણફળ નાખતો કે ત્યાંથી ઉપડયો.


પેલા બે ખાપરાકોડિયાઓ કૌતુકભેર આ બધું જોઇ રહ્યા હતા, તે હવે બલવીરને પાછો વળતો જોઈ ઉભી પુંછડીએ ભાગ્યા. જે થડને અઢેલી વૃદ્ધ સમદરપાળ ઉભેલો અને જ્યાંથી અચાનક તે ગેબ થઇ ગએલો ત્યાં આગળ તેઓએ એક આંધળી છછુંદરને દરની શોધમાં ભટકતી જોઇ. પણ તેને લેખવ્યા વિના તેઓ નાઠા અને પોતાના સાથીઓને મળી કહ્યું કે ફીકર ન કરો, હેમખેમ આપણે દેશમાં તો પહોંચીશું. એટલામાં તો બલવીર અને સમદરપાળ નજીક આવતા દેખાયા. પેલા બે ખારવાઓ તો વૃદ્ધ સમદરપાળને જોડે જોઇ આભા જ બની ગયા !

વહાણમાં બેસતાંવેંત વૃદ્ધે જણાવ્યું કે 'ભાઇઓ, પવન અનુકુળ છે માટે ઝટ લંગર ઉપાડો; અને આ જાદુઈ જગ્યા પર વધુ રહેવું પણ સલામત નથી.'

ત્યાં તો પૃથ્વી પરનો વાયુ છુટયો, ઝાડની ટોચો ડોલવા લાગી, વહાણના સઢ ફડફડી ઉડયા અને સૌને ચહેરે ઉમંગ અને આનંદ તરવરી ઉઠયો.

[૪]

પહેલાંની માફક ડોસાએ વળી પાછી વાતો માંડી. છટ્ઠે દહાડે તેણે એક અદ્ભુત વાત ચલાવી: "આ કળજુગમાં પણ, ભાઇઓ, ચમત્કાર નથી બનતા એમ નથી. હું તમને એક હેરત કરે તેવી વાત કહું. એ વાત તમે તમારાં સંતાનોને કહેશો તો તેઓ પણ ભવિષ્યના ભડવીર થશે. માટે ધ્યાન દઇને સાંભળો;



મેસીનાથી ઉપડેલા વહાણને ટાયરને બદલે સાગરદેવ હેસ્પેરસની વાડી તરફ ઘસડી ગયો અને ત્યાં હર્ક્યુલિસનું પરાક્રમ પુરૂં થતાં તેને પાછું ટાયર પહોંચાડયું તે માર્ગ.

અને ઘેર જાઓ ત્યારે કહેવાને રખે ભુલતા.

આ ધરતીના પડ ઉપર એક વીર વસે છે. પિતા જ્યૂપિટર અને માતા આલ્સીમીનાનો તે પુત્ર, ને નામ એનું હર્ક્યુલિસ. * અસંખ્ય પરાક્રમો આજ લગીમાં તેણે કર્યા છે. વિધિયોગે તેને રાજા યુરસ્થીઅસની ગુલામીનો શાપ પડ્યો. બાર વરસમાં બાર મહાસાહસ પાર પાડવાની રાજાએ તેને આજ્ઞા કરી. એમાંનું અગિયારમું સાહસ હેસ્પેરસની વિજન વાડીમાંથી ત્રણ સુવર્ણફળ લાવવાનું હતું.

એક વાર વિચારમાં ગરકાવ થઇને તે સમુદ્ર તીરે ફરતો હતો. સાગરનો ઓટ થયો હતો ને રેતીનો પટ વેરાન પડ્યો હતો. વચ્ચે માત્ર ભુરી ટેકરીઓ દેખાતી હતી. આશ્ચર્યચકિત તેણે ઉંચે જોયું તો એ રણપ્રદેશમાં વિચિત્ર ને ભાતભાતનાં જલચરો ભરનીંદરમાં ઘોરતાં દીઠાં. એ સઘળાંની વચ્ચે એક વૃદ્ધ પડ્યો હતો. તેની આસપાસ પોપટિયા રંગનાં પારદર્શક જલવસ્ત્રો પહેરેલી, મણિજડિત કટિમેખલાવાળી પાતાળપરીઓ ગોઠવાઇ ગઇ હતી.

સાવધાન પગલે હર્ક્યુલિસ આગળ વધ્યો અને એ નીંદરતા સમુદ્રદેવ સન્મુખ જઇ ઉભો. પલવાર તો પેલી જલપરીઓના સૌન્દર્યની ચોટ એને લાગી; પણ બીજી જ પળે તેના મુખ ઉપર વીરભાવની છટા ખીલી નીકળી. વૃદ્ધને ઓળખીને એણે કહ્યું, 'સાગરના દેવતા ઓ નીરીઅસ! ઉઠ, આવી જા. હું હર્ક્યુલિસ દ્વન્દ્વયુદ્ધ માગું છું.' આટલું કહી ધબાક લઇને તેણે એના ઉપર પડતું મુક્યું. નીરીઅસ તો ચીસ પાડી ઉઠ્યો. જલસુંદરીઓ અને પ્રાણીઓ પેટે ચાલીને જલધિનાં મોજાંમાં ભળી ગયાં. માત્ર એ બે જ જણ સાગરને કાંઠે લડવા લાગ્યા.

થોડી વારમાં જ જલદેવ જાણી ગયો કે હરીફ સામે બલમાં ટકાય તેમ નથી; એટલે તે જાદુઇ બાજીના ખેલ કરવા માંડ્યો. ક્યારેક તે ચિત્તો થઇ જાય; ક્યારેક બાઝી પડતું રીંછ; ક્યારેક આકાશપંખી ને ક્યારેક સર્પરૂપી કાદવની માછલી બની જાય. જેવો હર્ક્યુલિસ માછલીને મજબુત પકડતો કે તરત તે મોટો જળધોધ થઇને પડતો; તેમાંથી વળી પીળી ધમરક આંખો વાળો લીલો કાચ અજગર બની જતો; અને પછી સાપ અલોપ થઇને નાનીશી માખી, ને માખીમાંથી આભવરતીને એક કરે તેવો અગ્નિભડકો થઇ ઉઠતો. પણ એ સૌને હર્ક્યુલિસ કળાકૌશલ્યથી પટકી દેતો. અંતે અદૃશ્યમાંથી શબ્દ સંભળાયા, 'બહાદુર દોસ્ત! તું જીત્યો. પણ તેનો મને અફસોસ નથી. બોલ, હું તારૂં શું પ્રિય કરૂં?' એટલું કહેતામાં તો ભડકો ગયો અને તેમાંથી એક વૃદ્ધ નીકળ્યો.

થાકેલા જેવો તે રેતીમાં બેઠો ને બોલ્યો, 'હું તારી વાતથી વાકેફ છું. ચાલ, ટાયર શહેરનું એક વહાણ હમણાં જ ઉપડે છે. આપણે તેમાં બેસી જઇએ. એ વહાણ મારી મરજી મુજબ વળશે.' આટલું સાંભળતાંમાં તો લાલચોળ થઇ ગએલો હાંફતો હર્ક્યુલિસ ખુશમિજાજમાં બેઠો થયો અને બંને જણ ચાલતા ચાલતા જહાજવાળા વેપારીઓને જઇ મળ્યા. અરેરે, બીચારા ધનલોલુપ વેપારીઓ! એમને શી ખબર કે એમનાં વહાણ તુટી ગયાં હોય, એમના સઢ ફાટી ગયા હોય, અને ચિંતાતુર સગાંવ્હાલાં વાટ જોઇ રહ્યાં હોય એવી દરિયાઈ સફરમાં પણ તેમને એક વિશ્વાસુ જીગર છે;—જો તેઓ પોતાના પ્રવાસને અંતે છેલ્લી ભૂશિરે—જ્યાં સમુદ્રજળે ખારા થએલા

* હર્ક્યુલિસની ટુંકી કથા આ અંકની માધુકરીમાં આપી છે.

પત્થરો ચાટતાં કાળાં મેઢાં ભટકતાં હોય ત્યાં–માયાળુ સાગરદેવ નીરીઅસના સ્મરણાર્થે એક મંદિર બાંધે તો.”

ઘેરાતી રાતના મંદ વાયુ જેવા ડોસાના આ છેલ્લા શબ્દો ખલાસીઓ નિઃસ્તબ્ધ ચિત્તે સાંભળી રહ્યા. ડોલની આજુબાજુ ધોળી લાંબી પાંખવાળાં પક્ષીઓ કળેળાટ કરવા લાગ્યાં હતાં, અને . . . જુએ તો તેમની આતુર નજર આગળથી બુઢ્ઢો અલોપ થયો હતો! તેને ઠેકાણેથી એક સુંદર જળકુકડી તેમને ઉડી જતી દેખાઇ!

[૫]

ભાન ભૂલ્યા જેવા સૌ હવે પેલા જુવાન તરફ ફર્યા. અને જુવાન નરમાશથી બોલ્યો, ‘ મિત્રો, મારા સાહસની સિદ્ધિમાં તમે સહાય કરી છે તેમાં કશું બુરૂં નથી. મેં જેમનું યત્કિંચિત પણ કલ્યાણ કર્યું છે તે દુનિયાનાં લોક મારૂં ભુજબળ અને હૃદયબળ કેવુંક છે તે સમજે છે. . . . પણ હવે અગ્નિ પ્રકટાવો અને એ સર્વવ્યાપી પૂજ્ય સાગરદેવની સ્તુતિ કરો.’

સૌએ સમુદ્રદેવનું પૂજન કર્યું અને પત્રપુષ્પ સરખું નૈવેદ્ય ધર્યું. હર્ક્યુલિસને પણ તેઓએ એ જ રીતે પૂજ્યો હોત. પણ તે હસીને બોલ્યો, ‘ ના રે ના; હજુ હું પાર નથી પામ્યો. હજુ સ્વૈર આચાર અને સુખદુઃખ જીતી નથી શક્યો. કોણ જાણે છે, પણ કદાચ એમે ય બને કે જે સ્વર્ગીય દેવગિરિ પરથી હું ઉતરી આવ્યો છું ત્યાં પાછો પહોંચું અને એ ઉચ્ચ શિખર પરથી મારી આ મનોરમ લીલાભૂમિ ભાળું. જ્યારે મારી સર્વ કામનાઓ શમી હશે ત્યારે આ વીર હૃદયના અભિલાષ પુરવા જેટલું મારામાં સામર્થ્ય હોય. પણ, પણ—એ દિવસની આડે હજી ભીષ્મ કર્મયોગનો એક આખો ભવ ખડો છે.’

અને સુખરૂપ સફર કરતા તેઓ ટાયર શહેર પહોંચ્યા. ત્યાં સૌ શ્રોતાઓને તેમણે સમુદ્રદેવનો મહિમા સંભળાવ્યો, અને પૂર્વાભિમુખ એનું મંદિર બાંધી બલિદાન ચડાવ્યાં.

[વિલિયમ મોરિસના કાવ્ય પરથી] **દેશળજી પરમાર**

આ અંકનું મુખચિત્ર

ઇંગ્લંડના જગવિખ્યાત કલાકાર સર ફ્રેડરિક લેઇટનની સબળ કૃતિ છે. લેઇટન માત્ર સમર્થ ચિત્રકાર જ નહિં, પણ કુશળ મૂર્તિકાર પણ હતા, એની આ અદ્ભુત નમુનો સચોટ પ્રતીતિ છે. માનવશરીરની આંતરબાહ્ય રચના તથા ક્રિયાનું અથાગ જ્ઞાન અને સ્નાયૂઓનાં ખેંચાણ તથા વેગ સંપૂર્ણ સ્વરૂપમાં બતાવવા માટે કલાકારે આ શિલ્પ ઘડ્યું છે. પણ મહાન કલાકારની કૃતિ ગૂઢ પ્રયોજન વિના હોતી નથી. આમાં પણ આપત્તિ અને લાલસા સામેનું મનુષ્યનું સનાતન યુદ્ધ ધ્વનિત થાય છે.

એક ભયંકર વિષારી કાળસર્પે મનુષ્યને ભરડામાં લીધો છે; પણ તેના કંઠને રૂંધવા કે ડંસવાને એ છેલ્લી ઝપટ મારી શકે તે પહેલાં તો મનુષ્યે પોતાનું બધું બળ બહાર કાઢી જીવનનો છેલ્લી વારનો સબળ પુરુષાર્થ ઉઠાવ્યો છે, ને અંગના અણુએ અણુનું બળ હાથમાં એકાગ્ર કરી દુશ્મનનું ગળું સજ્જડ પંજામાં લઈ છાતી પર આવતો ભરડો ઉખેડી દૂર કર્યો છે. આ પળથી યુદ્ધનું પરિણામ બદલાતું જણાય છે. એ યુદ્ધ સમયનાં જે ભીષણ બળ, નિશ્ચલતા ને ચોટનું વિરલ દર્શન મનુષ્યના ચહેરા પર છે એનું વર્ણન શબ્દોમાં અશક્ય છે.

સર્પનું ગળું રૂંધાતાં તેની ગતિ શિથિલ થાય છે, ને એનો લાભ લઇ મનુષ્યનો બીજો હાથ ભરડો નરમ પાડવા શક્તિમાન થાયછે. આપણે કહી શકીએ કે પુરુષાર્થનો વિજય સમીપ છે.

આવી સબળ કલાકૃતિ ઉપર પણ ઇંગ્લંડના એ વખતના કલા-તકિઁકોએ ઝગડો ઉઠાવ્યો હતો. કોઇએ કહ્યું કે આટલા પ્રબળ સર્પ સામે યુદ્ધ કરવાની મનુષ્યશરીરમાં કુદરતી તાકાત જ હોઈ શકે નહિ. કોઇ કહે આ કૃતિનો ઉદ્ભવ સર લેઈટને માનવઅંગના સ્નાયુઓનાં જ્ઞાનની પોતાની કુશળતા દર્શાવવા જ માત્ર કર્યો છે. પણ બધા એટલું તો કબુલ કરે જ છે કે મનુષ્યમાં ન હોઇ શકે એટલું બળ આ મૂર્તિમાનવમાં તો સર લેઇટને સફળતાથી ઉતાર્યું જ છે. કસાએલું સ્નાયુબદ્ધ લોખંડી શરીર પણ પલવાર તો હાર ખાઇ જાય એવું લાગે, પણ સાથે જ મનુષ્યમાં રહેલા આત્મબળ અને વિકટ પ્રસંગે સ્થૂલ શરીરમાં ઉભરાતાં તેનાં પૂરનો મહીમા ભુલી જવાનો નથી.

વિપત્તિઓ ને લાલસાઓ રૂપ ઘણા યે ભયંકર સર્પો વિશ્વમાં છે, અને તે માનવીને કોઈપણ પળે પોતાના ભરડામાં લેવાના જ. એ વખતે મનુષ્ય સાવચેત ને સજ્જ હોય તો જરૂર તેના પુરુષાર્થની સહાયે આત્મબળ આવવાનું જ; અને અવશ્ય તેનો વિજય થવાનો જ.

અધ્યાપક

જદુનાથ સરકાર

હિંદુસ્તાનના વિદ્યાર્થીઓનાં દુર્ભાગ્ય છે કે તેઓને પોતાની જન્મભૂમિનો ઇતિહાસ પારકી આંખે જોવાએલો, પારકે ત્રાજવે જોખાએલો અને ગૌરવશૂન્ય શૈલીમાં લખાએલો પાઠ્ય પુસ્તક રૂપે મગજમાં ઠાંસવો પડે છે. ભારતના ભૂતકાળની અનેકાનેક વાતો આજે ઇતિહાસની દૃષ્ટિથી સંશુદ્ધ કરી આપનારા સમર્થ ભારતીય વિદ્વાનો મોજુદ હોવા છતાં એક વખતના રૂઢ થઈ ગએલા, અનેક દોષોવાળા, સાહેબશાહી ઇતિહાસો અંગ્રેજીમાં તથા પ્રાંતિક ભાષાના અનુવાદો રૂપે હજુ આપણી ઉગતી પ્રજાનું માનસ ભંભેર્યા કરે છે. નથી હોતી તેમાં ભારતીય સંસ્કૃતિ કે સંસ્કારની લાગણી, નથી હોતી તેમાં ભારતીય નરરત્નો માટે માનદૃષ્ટિ કે નથી હોતું તેમાં સ્વદેશનું ગૌરવ. ‘કલકત્તાના કારાગ્રહ’ જેવી ઠોકી બેસાડેલી ઘણી વાતો વિદ્વાનોએ ઇતિહાસની દૃષ્ટિથી ખોટી સાબીત કરી આપી છતાં આપણા એ ઇતિહાસો હજી જેવા ને તેવા અચળ રહ્યા છે.

એ ઇતિહાસોમાંથી જે શિવાજીને લુટારા તરીકે અને જે ઔરંગઝેબને ધર્માંધ જુલમી બાદશાહ તરીકે આપણાં બાળકો માનતા થાય છે એ જ ઔરંગઝેબ અને શિવાજી વિષે સાચી ગૌરવભરી માહીતીવાળા, જાણે દિવસેદિવસની હકીકત નજરે જોઇને લખી હોય એવી બારીક ચોકસાઈવાળા તેજસ્વી ઈતિહાસગ્રંથો, ભારતીય વિદ્વાન જ્ઞાનવર્ચસ અધ્યાપક જદુનાથ સરકારે જગતને આપ્યા છે. એ સમર્થ ઇતિહાસવેત્તાના ગ્રંથો આપણને આપણાં દેશ, જનતા અને સંસ્કૃતિ માટે ગૌરવ અને ઉર્ધ્વદૃષ્ટિ આપે છે. એટલી સમતાથી એઓ ભૂતકાળ અવલોકે છે ને પ્રત્યેક વિગત એટલી ચોકસાઈથી તપાસીને તેને યોગ્ય રીતે સાંકળે છે કે એ વાંચતાં જાણે ઈતિહાસના એ કાળમાં જ આપણે જીવતા હોઇએ એમ લાગે છે.

અ૦ સરકાર આજે માત્ર હિંદમાં જ અગ્રગણ્ય વિદ્વાન ગણાય છે એમ નથી; જગત આખાના ઇતિહાસવેત્તાઓમાં એમને બહુ ઉચ્ચ સ્થાન છે. નીચેના એમના નાનકડા પરિચયથી સમજાશે કે એ સ્થાન મેળવતાં એમણે કેટલો સંયમ, કેટલું તપ ને કેટલી એકાંત ઉપાસના સેવ્યાં છે.

કરચમડિયા ગામ બંગાળની ઉત્તરે રાજશાહી જિલ્લામાં નાટોરના સ્ટેશનથી દસ માઇલ દૂર આવેલું છે. આજથી અરધી સદી ઉપર એ ગામમાં એક નાના કાયસ્થ જાગીરદાર રહે: બાબુ રાજકુમાર સરકાર. એ વિદ્વાન, સંસ્કારી અને પ્રતિષ્ઠાવાન પુરુષ હતા. કલા અને ઇતિહાસ માટે તેમને અનહદ પ્રેમ હતો; એટલો કે દેશને એક આઘે ખુણે પોતે પડ્યા છતાં, પચાસ વરસ પહેલાંના એ જમાનામાં પણ ઈંગ્લંડનું ‘ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ’ એ મંગાવતા અને કૅસલ કંપની તરફથી નીકળતું અગ્રગણ્ય ‘કલા માસિક’ એમણે ચાલુ રાખ્યું હતું. પૂર્વની કલા તરફ પણ તેમનો અતિશય પ્રેમ હતો, અને અત્યારે દુર્લભ થઈ પડેલા, બર્જેસના લખેલા પૂર્વના સ્થાપત્યના ગ્રંથો તથા ગ્રીગ્ઝ કંપનીવાળાં શિલ્પકળાનાં મોટાં સુંદર આલ્બમો એમના

ગ્રંથસંગ્રહમાં એમણે કાળજીથી સંઘર્યાં હતાં. દેશદેશના ઇતિહાસગ્રંથો એમનું માનીતું વાંચન હતું. નવલકથાને તો એ કદિ હાથ સરખો યે અડકાડતા નહિ.

આવા સંસ્કારી, વિદ્વાન ને કલા તથા ઇતિહાસપ્રેમી પિતાને ત્યાં ૧૮૭૦ના ડિસેમ્બરની ૧૦મી તારીખે ભારતનો ભાવિ સમર્થ ઇતિહાસવેત્તા અવતર્યો. જદુનાથના જન્મ અને સંસ્કારની ભૂમિકા કુદરતે જાણે અગાઉથી જ કરી રાખી હતી. સાદું એકાગ્ર જીવન, ચુસ્ત રીતભાત અને સરળ રહેણીકરણીનો પિતાનો અણીશુદ્ધ વારસો જાણે પુત્રમાં ઉતર્યો હોય એમ, જદુનાથ નાનપણથી જ સરળતાની મૂર્તિ હતો. રમતિયાળપણું કે કુદાકુદ, સ્વચ્છંદ વર્તન કે તોફાન—કશું જ એનામાં ન મળે. વાંચતાં આવડતું ગયું તેમતેમ, પહેલાં પિતાનાં ચિત્રોનાં પુસ્તકો અને પછી ઇતિહાસના ગ્રંથો એણે જોવા ને વાંચવા માંડયા. ધીમેધીમે પિતાની આખી અભરાઇ અને કબાટો ખલાસ થયાં. બધાં ચોપાનિયાં જોવાઈ ગયાં, બધાં સુલભ પુસ્તકો વંચાઈ ગયાં.

રાજશાહીની કૉલેજમાં અંગ્રેજી અભ્યાસ કરી જદુનાથે સોળમે વર્ષે એન્ટ્રન્સ (મેટ્રિક)ની પરીક્ષા માન સાથે પસાર કરી. એ વર્ષે પાસ થએલા સર્વ વિદ્યાર્થીઓમાં એનો નંબર છઠ્ઠો હતો અને તેને 'પ્રમથનાથ પારિતોષિક' મળેલું.

ઉપર જોયું તેમ નાનપણથી જ રમતગમતથી અલગ રહેલા જદુનાથનું શરીર આ વય સુધી નબળું રહ્યા કર્યું. પણ ૧૮મે વર્ષે તેના જીવનમાં એક અગત્યનો ફેરફાર થયો અને વ્યાયામે તેના જીવનક્રમમાં પ્રવેશ કર્યો. એ હકીકત તો એમના પોતાના નીચલા શબ્દોમાં જ સાંભળવા જેવી છે.

'૧૮ વરસનો થયો ત્યાં સુધી તો ઉત્તર બંગાળમાં મારા વતનમાં રહ્યો અને ભણ્યો; તે દરમ્યાન હું દર વરસે બે અઢી મહીના તો મેલેરિયાથી પટકાતો જ. પણ ૧૮૮૯ના જુનમાં હું કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં ત્રીજા વર્ષમાં દાખલ થયો અને ઇડન હિન્દુ હૉસ્ટેલમાં જોડાયો ત્યારથી આ સ્થિતિ ફરી ગઇ.

અમારી હૉસ્ટેલના કમ્પાઉન્ડમાં જ એક સારૂં જેવું ફુટબૉલનું મેદાન હતું. અત્યારે બંગાળ ફુટબૉલમાં મોખરે છે તેવું એ વખતે નહિ; માત્ર થોડીથોડી શરૂઆત થએલી. અમારી હૉસ્ટેલના મેદાનમાં ફુટબૉલ રમાતો. તેમાંનો સૌથી અચ્છો ને કુશળબાજ ખેલાડી સુરેશચંદ્ર ચક્રવર્તી ને હું બંને એક ઓરડીમાં રહીએ. એ ભાઈ હમણાં જ 'રાય બહાદુર'નો ખિતાબ મેળવી બિહારના ડેપ્યુટી મૅજિસ્ટ્રેટના હોદ્દાપરથી ફારગ થયા છે. એણે મને ફુટબૉલ રમવા લલચાવ્યો ને રમતાં શીખવ્યું. ખરૂં કહું તો એણે મારી જીંદગી બચાવી.

કેમકે કલકત્તામાં મારા એ પહેલા જ વરસના આખા વસવાટ દરમ્યાન મને મેલેરિયાનો માત્ર એક જ હુમલો થયો—ત્રણ દિવસનો. તે આજની ઘડી ને કાલનો દહાડો. ત્યાર પછી મેં ભારેભારે આકરી પરીક્ષાઓને માટે જીવતોડ મહેનતો કરી છે, પણ મારૂં માથું સરખું યે નથી દુખ્યું. ઉલટો હું મજબુત ને ખડતલ બન્યો અને લેશમાત્ર થાકયા વિના કલાકોના કલાકો સુધી ભેજાં પાકી જાય એવી મહેનત કરવાની શક્તિ મેળવી.

વરસ આખું યે અમે ફુટબૉલ રમતા. અમારામાંના એક ભાઈ સાહેબે (જે અત્યારે ઢાકાના એક સારા જમીનદાર છે) તો 'મધરાતિયા મંડળી' કાઢેલી. અમે કેટલાક જણ વાળુ કરીને વાંચવા બેસતા, તે ઠેઠ મધરાત સુધી. અને પછી બારનો ટકોરો થાય એટલે ચોપડીઓ બંધ કરી હૉસ્ટેલના મેદાનમાં ઉતરી પડીએ ને પાએક કલાક તદ્દન ચુપકીદી અને શાંતિથી ફુટબૉલ ખેલીએ. આ રમતથી અમારાં થાકેલાં મગજને બહુ વિશ્રાંતિ મળતી અને ત્યાર પછી અમે મીઠી ઘેરી નીંદર ભોગવતા.

પણ દુનિયામાં બધી જ સારી વસ્તુઓનું આવરદા બહુ ટુંકું હોય છે. એક દહાડો મધરાતે અચાનક અમે રમતા હતા તે જ ટાણે હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટનું બારણું ઉઘડયું, રમતના મેદાનપર તેમની બત્તી પ્રકાશી . . . . અને અમારી મધરાતિયા મંડળી ભાંગી પડી. કોઈ અદેખાએ ચાડી ખાધેલી.

આ તો બધું ફુટબૉલની રમતનું જમા પાસું. એનું ઉધાર પાસું પણ છે. એક વખત બરોબર બી. એ. ની પરીક્ષાને બે જ માસ હતા એવામાં રમતમાં મારૂં ગળાનું હાડકું ભાંગી ગએલું ને મારે ત્રણ અઠવાડિયાં પથારીવાસ કરવો પડેલો.


પણ એથી કંઇ વ્યાયામનો મહીમા ઘટતો નથી.



ચાંદની

જાપાની દૃશ્ય

જાપાની ચિત્રકળામાં કુદરતી દૃશ્યો કોઇ નવીન પ્રેરણાથી ચીતરાતાં લાગે છે. જાપાની ચિત્રકાર કુદરતની સામે બેસી તેની આબાદ નકલ ઉતારતો નથી; પણ તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી, મનમાં તેનો આખો ય ઉઠાવ ધારણ કરી પછી સ્મૃતિ અને કલ્પનાના બળથી પુનઃ નવી સૃષ્ટિ રૂપે તેને આલેખે છે. ઉપલું જ ચિત્ર જુઓ. બે મોટા પહાડ વચ્ચે ઉંચે પુલ બાંધ્યો છે તે મુખ્ય વસ્તુ છે; અને ઘણે નીચે, જાણે કોઇ અનંત પ્રદેશમાં વહેતી નદી પહાડ નીચેનાં ગામડાંને સ્પર્શતી આંખ સામે પથરાય છે. હલકાં વજનનાં હોડકાં એનાં જલ પર ઝુલી રહ્યાં છે; પુલની રચનાનો વળાંક, પહાડની કોરાણે ઉગેલાં ઝુમતાં ઝાડો તથા ઉપરનાં ઘરો, બધું નીચેના દૃશ્યની જોડે સમતાલ લેતું કોઈ જાદુગરની સૃષ્ટિ જેવું લાગે છે; અને એ બધા વચ્ચે પ્રકાશતું ચન્દ્રબિંબ કોઇ પરીના મોં જેવું શોભે છે. આ બધું એવી સુસંગતતાથી રચાયું છે કે આખું ચિત્ર કવિતાનો કોઈ અખંડ છંદ હોય એમ લાગે છે.



સિદ્ધક્ષેત્ર શત્રુંજય

કાઠિયાવાડમાં પાલીતાણા શહેરની પાસે આવેલો શત્રુંજયનો ડુંગર જૈન ધર્મનું એક મહાન તીર્થ છે. જૈન માન્યતા એવી છે કે પહેલા તીર્થંકર **શ્રી ઋષભદેવજી** ત્યાં ઘણીવાર જઇ આવ્યા છે ને તેથી એ સ્થળ પવિત્ર બન્યું છે. એ પર્વત અનાદિ છે ને અનંતકાળમાં શાશ્વત છે એવી ધાર્મિક માન્યતા છે. મહારાજા અશોકના પૌત્ર સંપ્રતિએ ત્યાં મંદિરો બંધાવેલાં; પણ અત્યારે તો એ મંદિરોનું નામ-નિશાન પણ નથી. હાલનાં મંદિરો ગુજરાતના ચાલુક્ય રાજાઓના સમયમાં બંધાવાં શરૂ થયાં એમ ગણાય છે. ગુર્જર નરેશ પરમ ભટ્ટાર્ક મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળ ત્યાં ગએલા. કુમારપાળે તો ત્યાં મંદિર પણ બંધાવેલું. જે જે સંઘ ત્યાં યાત્રાર્થે જતો તે દરેક ત્યાં મંદિર બંધાવતો. આથી આજે ત્યાં એટલાં મંદિરો છે કે એ દેવગિરિ મંદિરોના નગર સમો શોભે છે. હિંદુસ્તાનના કોઇ પણ પર્વત પર એટલા સંઘો નહિ ગયા હોય અને આટલાં મંદિરો તથા તે પાછળ આટલો ખર્ચ પણ નહિ થયો હોય. શત્રુંજય એ ગુજરાતનું એક પરમ દર્શનીય સ્થળ છે.



અધ્યાપક જદુનાથ સરકાર

કૉલેજ છોડીને અધ્યાપક થયા પછી હું ફુટબૉલ ન રમી શકતો તે વેળાએ પણ મેં 'ઇલિયટ ફુટબૉલ શીલ્ડ'ના સેક્રેટરી તરીકે તથા અનેક મૅચોમાં 'રીફરી' તરીકે રહીને જુવાનિયાઓને ઉત્તેજન તો દીધા જ કર્યું છે. ઉમરે પહોંચ્યા પછી એ રમતની ઝહેમત વેઠવા જેવી સ્થિતિ ન રહી ત્યારે પણ વ્યાયામ મેં ત્યજ્યો નથી જ. એક નહિ તો બીજી રીતે પણ ચાલુ રાખ્યો છે;—નાનીનાની રજાઓમાં રાજગિરિ, ગયા, શેષરામ, પારસનાથ વગેરે ટેકરીઓના પ્રવાસો કરીને તથા દીવાળીની લાંબી રજાઓમાં માળવા, રજપુતાના, દિલ્હી અને દક્ષિણમાં મરાઠી પ્રદેશમાં મારી ઐતિહાસિક યાત્રાઓ કરીને. આ વ્યાયામને જ પ્રતાપે અત્યારે પંચાવન વર્ષની ઉમરે પણ હું જાતે નરવો રહી શક્યો છું, અને મગજનું કામ કરનારા ઘણાખરા (ગોખલે જેવા) હિંદી મહાન પુરુષો જે રોગ અને મૃત્યુના ભોગ થઇ પડે છે તેમાંથી બચી શક્યો છું.'

કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી ૧૮૯૧ માં અંગ્રેજી અને ઇતિહાસના વિષયો લઇ તેમણે બી.એ. ની પરીક્ષા પસાર કરી અને માસિક રૂ. ૫૦ની શિષ્યવૃત્તિ (સ્કૉલરશિપ) મેળવી. બીજે જ વર્ષે તેઓ અંગ્રેજી સાહિત્યનો વિષય લઇ એમ.એ.ની પરીક્ષામાં બેઠા, અને પહેલા વર્ગમાં પહેલે નંબરે આવી રૂ. ૧૦૦નું ઇનામ તથા સોનાનો ચાંદ મેળવ્યાં. એ પરીક્ષામાં નિબંધ માટે તેમણે સેંકડે ૯૫ ટકા માર્ક મેળવ્યા. કલકત્તા યૂનિવર્સિટીની એ પરીક્ષામાં એટલા ઉંચા માર્ક હજી સુધી કોઇએ મેળવ્યા નથી.

તરત તેઓ કલકત્તાની રિપન કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક નીમાયા. અંગત અભ્યાસ તો હજી પણ ચાલુ જ હતો. ૧૮૯૭માં તેમણે પ્રેમચંદ રાયચંદની અંગ્રેજી અને ઇતિહાસની વિખ્યાત પરીક્ષા પસાર કરી સાત હજાર રૂપિયાનું ઇનામ મેળવ્યું.ઉપરાંત કલકત્તા યૂનિવર્સિટી માટે 'ઔરંગઝેબના સમયનું હિંદુસ્તાન, તેની હકીકત અને ભૂગોળ' નામનું એક મૌલિક પુસ્તક લખી 'પ્રેમચંદ રાયચંદ સ્કૉલર'ની માનવંતી પદવી પામ્યા.

૧૮૯૮માં તેઓ સરકારી કેળવણી ખાતામાં જોડાયા અને તેમને પટણા કૉલેજમાં ઇતિહાસના અધ્યાપકની જગ્યા મળી. અહીં તેઓ જે ૧૯ વર્ષના લાંબા ગાળા સુધી રહ્યા તે દરમ્યાન કૉલેજના કામ ઉપરાંત એમણે બાકીનું ખાનગી જીવન પણ અત્યંત અભ્યાસપરાયણ ગાળ્યું. કલકત્તા કૉલેજમાં ભણતા વિદ્યાર્થી જદુનાથની એક અંતરની મહત્ત્વાકાંક્ષા હતી કે હિંદુસ્તાનનો એક સવિસ્તર અને પ્રમાણભૂત ઇતિહાસ રચવો. એ મહત્ત્વાકાંક્ષા પાર પાડવાનો અનુકુળ યોગ એમને પટણાના શાન્ત અધ્યાપકજીવનમાં સાંપડ્યો.

દિવસરાત એમણે ઇતિહાસનું અન્વેષણ સતત ચાલુ રાખ્યું. રાતના બાર વાગ્યા સુધી એમનો દીવો બળતો જ હોય. આ કડક સાધના માટે એમણે સમાજના જલસા, મેળાવડા, ઓળખાણો, વિનોદો—બધાનો ભોગ આપ્યો છે; કેવો તે એમના નીચેના શબ્દો પરથી સમજાશે. એમણે ઓગણીસ વર્ષના અધ્યાપકજીવન પછી પટણા પહેલી વાર છોડ્યું ત્યારે ત્યાંના લોકોએ એ પ્રસંગને અસાધારણ ગણીને એમને પ્રજા તરફથી માનપત્ર આપેલું. એનો જવાબ વાળતાં એ બોલેલા કે

'મારા ઓગણીસ વર્ષના અહીં કરેલા કાર્ય સંબંધી વિચાર કરતાં, આ પટણા શહેર છોડતી વખતે મને દિલગીરી સાથે માલુમ પડ્યું છે કે મારી સામાજિક ફરજો બજાવવામાં હું તદ્દન નિષ્ફળ નીવડ્યો છું. ખરૂં છે કે મેં કૉલેજમાં અથાગ કામ કર્યું છે, હિંદના ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રદેશમાં ઘણી જ

શોધખોળો કરી છે, આ કાર્યો કરવા સારૂ રાત અને દિવસ મેં સરખાં જ ગણ્યાં છે તથા રજાઓના દિવસમાં પણ મેં આરામ ભોગવ્યો નથી;—આ બધું મેં કર્યું તે ખરૂં, પરંતુ સંસ્કારી સમાજમાં અન્યોન્ય વ્યવહાર માટે જે સામાજિક ફરજો મારે બજાવવી જોઇએ તે હું બજાવી શક્યો નથી.

હું કોઇપણ ગૃહસ્થને ઘેર મળવા સરખો પણ જઇ શક્યો નથી, કે નથી કોઇપણ જાહેર મેળાવડામાં પણ હાજર રહી શક્યો. આનું પરિણામ એ આવ્યું છે કે અત્રેના કોઇપણ મનુષ્યની ઓળખાણમાં હું નથી આવી શક્યો. મહાન પુરાતત્ત્વવેત્તાઓ, હિંદના ઇતિહાસના તનતોડ અભ્યાસીઓ,સાહિત્યપ્રેમી જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ અને મારા અંગત મિત્રો સિવાય બીજી કોઇપણ વ્યક્તિના સહવાસમાં હું નથી આવ્યો. આનું કારણ આપ રખે એમ માનો કે હું મનુષ્યદ્વેષી છું. ખરૂં કારણ એ છે કે મારા પોતાના કામ આગળ મને લેશમાત્ર અવકાશ નથી રહ્યો; અને મારા આ દોષને માટે હું આપ સૌની ક્ષમા માગું છું. અહીં મને મારૂં ખાસ કાર્ય કરવાનો ઘણો જ ઉત્સાહ મળ્યો છે. જોકે મેં ફારસી ભાષાનો અભ્યાસ અત્રે આવ્યા પહેલાં કર્યો હતો, પરંતુ તે અભ્યાસનો ઉપયોગ સ્વતંત્ર ઐતિહાસિક કાગળપત્રો દસ્તાવેજો તેમજ હિંદના ઇતિહાસ સંબંધી શોધખોળને માટે કરવાની પુરતી સગવડ તો મને અહીં જ મળી છે. વરસમાં છ મહીના સુધી રહેતી પટણાની સુગી, ઠંડી અને પુષ્ટિકારક હવા તેમજ અત્રેનાં પ્રથમનાં દસ વર્ષમાં કૉલેજના કામમાં મને મળેલી ઘણી જ ફુરસદ, એ બે કારણોને લીધે મારો અભ્યાસ વધારવાની તેમજ જુના લેખો અને ગ્રંથો વગેરે તપાસવાની ઉમદા તક મને અહીં લાધી છે. મારી ઘણીખરી શોધખોળ મેં અહીં જ પુરી કરી છે. આ સર્વ કારણોને લીધે હવે પછી મારે જ્યાંજ્યાં જવાનું થશે તે સર્વ જગ્યાએ પટણા શહેરને હું ઘણા માનપૂર્વક યાદ કરીશ.

જે કોઈ હિંદવાસી અત્યારે જ્ઞાનમાં આગળ વધેલા જગતના બીજા દેશોની પંક્તિએ પોતાના દેશને પહોંચાડવા ઉમેદ રાખતો હોય તેણે આરામ તો લેશમાત્ર લેવો ઘટતો નથી. સ્વાર્થને તેણે દૂર ધકેલી દેવો જોઇએ અને સામાજિક કાર્યો પડતાં મુકવાં જોઇએ. હું તો કહું છું કે કુટુંબ તરફ પણ દુર્લક્ષ કરવું જોઇએ. જોકે આ ઘણો ભારે ત્યાગ છે; પણ જો પશ્ચિમના દેશોમાં હિંદવાસીઓનું મોં ઉજળું રાખવું હોય આ ભારે ત્યાગ તેમણે પ્રસન્નચિત્તે આપવો જોઇએ. *

અધ્યાપક તરીકેની એમની કારકીર્દિ ઘણી સફળ થઇ છે. કોઇપણ વિષય સમજાવતાં પહેલાં તેઓ તેને લગતી છેક અંત સુધીની રજેરજ માહીતી મેળવી લે છે, અને પછી તેને સુંદર રીતે સાંકળીને અતિશય મધુર અને સરળ ભાષામાં તેનું નિરૂપણ કરે છે.

૧૯૧૭માં પટણામાંથી છુટા થઇ ૧૯૧૯ સુધી તેમણે બનારસ હિંદુ કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યું. ત્યાં તેઓ એમ.એ.ના વિદ્યાર્થીઓને ઇતિહાસનો વિષય શીખવતા. ૧૯૧૯માં બનારસથી કટકની રાવણેશ્વર કૉલેજમાં અધ્યાપક તરીકે ગયા અને ત્યાં ૧૯૨૩ સુધી કામ કરી ફરી પાછા પટણા કૉલેજમાં આચાર્ય (પ્રિન્સિપાલ) તરીકે આવીને વિરાજ્યા.

આ જ વર્ષે તેમને ગ્રેટબ્રિટન અને આયર્લંડની રૉયલ એશિયાટિક સોસાયટીના માનનીય સભ્ય તરીકે સ્વીકારવામાં આવ્યા. આ મંડળમાં દુનિયા આખીમાંથી માત્ર ત્રીસ જ વિદ્વાનો ચુંટાય છે. હિંદુસ્તાનમાં આજ-સુધીમાં આ માન એક અધ્યાપક સરકારને અને બીજું મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીને જ મળ્યું છે.

૧૯૨૬માં શાહાનશાહ જ્યૉર્જે તેમને સી. આઇ. ઈ. (કમ્પૅનિયન ઑફ ધી ઇન્ડિયન એમ્પાયર)ના ઇલ-કાબથી નવાજી તેમની વિદ્વત્તાની કદર કરી, અને એ જ સાલના જુન માસમાં મુંબાઇની રૉયલ એશિ-યાટિક સોસાયટીએ એમને સર જેમ્સ કૅમ્પબેલ સુવર્ણચંદ્રક આપી વિભૂષિત કર્યા. આ ચાંદ દર ચોથે વર્ષે કોઇ જગવિખ્યાત વિદ્વાનને જ અપાય છે.

આ ઉપરાંત સરકાર તરફથી તેમને હિંદુસ્તાનના ઐતિહાસિક દફતરો તપાસનાર મંડળના એક ખાસ સભાસદ તરીકે પણ નીમવામાં આવ્યા છે. પરંતુ એથી યે વિશેષ માન તો એમને હમણાં મળ્યું છે. આ વર્ષે કલકત્તા યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલર (કુલનાયક) તરીકે એમની નીમણુક થઈ છે, અને એકનિષ્ઠ અધ્યાપકજીવનના ફલરૂપ જે ઉંચામાં ઉંચી મહાન પદવી મળવી જોઇએ તે મળી ચુકી છે.

* બુદ્ધિપ્રકાશ (ફેબ્રુ'૧૮)માંના પુનમચંદ શાહના લેખ પરથી.

આ પદવીએ પહોંચ્યા છતાં, આજ ૫૫ વર્ષની ઉમરે પણ હજી યે તેમનું અભ્યાસકાર્ય તો હજી જેવું ને તેવું ચાલુ જ છે. એક તરફથી ઐતિહાસિક કાગળપત્રો અને જુના ગ્રંથોનું અન્વેષણ કર્યે જાય છે; બીજી તરફથી અનેક નવા ગ્રંથોનાં સમર્થ અવલોકનો અને વિવેચનનું કામ પણ પાર વગરનું કર્યે જાય છે.

સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી, હિંદી, ઉર્દુ, પર્શિયન, મરાઠી, ફ્રેન્ચ અને પોર્ચુગીઝ—આટલી ભાષાઓ તો એમણે સિદ્ધ કરી છે. અભ્યાસમાં જેમજેમ જે જે ભાષાની જરૂર પડતી ગઈ તેમતેમ તે તે ભાષા શીખી લેતા ગયા: કારણ કે ઇતિહાસ લખવાના પુરાવા માટે મુળ દસ્તાવેજો અને ગ્રંથો જાતે જ વાંચી તપાસી ચોકસાઇ કરવાનો તેઓ આગ્રહ રાખે છે.

અંગત ખર્ચ માટે જરૂર કરતાં વધુ જેણે પાઇ સરખી યે ખરચી નથી, અને મોજશૉખ માટે એક દમડી સરખી પણ બગાડી નથી એવા અ. સરકારે જુના ઐતિહાસિક ગ્રંથો અને લેખો પ્રાપ્ત કરવાને પોતાનું અંગત પુષ્કળ નાણું ખર્ચ્યું છે, અને ઐતિહાસિક સ્થળોના પ્રવાસો પોતાને ખાનગી ખર્ચે કર્યા છે. પોતાના ઇતિહાસમાં એવી એક પણ વાત કે માહીતી તેઓ લખવાના જ નહિ કે જેને માટે તેમની પાસે ચોક્કસ સબળ પુરાવા ન હોય. ઘણી યે વાર એવો એકાદ સચોટ પુરાવો, દસ્તાવેજ કે ગ્રંથ લેવાને માટે હિંદુસ્તાનના કોઇ આઘા અજાણ્યા ખુણાઓમાં પોતાને ખર્ચે તેઓ ગએલા છે.

મોગલ સમયના અતિ દુર્લભ અસલ હસ્તલિખિત પુસ્તકો પારીસના સંગ્રહસ્થાનમાં જ માત્ર છે; અને પ્રો. સરકારને પોતાના ગ્રંથ લખવા માટે તેની જરૂર. એમણે સેંકડો રૂપિયા પદરના ખર્ચીને એ ગ્રંથોના પાનેપાનાના ફોટોગ્રાફ લેવડાવી મંગાવ્યા' કલકત્તા, મુંબાઇ ને લંડન તથા ફ્રાન્સના જુની ચોપડીઓ વેચનારા બધા પ્રો. જદુનાથ સરકારનું નામ જાણે જ; અને એમના ખપની કોઇપણ ચોપડી હાથ આવે કે તરત પહેલા ખબર એમને જ આપે.

ઇતિહાસનું સ્વરૂપ બરોબર સમજવા સારૂ એમણે દરેક યુગની કલાકૃતિ સમજવાનો પણ ખુબ યત્ન કર્યો છે. મોગલ સમયનાં ચિત્રો ઓળખનાર તરીકે એમની ભારે ખ્યાતિ છે. નકલી ચિત્રો તેઓ પલક વારમાં પારખી કાઢે છે. કલા પ્રત્યેનો એમનો પ્રેમ પણ એમના પિતાના જેટલો જ છે. તેઓ કહે છે કે દેશનો ખરો વૈભવ તે દેશની કળા ને તત્ત્વજ્ઞાન જ છે. મોટાં રાજ્યો હતાં ન હતાં થઇ ગયાં છે ને તેમની નીશાનીઓ ધૂળમાં રગદોળાઇ છે; પણ તેમની કીર્તિ જીવતી રાખી હોય તો તેમની કળા ને તત્ત્વજ્ઞાને જ.

દશેરા પછીની દીવાળીના તહેવારોની લાંબી રજાઓમાં તેઓ પોતાની કૉલેજના વિદ્યાર્થીઓને

આશા

: ઇન્દ્રવજ્ર :

"ઇલા! કદિ હું ઉર આજ ખોલું,
આંસુ ખરે એ થકી જો અમોલું,
અશ્રુ તણો ભાર ઝીલાય ના તો:
કે શીદને આ કરવી જ વાતો?"

"ઘેલો થયો આજ શું આમ બોલે?
કૈં યે નથી જે તુજ અશ્રુ તોલે!
આંસુ અમોલું ન ઝીલાય તારૂં
એ સાથ તો અન્ય હું આંસુ સારૂં.

ને અશ્રુવ્હેણે ઉભયે તરાવી
જે આશનૌકા હૃદયે ધરાવી
—કેવા રૂડા સૌ શઢ વિસ્તર્યા'તા!—
—વાયુ મજેના વળી શા ભર્યા'તા!—

એ આશનૌકા ફરી આવશે ને
સાથે નવું એ ભરી લાવશે ને—"
"ના, ના, ગઇ એ, ફરી કાંઇ લાવે,
બ્હેનાં! ગઇ આશ ફરી ન આવે.

માટે ઇલા લે ઉર આજ ખોલું,
આંસુ ભલેને ખરતું અમોલું,
ને વાત જો આ કદિ થાય હાલી
અશ્રુ તણો ભાર થશે જ ખાલી."

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

લઇને નાના પ્રવાસો કરે છે. પણ એ પ્રવાસોમાં દાદ કે ધમાલ બીલકુલ નહિ. દરેક જણ પોતાના સામાન અને પોતાની જાતની વ્યવસ્થા સાચવે. મજુર કે નોકર સાથે લેવો નહિ તેમ ભાડે મેળવવો નહિ. ધર્મશાળામાં ઉતરવું ને પગે ચાલીને બધા ભાગો જોવા.

૧૯૦૮માં વડોદરામાં જ્યારે સ્વ. રમેશચંદ્ર દત્ત દીવાન હતા ત્યારે તેઓ ગુજરાત તરફ પ્રવાસે આવેલા. તે વખતે તેમણે માર્ગમાં આવતું દરેક ઐતિહાસિક સ્થળ નીરખેલું. તે એવી રીતે કે રાતના ભાગમાં રેલવેની મુસાફરી કરી દિવસે કોઇ સ્થળે પહોંચવું. તે જોઇ પાછી રાત્રે મુસાફરી. એ રીતે વખત અને પૈસા બચાવી તેમણે ઉજ્જેન, સાંચી, ભોપાળ વગેરે જોયાં.

ફતેહાબાદ આગળ ઔરંગઝેબે કાસીમખાંને જે સ્થળે હરાવ્યો હતો તે જગ્યાએ પહોંચવા માટે પોતાનો સામાન સ્ટેશનના વેઇટિંગ રૂમમાં રાખી પરભાર્યા જ ઉપડેલા, અને ખરી યુદ્ધભૂમિ ઉપર પગે ચાલી નદી-કાંઠાની બધી જગ્યા જોઇ ઇતિહાસની રેખા કલ્પેલી. એક વખત બુદ્ધગયાના આવા પ્રવાસમાં ભગિની નિવેદિતા તથા કવિવર રવીન્દ્રનાથ પણ તેમની સાથે હતા. પ્રવાસમાં તેઓ દુધ અને રોટીથી જ માત્ર ચલાવી લે છે. તેઓ કહે છે કે ખાવાપીવાના સ્વાદ અને વૈભવથી જ્ઞાન તથા અનુભવ ગુમાવાય છે.

પ્રવાસ કરવા વિષે તેઓ બહુ જ ભાર મુકીને કહે છે કે પ્રવાસ હમેશાં પગે ચાલીને કરવો અને દરેકેદરેક સ્થળ તથા ચીજનું અધ્યયન તથા અવલોકન કરવું. ભગિની નિવેદિતાનું એક વાક્ય તેઓ વારંવાર સંભળાવે છે કે 'Before you love your country, you must see it.' વિદ્યાર્થીઓને તેઓનો સંદેશ છે કે 'મોજશૉખને ધિક્કારજો અને સાદું કર્તવ્યપરાણ જીવન કેળવજો.'

એમના એકધારા, સાદા ને અભ્યાસપરાયણ જીવનમાં તો મોજશૉખને સ્થાન ક્યાંથી જ હોય ? નવ વર્ષની નાની વયે એક વાર એમણે બંગાળી નાટક જોએલું. પણ પછી જ્યારે તેમને ખબર પડી કે રંગભૂમિ ઉપર તો વેશ્યાઓ ઉતરે છે, ત્યારથી તે આજ સુધી એમણે કદિ નાટક જોયું નથી ! એમના કડક જીવનનું આથી સુંદર બીજું દૃષ્ટાન્ત કયું હોઈ શકે ? બંગાળાની રંગભૂમિ આજે તો વિખ્યાત થઈ છે અને ઉચ્ચ કોટિના સંસ્કારી પુરુષો તેમાં ભાગ લઇ રહ્યા છે; તોપણ આપણા વિનોદને ખાતર સ્ત્રીજાતિને રંગભૂમિ પર આવવું પડે એ તેમને ઇષ્ટ નથી લાગતું.

તેઓ કહે છે કે આપણા બધા જ જુવાનિયાઓએ કૉલેજની કેળવણી લેવાની કશી જરૂર નથી. સર્વ વિષયોનું સામાન્ય વ્યવહારૂ જ્ઞાન બધાને માટે જરૂરનું છે. એથી આગળ જવાની દરેકને જરૂર પણ નથી, ને દરેકમાં લાયકાત પણ હોતી નથી. કૉલેજની ફી તથા પુસ્તકો પાછળ નાણાં અને જીંદગી ખર્ચી નાખવા કરતાં સૌએ વિવિધ વિષયોનું સામાન્ય જ્ઞાન મળી રહે તેટલી કેળવણી લઇ પોતપોતાને ફાવતા ઉદ્યોગધંધા પાછળ લાગી જવું બહેતર છે એમ તેઓ માને છે. જે પોતાની અસાધારણ બુદ્ધિ વડે આગળ જતાં દેશને કે જ્ઞાન-ભંડારને કંઇક પણ લાભ આપી શકે તેવા હોય એમણે જ આગળ કૉલેજનો અભ્યાસ કરવો.

કેટલાક શ્રીમાનો વિદ્યાર્થીઓને યૂરોપ વગેરે દેશોમાં ભણવા મોકલે છે. તે વિષે અ. સરકાર કહે છે કે જેને ને તેને મોકલવા ઠીક નથી. વિલાયતના પ્રોફેસરો વારંવાર ફરિયાદ કરે છે કે હિંદના વિદ્યાર્થીઓ સામાન્ય કેળવણી પણ પુરી લીધા વિના અહીં આવે છે, તેથી તેમનાં શરૂઆતનાં બેત્રણ વર્ષ તો એ ઉણપ પુરવામાં જ જાય છે. ખરૂં જોતાં હિંદુસ્તાનમાં જ બને તેટલી પુરી કેળવણી લઇને પછી વિલાયત જાય તો વખત બચે અને સારૂં તથા પુરૂં શીખી આવે. યૂરોપ વગેરે દેશોના પ્રવાસથી ખાસ કરીને તો માણસમાં સ્વમાન અને સ્વાતંત્ર્યની ભાવનાઓ આવે છે, જીવન વિષે એમને વિશાળ દૃષ્ટિ મળે છે અને દુનિયાની ધક્કા-મુકી તથા હડસેલા વચ્ચે ઉભા રહેવાની શક્તિનું ભાન થાય છે.

વિદ્યાર્થીઓને રાજદ્વારી ચળવળોમાં ભાગ લેતા જોઇ અ. સરકાર બહુ નારાજ થાય છે. તેઓ કહે છે કે માત્ર ઝુંબેશ ઉઠાવ્યે કશું વળવાનું નથી. લોકજીવન માટે કોઇ ગંભીર અને સંગીન કામ જેઓને કરવું નથી તેમનો રાજકીય જુસ્સો ખાલી વેગમાત્ર છે. સમાજસુધારણા, લોકશિક્ષણ અને જ્ઞાનના અન્વેષણ પાછળ શાંતિ ને દૃઢતાથી કામ કરનારા સંખ્યાબંધ માણસોની દેશને જરૂર છે. જીવનની અનેક બાજુઓ હજી વિકાસ સાધ્યા વિનાની અધુરી પડી

છે; ત્યાં એકધારૂં અને સંગીન કામ કરનારાઓની ખોટ છે. એ પુર્યા વિના સ્વાતંત્ર્યનું સ્વરૂપ સમજાવાનું નથી. એમના આ વિચારો જોડે સૌ સંમત હો કે ન હો, પણ એમનું જીવન તથા ચારિત્ર્ય તો આ દરેકેદરેક વિચારની સચોટ સાક્ષી પુરે છે.


અધ્યાપક જદુનાથ સરકાર દાર્જીલિંગમાં

શાહજહાંના સમયથી માંડીને તે ઠેઠ મોગલ સામ્રાજ્યના અંત સુધીનો રજેરજ વિગતથી ભરેલો સંપૂર્ણ ઇતિહાસ એમણે લખ્યો છે. મોગલ બાદશાહોના સમકાલીન રજપુતો તથા તેમનાં રાજ્યોની હકીકત પણ એમણે બરોબર લખી છે. દુર્ગાદાસ વિષે અ. સરકાર વાત કરતા હોય ત્યારે આપણને જાણે એમ જ લાગે કે એ પોતે દુર્ગાદાસના જાની મિત્ર હશે! એટલી હદ સુધીની એની ઝીણી અને ખાનગી હકીકતો રજુ કર્યે જાય. એમણે દરેક બાબત નિષ્પક્ષપાત તુલા રાખીને જોખી છે અને સમતાપૂર્વક રસિકતાથી લખી છે. ઔરંગઝેબને થતો અન્યાય એમના ઇતિહાસથી અનેક રીતે દૂર થાય છે; શિવાજીને આઠ રાણી હતી એ વાતની તો આપણને આટલા જમાના વીત્યા પછી જાણ થઈ;—એમના જ તરફથી. કોઇપણ મહારાષ્ટ્રી ગ્રંથકાર તરફથી એ હકીકત બહાર પડી નહોતી. કલકત્તાના કારાગ્રહ જેવો કોઈ પ્રસંગ બન્યો જ નથી એ પુરવાર કરનાર પ્રો. સરકાર છે એ વાત તો હવે મશહૂર છે.

મોગલ સમયની તવારીખો ઉપરાંત તેમણે 'શ્રી ચૈતન્ય પ્રભુની યાત્રા તથા ઉપદેશામૃત' નામનો એક ધાર્મિક ગ્રંથ પણ લખ્યો છે. તેમાં ઇ. સ. ૧૫૦૦ના સમયના હિંદુસ્તાનની સ્થિતિનું આબેહુબ વર્ણન છે. બ્રિટિશ હિંદુસ્તાનની આર્થિક સ્થિતિ ઉપર પણ એમણે એક ગ્રંથ લખ્યો છે. તેમાં એમણે પેદાશ, ઉદ્યોગધંધા, સગવડ, જમાબંધી, મજુરી, કાયદા, નાણું વગેરે પર વિસ્તારથી જોમદાર ભાષામાં લખ્યું છે. આ સિવાય પુસ્તકોનાં અવલોકનો તથા બીજા વિષયો ઉપર છુટકછુટક લેખો પણ તેમને હાથે ચાલુ લખાયા જ કરે છે. કૉલેજોમાં ઇન્ટરમીડિયેટ સુધીનું શિક્ષણ માતૃભાષા દ્વારા અપાવું જોઇએ એવો તેમનો મત છે, અને એ વિષે એમણે એક નિબંધ પણ લખ્યો છે.

એમનાં આ બધાં લખાણો તથા અંગત અધ્યયન વગેરેનું કામ કૅલેજની જવાબદારીઓ પુરી કર્યા પછીના ખાનગી વખતમાં અને રજાઓમાં જ એમણે કર્યું છે. આટલા કાર્યનિમગ્ન રહેતા હોવા છતાં વિદ્યાર્થીઓને તે પોતાના જીવનમાં છુટથી ભળવા દે છે. પોતાના ગાંઠના ખર્ચે એમણે સારા વિદ્યાર્થીઓને ઘેર રાખી ઇતિહાસના ક્ષેત્ર માટે તૈયાર કરી બહાર પાડ્યા છે. ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ તેમના હાથ નીચે રહીને કામ કરી ગયા છે. બંગાળના અત્યારના કેટલાએક પ્રસિદ્ધ પુરુષો તેમના શિષ્યગણમાં હતા. તેમનામાંના શ્રી રાધાકુમુદ મુકર્જી તથા રાખાલદાસ બૅનર્જીએ તો પોતાની વિદ્વત્તા માટે સારી નામના મેળવી છે. એમના અંગત સહવાસમાં કેળવાએલા તથા એમના કામની દિશા સંભાળી રાખનારાઓમાં એક પ્રો. કાલિકારંજન કાનુંગ હાલ દિલ્હીમાં પ્રોફેસર છે અને એમણે 'શેરશાહની તવારીખ' તથા 'જાટ લોકોનો ઇતિહાસ' નામનાં ઉપયોગી પુસ્તકો બહાર પાડ્યાં છે. બીજા એક શ્રી બ્રિજેન્દ્રનાથ બૅનર્જીએ 'ઈંગ્લંડમાં રાજા રામમોહનરાય' 'બંગાળની બેગમો' 'મોગલ વિદુષીઓ—નૂરજહાં અને જહાંઆરા' વગેરે લખ્યાં છે. અત્યારે પણ એ શિષ્યો તેમના સહવાસમાં



અધ્યાપક સરકારના લગભગ બધા ગ્રંથો આ ટેબલપર લખાએલા

કામ કરે છે, જેઓ 'ટીપુ સુલતાનની રાજ્યનીતિ' પર લખી રહ્યા છે. આવી રીતે એમણે એવી પરંપરા બાંધી દીધી છે કે ઇતિહાસસંશોધનનું કામ પાછળથી પણ એકધારું ચાલ્યા જ કરશે.

કૉલેજમાં પડતી ઉનાળાની લાંબી રજાઓ વખતે મેદાનના પ્રદેશોમાં અસહ્ય ગરમીને લીધે લખવા વાંચવા વિચારવાનું અશક્ય થઇ પડે છે તથા ચાલુ કામ અટકે છે. આ કારણથી અ. સરકાર ઉનાળાને માટે દાર્જીલિંગમાં રહેવાનું રાખે છે. ત્યાં એમણે બંગાળી લત્તામાં ઘણાં વર્ષોથી પોતાની સ્થિતિ પ્રમાણેનું એક સાદું મકાન કર્યુંછે ને એનું નામ 'સરકાર આવાસ' રાખ્યું છે. નામ ઉપરથી કોઇને મોટા મહાલયની કલ્પના આવી જાય; પણ એ તો આગગાડીના ડબા જેવી પાટિયાંની સાદી બંગલી જ માત્ર છે. તેના બે ભાગ કરેલા છે, અને દરેક ઓરડી આઠ આઠ ફુટ લંબાઇ પહોળાઇની છે. આગલી ઓરડીમાં બારી આગળ ટેબલ છે, ત્યાં પોતે લખવાવાંચવાનું અને લોકોને મળવાનું રાખે છે. બીજી ઓરડીમાં સુવા માટે પાટિયાંનો ખાટલો અને પરચુરણ સામાન રહે છે. ચોપડીઓનાં તો બધે વન. જ્યાં જુઓ ત્યાં ચોપડીઓ અને અવલોકન માટે ટપાલમાં આવેલા ગ્રંથો પરથી ઉકેલેલા કાગળિયા પડ્યા હોય.

એમના જીવનની સાદાઇ જોઈને તો ભાગ્યે જ ખ્યાલ આવી શકે કે તેઓ કોઈ મહા વિદ્વાન કે પ્રિન્સિપાલ કે સી.આઇ.ઇ.નો ખિતાબ ધારણ કરનાર વ્યક્તિ હશે. એમનું લખવાનું ટેબલ જુઓ તો સાદાં પાટિયાંનું બનાવેલું સાવ મામુલી! ફોટો પરથી તેનો ખ્યાલ આવી શકશે. એ જ ટેબલ પર શિવાજી અને ઔરંગઝેબના સુપ્રસિદ્ધ ઇતિહાસના પાંચ ગ્રંથો લખાયા હતા. ટેબલ પર સગવડ પડતી ઉંચાઇએ ગોઠવેલી એક વીજળીની બત્તી નજરે પડે છે. એ હમેશાં રાતના બાર વાગ્યા સુધી બળનારી. અધ્યાપક સરકારનાં બધાં પુસ્તકો અહીં દાર્જીલિંગમાં જ લખાએલાં. માત્ર કેટલીક બાબતોના પુરાવા જોઇએ તે પટણા જઇને લાયબ્રેરીનાં પુસ્તકો જોઇ ગોઠવી લે.

રોજ સાંજે ચાર વાગે એટલે એ નિયમિતરીતે ફરવા નીકળવાના. એ વખતે સાદાં કોટપાટલુન હૅટ વગેરે પહેરે છે; પણ તેમાં જરા યે આછકલાઇ ન લાગે. મળવા આવનાર માણસ સાથેના વર્તનમાં પણ સભ્યતા અને નમ્રતા એટલી કે એ જોઇને આપણા દેશના સામાન્ય ગ્રૅજ્યુએટને પણ પોતાની અકડાઇ માટે શરમાવું પડે. ફરવા નીકળતી વખતે કોઇપણ એકાદ સોબતી સાથે હોય તો તેને નીભાવી લે. તે જ્ઞાનમાં ગમે તે કોટિનો હોય, તોપણ તેની જોડે મિત્રની પેઠે સંભાષણ ચાલુ રાખે. અને રખેને સાથે આવનારને પોતાના અતડાપણાથી અટુલું લાગે એ ખ્યાલે લગભગ બધો વખત પોતે જ વાતચિતનો રસ ટકાવી રાખે. આ ગુણ બહુ ઓછા વિદ્વાનોમાં માલુમ પડે છે.

આપણામાં 'વૃદ્ધ' લેખાતી આજ એમની પંચાવન વર્ષની ઉમરે પણ એ સ્ફૂર્તિવાળા, તંદુરસ્ત અને રુચિકર મિજાજવાળા છે. તેમના દાંત બધા સાબુત છે, ટટાર ચાલે ઘણું ચાલી શકે છે અને ખડતલપણે લાગટ કામ ખેંચી શકે છે. એમના પિતા ઠેઠ ૧૯૦૪માં ૭૫ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી ગુજરી ગએલા. દીર્ઘજીવન અને તંદુરસ્તીની એમના કુટુંબની આ ઇશ્વરી બક્ષિશની ખરી ચાવી તો એમની સાદી અને સરળ રહેણીકરણી તથા ચુસ્ત અને એકાગ્ર જીવનમાં છે.

મારી પોતાની વાત



અમદાવાદમાં તે વખતે આટલી બધી વસ્તી નહિ. દરવાજાઓની બહાર બંગલાઓ ને દુકાનોને બદલે ખેતરો હતાં; છતાં અમને અમદાવાદ બહુ જ મોટું લાગતું હતું, અને જ્યારેજ્યારે અમદાવાદ આવવાનું હોય ત્યારે અમે રાજીરાજી થઇ જતા.

સ્ટેશન પર રેવાબાઇની ધર્મશાળાએ જે વાવ દબાવી દીધી છે તે વાવ તે વખતે ખુલ્લી હતી. એની દક્ષિણ દિશાએ એક મોટો રેંટ ફરતો. ઘાંચીની ઘાણીમાં જેમ બળદ ગોળ ફરે છે તેમ બળદો એ રેંટને ગોળ ફેરવતા અને એ રીતે વાવમાંથી કોસ મારફતે એક ટાંકીમાં પાણી આવતું. આ પાણી છંટકાવમાં વપરાતું. પાંચકુવાનો દરવાજો નવો દરવાજો કહેવાતો, ને પાસે જ પાંચ કુવા હતા તેમાંથી સ્ત્રીઓ પીવાનાં પાણી ભરતી. અમારા લોકોનાં ઘરોમાં ટાંકાં હતાં એમાં વરસાદનાં પાણી ભરાતાં તે બારે માસ પીવાના કામમાં આવતાં. તે વખતે નળ નહોતા થયા.

ભાડાનાં આટલાં બધાં સીઘરામ પણ નહોતાં. કોઇક શેઠીઆઓ ખાનગી સીઘરામોમાં બેસીને ફરતા. આટલી બધી મૉટરો ને ખટારા ને વિક્ટોરિયા ને લારીઓ તો હવે થઈ.

એ વેળા મારો એક ટીખળી ભાઇબંધ હતો. હવે તો એ મોટો ડીપોટી થયો છે અને છોકરાંઓની પરીક્ષાઓ લે છે. પણ એ પોતે નાના હતા ત્યારે કેવાં તોફાન કરતા તે પેલાં છોકરાંઓ જાણે તો બહુ મઝા પડે એમ સમજીને જરા એમની વાત કહું.

પાંચકુવા ચાર રસ્તા આગળથી એક સીઘરામ જતું હતું. એની પાછળ મોટું પગથિયું હતું. પેલા ભાઇ બેઠા પગથિયા પર. માંહ્ય એક જાડા શેઠ બારણાને ટેકો દઇને નીરાંતે બેઠેલા. હાથ ઘાલેલા બે બાજુની બારીઓ પર હાથ મુકવાનાં લટકણિયાં હતાં તેમાં, ને પગ કરેલા લાંબા. ગાડી દોડી જાય છે; બીજાં છોકરાં 'ગાડીવાલા ચાબુક ચાબુક' એમ બુમો પાડે છે.

પગથિયા પર બેઠેલા ભાઇ (એને 'હ' નામથી બોલાવશો તો ચાલશે) 'હ'એ જોયું કે આવો લાગ ફરીફરીને મળવાનો નથી. એટલે ધીમે રહીને પોતે સીઘરામની કળ ફેરવી ને તરત પગથિયા પરથી ભુસકો મારીને નાઠા. તરત પાછળ જ પેલું સીઘરામનું બારણું ઉઘડી ગયું ને હડફ દઇને શેઠ બહાર ઉછળ્યા! પગ માંહ્ય ને શરીર બહાર! કોઇએ ગાડી ઉભી રખાવી ને દેખાવ જોવા જેવો થયો.

'હ' મુઠીઓ વાળીને નાઠા તે ગયા ક્યાં ના ક્યાં. અહીં કોઇ શેઠને માથે પાણીના ઘધુડા કરે છે, કોઇ એમને પંખો નાખે છે, કોઇ પુછે છે, 'કાકા, મને ઓળખ્યો? કાકીને બોલાવી લાવું?'

છેવટે એમને બે હાથ ઝાલીને ઉભા કર્યા. પરાણે સીઘરામમાં પાછા નાખ્યા ને 'શુળીનો ઘા સોયે સર્યો' એમ બોલતાબોલતા લોકો વેરાવા લાગ્યા. એટલી વારમાં ભાઇ 'હ' આવી પહોંચ્યા ને પુછે છે, 'શું છે, શું છે? આટલા બધા લોકો કેમ ભરાયા છો?' સારૂં થયું કે મારા સિવાય એમને કોઇએ ઓળખ્યા નહિ.

આમ હસવામાંથી ખસવું થઇ ગયું. શેઠે કોઈ સારાનું મોં જોએલું. પણ તે દિવસથી સીઘરામોમાં એક સુધારો થઇ ગયો, કે બારણે કળની સાથે કડી પણ રાખવામાં આવી અને પગથિયાં બારણું ઉઘાડયા પછી પાડી શકાય એવાં બનાવવામાં આવ્યાં. આ સુધારા માટે ભાઇ 'હ' જ જશ લઇ શકે.

'હ' રહ્યા અમદાવાદના ભોમિયા ને અમે અજાણ્યા, એટલે એ અમને બહુ જગ્યાઓ રોજ દેખાડવા લઇ



જાય. દિલ્હી દરવાજા બહાર હઠીસીંગનાં દહેરાં છે ત્યાં ઘણે ભાગે અમે બપોરે જતા. 'હ' ત્યાંના પુરા માહીતગાર.

જૈન સ્ત્રીપુરુષો દેરાસરોમાં બદામો બહુ નાખે છે. 'હ' એક સરકટની પાતળી સોટી હાથમાં રાખે ને બપોરને સમયે મંદિરોમાં પણ ઝાઝી વસ્તી ન હોય એ વેળા મંદિરોનાં બારણાંમાંથી બદામો કાઢે. આમ કલાક અરધા કલાકમાં તો ૨૪ ૨૫ બદામો સહેજે હાથ આવી જાય. દેવસ્થાનમાં કોઈ જાય તો કંઇ ને કંઇ પણ નાખે છે; છેવટે ચપટી ચોખા. પણ 'હ'ની આગેવાની નીચે અમારી ટોળી પાઇપૈસો નાખે તો શેની જ? પણ ઉલટા મંદિરોની બદામો ચોરીએ!

કોઈ ધારશે કે અમે રહ્યા સનાતની હિંદુ અને જૈન મંદિરમાં 'એક તરફ બે હાથી લડતા હોય તો યે ના પેસવું' એવી પૂર્વજોની આજ્ઞા હોવાથી દ્વેષભાવે અમે એમના તીર્થંકરોની બદામો ચોરતા હોઇશું. પણ એવું કશું નહોતું. અમારે મન (એટલે અમારા સરદારને મન) જૈન કે હિંદુ એવો ભેદભાવ હતો જ નહિ!

શ્રાવણ મહીનામાં એ નદીએ નહાવા જતા અને ત્યાં પુણ્ય કરવા માટે—એટલે મંદિરોમાં નાખવા માટે—એમને પાઇપૈસો મળતો. બા કે માશીની નજર ચુકાવી પેલો પૈસો કે પાઈ મંદિરમાં નાખવાને બદલે ઘણી યે વાર એ ભાઈ ગજવામાં મુકી દે. અને કોઇ કોઇ સ્થળે તો પાઇ નાખે, ને બે પાઇ ઉપાડી લે! પકડાય તો કહેશે કે 'પૈસો નાખ્યો છે ને બે પાઇ ઉપાડું છું. એટલે મંદિરમાં પાઇ નાખી. મારે પરચુરણ જોઇએ છે!' આમ જ્યારેજ્યારે બા કે માશી સાથે એ નહાવા કે દેવદર્શન કરવા જાય ત્યારે કંઈ નહિ તો બેચાર પૈસા કમાઇને આવે!

ઘણી વાર એ પૈસાનું ચવાણું અને પેલી બદામોની અમારે ઉજાણીઓ થતી. પણ ચોરીનો માલ પચાવવો બહુ મુશ્કેલ છે. એ ઉજાણીઓની વાત બહુ છાની રાખવી પડે. છેક નદીની રેતમાં આઘે જવું પડે અને ખાતાંખાતાં બધો વખત જાણે એમ જ થાય કે કોઈ આવીને પકડશે તો? હૃદય થાય ધડક! ધડક! ધડક!

અમદાવાદનાં ઘરોનાં જાજરૂઓની દુર્ગંધ એ વખતથી મને યાદ છે; પણ વાજાં, વરઘોડા, જમણો અને મેળા વગેરેની મઝાને લીધે અમદાવાદ આવવાનું અમને વારંવાર મન થાય.

મારી ૭ થી ૧૭ વર્ષની ઉમર દરમિયાન મારા બાપાને સરકારી નોકરીને અંગે ધોળકા, પ્રાંતીજ, સાણંદ, વીરમગામ, ખંભાત, નડિયાદ, મહેમદાવાદ, માતર, આણંદ, બોરસદ અને સુરત એટલે ઠેકાણે જવાનું થયું હતું. બધે છ થી બાર મહીના સુધી રહેવાનું થતું અને તેથી આ ગામોનો મને, એ ઉમરના પ્રમાણમાં, ઠીક પરિચય થએલો. ગામગામનાં પાણી પીવાથી અને દેશાટનની મુશીબતોથી એ સમયમાં અક્કલના પ્રમાણમાં અનુભવ પણ થએલો.

ધોળકાના મલાવ તળાવ અને પરપોટિયા મહાદેવે મારા મન પર ખુબ અસર કરેલી. 'અમદાવાદી હરામજાદી ધોળકડી ધુતારી' એ કહેવત મેં ધોળકે સાંભળેલી. એક સમયે તો ધોળકા વિશાળ નગર હતું. કાળ બળે એની પડતી થઇ. કાઠિયાવાડ અને ગુજરાતની વચમાં આવેલું હોવાથી એનું મહત્ત્વ ઘણું હતું; પરંતુ અમે ગયા ત્યારે મોટાંમોટાં ઘરો બાર મહીનાના માત્ર ચાર-ચાર રૂપિયાને ભાડે મળતાં! પોળો ઉજ્જડ હતી અને ખંડેરોમાં સાપના રાફડા થયા હતા. ગામમાં ખરાબ જાતનો મેલેરિયા તાવ ચાલતો અને ધોળકે જાય તે સાજુંસારૂં ઘેર આવી જ ન શકે. મારા બાપાને પણ

ધોળકાનું પાણી લાગેલું અને તેની માંદગી જીંદગી સુધી રહી હતી.

ધોળકે જવા માટે અમદાવાદથી જમાલપુર દરવાજે ગાડાં મળતાં. એમાં બે પાયાના ખાટલા મુકવામાં આવતા. એ ગાડાંને છકડાં કહેતા. ધોળકે જવાની રેલગાડી તો હજી કાલ સવારે થએલી છે.

વીરમગામમાં મુનસર તળાવ સુંદર છે. તળાવની વચમાં મુનસરી માતા છે અને ચારે તરફ ફરતી દેરીઓ છે. ધોળકાનું મલાવ અને વીરમગામનું મુનસર બંને તળાવ સિદ્ધરાજ જયસિંહની માતા મીનળદેવીનાં બંધાવેલાં છે. મુનસરની દેરીઓ અને મલાવની પાળ પર આવેલાં કેટલાક ગોખો માંહેની ખંડિત મૂર્તિઓની કોતરણી વગેરે શિલ્પકામ હજી ૧૦૦૦ વર્ષ થયા છતાં બારીક અવલોકન કરનારને બહુ આનંદ આપે એવાં છે. ગુજરાતની કળા જેવીતેવી નથી. સિદ્ધરાજ પછીના સમયમાં એમાં સુધારાવધારા ઘણા થયા છે, પરંતુ આ જડ પથરાઓ એવા એક સમયની વાતો કહી રહ્યા છે કે જ્યારે આ ગુજરાતમાં સ્વરાજ્ય હતું. પાટણની રાણીવાવ, ડભોઇનો કિલ્લો, ધોળકાનું મલાવ અને વીરમગામનું મુનસર એ મહારાજાધિરાજ, પરમ-માહેશ્વર, મહા ભટ્ટાર્ક, અવંતિપતિ, સિદ્ધ ચક્રવર્તીનું સ્મરણ કરાવે છે. ધોળકા વીરમગામનાં નામ ભૂગોળ-માં ગોખ્યાં હતાં, પણ એ નજરે જોતાં જે જ્ઞાન થયું તે જુદું જ હતું.

અમદાવાદથી કાળુપુર દરવાજે થઇને પ્રાંતીજ જવાતું. રસ્તામાં કોઇ ગામની ભાગોળે એક રાત રહેવું પડતું. ભાગોળે ગાડાં છુટે ને ભાથાં ખાઇએ. રાત્રે રેતીમાં સુવાની બહુ મઝા પડતી. ઉપર ઝાડ હોય, તારા ઝગ-ઝગાટ થઇ રહ્યા હોય ને ખેતરોમાં ગીતો ગવાતાં હોય.

પ્રાંતીજનો બોખ બહુ સુન્દર. મહાદેવને આરેથી મોટો બોખ જાણે જોયા જ કરીએ. એમાં કમળો ખીલે, પંખી કલ્લોલ કરે, સારસ ફરતાં હોય ને બતકો તરતાં હોય.

ત્યાંથી અમે ભુશ્કો નામની એક જગ્યા જોવા ગએલા. ત્યાં હાથમતી નદીનો ધોધ પડે છે અને ફુલવાડી છે. એ ફુલવાડીમાં રંગબેરંગી ફુલોના તો ઢગલા; અને અમે ગયા ત્યારે ચમેલીનાં ફુલો તો બાગ બધામાં વેરાએલાં પડેલાં. રસ્તામાં ચણાનાં ખેતરો આવતાં એ ચણાના પુષ્કળ છોડ તાજા પોપટા કરવા અમે બહુ તોડી લાવેલા. અમે કહેવાતા અમલદારના છોકરાઓ એટલે ખેડુતોના છોડ તોડવાની અમને સદર પરવાનગી હતી!

(ચાલુ) **હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ**

અથાણું

ઘરાક—કાં? તેલબેલના હમણાં શા ભાવ છે?

ઘાંચી—સાહેબ હું તેલ જ વેચું છું; બેલ તો હમણાં ખરીદ્યો છે એટલે વેચવાનો નથી. (છ. ભ. સો.)

ક્ર

ટાલિયા મહેમાન-અરે પેસુ, કેમ કંઈ આટલો બધો ખુશી છે?

પેસુ-કાંઈ નહિં; એ તો માયજીએ તમારા ઓરડામાં માથું ઓળવા માટે દાંતીઓ ને બ્રશ મુકયાં છે તેથી!

ક્ર

નટુ—(સો વરસની વયે પહોંચેલા વૃદ્ધને) તમે આટલાં બધાં વર્ષો જીવ્યા તેનું કારણ શું?

ડોસો:—કારણકે હું એટલાં બધાં વર્ષો પહેલાં જન્મ્યો હતો.

ક્ર

'ભાવનગર સ્ટેટના મહાલોનાં નામ કહો.'

'લીલિયા મહાલ, કુંડલા મહાલ, મહુવા મહાલ, ઇ..'

'બસ, બેસી જાઓ; કનુ, તું આગળ બોલ.'

'સા'બ, તાજમહાલ!'

ક્ર

ઘરાક—(કેમિસ્ટને) મારા વાળ ખરી પડે છે તેને જાળવી રાખવા કોઇ વસ્તુની ભલામણ કરશો?

કેમિસ્ટ—હા, આ કાર્ડબોર્ડનાં ખાલી બાકસ લઇ જાઓ; તેમાં એ બરોબર જળાવશે.

ક્ર

એક: આ આખી કાદંબરી હું વાંચી ગયો, એમાં બધું સમજાયું; માત્ર છેવટનો આ એક શબ્દ 'સમાપ્ત' ન સમજાયો! એ સમાપ્ત એટલે શું?

બીજો: મને લાગે છે એ સમાપ્ત નામનો કોઇ લેખક હશે. અને એ લાગે છે પણ કોઇ ભારે લેખક. મેં જેટલી ચોપડીઓ વાંચી છે તેમાંની ઘણીખરીને છેડે એનું જ નામ લખેલું હોય છે!


ક્ર

મનુ: તારો દાંત બહુ દુખતો લાગે છે. મારો દાંત હોત તો હું તરત ખેંચાવી નાખત.

કનુ: હા રે; તારો દાંત હોત તો તો હું પણ તરત ખેંચાવી નાખત.

ઈંગ્લંડ-ઑસ્ટ્રેલિયાનો ક્રિકેટજંગ

[ગયા અંકથી ચાલુ]



એ મૅચને આગલે દહાડે અંગ્રેજ ટીમનો કૅપ્ટન એ. જી. સ્ટીલ, ઑસ્ટ્રેલિયન ટીમના મુખ્ય બોલર સ્પોફોર્થ જોડે બેઠો-બેઠો એક મૅચ જોતો હતો, એટલામાં સ્ટીલના કોઈ મિત્રે આવીને તેને પુછ્યું, 'કેમ મિ. સ્ટીલ, મેં સાંભળ્યું છે કે આવતી કાલે તમે 'નીગર્સ' સામે રમવાના છો?' આના જવાબમાં સ્ટીલે જ્યારે એ મિત્રને મિ. સ્પોફોર્થની 'નીગર ડેમન બોલર' તરીકે ઓળખાણ કરાવી ત્યારે એ મિત્રનું મોં જોવા જેવું થઈ ગયું! અંગ્રેજ પ્રજાનો સામાન્ય વર્ગ એ વખતે ઑસ્ટ્રેલિયાથી એટલો અજાણ હતો કે ત્યાંથી આવેલી ગ્રેગરીની ટીમના બધા જ રમનારા નીગર—કાળા ને જંગલી હશે એમ જ ઘણા માનતા; પછી ત્યાંના ક્રિકેટરોની શક્તિ જાણવા જેટલું જ્ઞાન તો હોય જ ક્યાંથી? એટલે ઑસ્ટ્રેલિયનોને હાથે ખાધેલી એ પહેલી હારથી અંગ્રેજો તો આશ્ચર્યમૂઢ થઇ ગયા.



ઇંગ્લંડ સામે રમવા આવનાર પહેલી ઑસ્ટ્રેલિયન ટીમ



ઑસ્ટ્રેલિયન ડેમન બોલર સ્પોફોર્થ



જૉન મેકકાર્થી બ્લૅકહામ



વિલિયમ લૉઇડ મરડૉક

ડેમન બોલર

ઑસ્ટ્રેલિયન ટીમ અમુક ચુનંદા રમનારા સિવાય તો સાધારણ હતી. તેમાંના એક જ ખેલાડીનું નામ આપોઆપ બહાર આવે છે, અને તે 'ડેમન બોલર' તરીકે પ્રખ્યાત સ્પોફોર્થનું. એ ઉંચો, લાંબા અવયવો વાળો, લોઢાના તાર જેવો એકવડો અને મજબુત, સાહજિક ફાસ્ટ બોલર હતો. કેવળ ફાસ્ટ બોલર પણ નહિ. પોતાની બોલિંગમાં એ દડા નાખવાની ગતિ મિશ્રિત રાખતો, અને વચમાંવચમાં બોલિંગનું ઍક્શન (સાધારણ ગતિ) બદલાતું ન લાગે એવી સફાઇથી તે વચ્ચે ધીમી ગતિવાળો બૉલ ભેળવતો. આથી એની દડા નાખવાની શક્તિ જબરી ગણાતી. સ્પોફોર્થ પહેલાંના બોલરો કાં તો 'ફાસ્ટ' 'મીડિયમ' કે 'સ્લો' હતા. કોઇએ પોતાની બોલિંગની ગત બદલવાનો ભાગ્યે જ વિચાર પણ કર્યો હશે. પોતાનાં છેવટનાં વર્ષોમાં સ્પોફોર્થ ઓછો ફાસ્ટ થયો હતો, પરંતુ તેણે પોતાની ગત બદલવાની શક્તિ ઉપર તો ઘણો જ કાબુ મેળવ્યો હતો.

બ્લૅકહામ

આ ઉપરાંત એ ટીમની બીજી વિશેષતા બ્લૅકહામની 'વિકેટ કીપિંગ'થી હતી. પોતાની પાછળ બીજો કોઈ પણ ફીલ્ડર રાખ્યા વગર, ગમે તેવી ફાસ્ટ બોલિંગ વખતે પણ વિકેટ કીપિંગ કરનાર આ પહેલો જ ક્રિકેટર હતો. અને સ્પોફોર્થ તથા બ્લૅકહામની જોડી આગળ ભલભલા બૅટ્સમેનને પણ બહુ સાવચેત રહેવું પડતું. સ્પોફોર્થે જેમ બોલિંગની કલાને નવું જ રૂપ આપ્યું, તેમ બ્લૅકહામે પણ વિકેટ કીપિંગની કલાને નવીનતા આપી. એ બંનેનાં નામ ક્રિકેટના ઇતિહાસમાં અમર સ્થાન ભોગવે છે.

૧૮૭૮–૭૯માં લૉર્ડ હૅરિસ ઈંગ્લંડથી એક ટીમ લઇ ઑસ્ટ્રેલિયા જઇ રમી આવ્યા, ત્યાર પછી ૧૮૮૦માં મિ. મરડૉક ફરીથી ઑસ્ટ્રેલિયન ટીમ લઇ ઇંગ્લંડ રમવા આવ્યો. આ વેળા ઇંગ્લંડે દેશના સારામાં સારા રમનારા ચુંટીને ઑસ્ટ્રેલિયન ટીમને સામનો આપ્યો. એ મૅચમાં મરડૉકે ૧૫૩ રન કરી ઑસ્ટ્રેલિયન ક્રિકેટની કીર્તિ વધારી. ઈંગ્લંડ તરફથી મિ. ડબ્લ્યુ. જી. ગ્રેસે પણ ૧૫૨ રન કર્યાં.

ડબ્લ્યુ. જી.

ઑસ્ટ્રેલિયન ક્રિકેટરો સ્પોફોર્થ અને બ્લૅકહામે જેમ બોલિંગ અને વિકેટ કીપિંગને નવાં રૂપ આપ્યાં, તેમ ઈંગ્લંડના વિખ્યાત ક્રિકેટર ડબ્લ્યુ. જી.એ બૅટિંગ-ને ઘડી નવીન રૂપ આપ્યું. એ હમેશાં 'ચૅમ્પીઅન'



ડબ્લ્યુ. જી. ગ્રેસ

તરીકે જ ઓળખાય છે, અને ક્રિકેટની તવારીખમાં અમર નામના ભોગવે છે. એ ૪૦ વર્ષ સુધી ક્રિકેટ રમ્યા, અને એટલી મુદતમાં ૫૪,૦૯૬ રન કર્યા. બોલર તરીકે પણ એમણે સારૂં નામ મેળવ્યું છે અને જુવાનીમાં ફીલ્ડિંગમાંપણ સારા ગણાતા. ફાસ્ટ બોલિંગ રમવામાં તો એ એક્કો.

આ પછી ૧૮૮૧–૮૨માં આલ્ફ્રેડ શૉના હાથ નીચે ઇગ્લંડની ટીમ ઑસ્ટ્રેલિયા ગઇ, અને ૧૮૮૨માં ફરીથી મરડૉકની કૅપ્ટન્સી તળે ઑસ્ટ્રેલિયન ટીમ ઈંગ્લંડ આવી. આ વખતે ઇંગ્લંડ આખાના ચુનંદા ખેલાડીઓની એક ટીમ તૈયાર થઇને ઑસ્ટ્રેલિયા સામે રમી, અને ઘણી રસાકસીને અંતે ઈંગ્લંડે હાર ખાધી. ઑસ્ટ્રેલિયાની આ મહાન જીત સૌએ ખુલ્લા દિલથી કબુલી, કેમકે રમતમાં ઘણી જ પ્રવીણતા અને બહાદુરી દાખવ્યા પછી જ એ મોંઘી જીત તેમને મળી હતી. આ જીતથી એમણે સિદ્ધ કર્યું કે ઇગ્લંડ કંઇ ક્રિકેટમાં અજીત નથી.

'ઍશિઝ'

ઇગ્લંડ પર આ હારની અસર પણ ઓછી ન થઇ. ઘણાઓએ તો શોક પ્રદર્શિત કરી હાથે કાળા પટ્ટા પહેર્યા, અને, ત્યાંના રમતગમતના વર્તમાનપત્ર 'સ્પોર્ટિંગ ટાઇમ્સે' લખ્યું છે તેમ, ઇગ્લંડે પોતાના





ઉપર: જેમાં 'ઍશિઝ' ઑસ્ટ્રેલિયા લઇ જવામાં આવેલી, અને જે ઇગ્લંડ પાછું જીતી લાવેલું તે કપ

બાજુએ : ગીફેન

ક્રિકેટના શરીરને અગ્નિદાહ દીધો અને એની રાખ (ઍશિઝ) ઑસ્ટ્રેલિયન ટીમ પોતાને દેશ લઇ ગઇ. આખા ઇગ્લંડની ક્રિકેટ આલમે શોક પાળ્યો.

પરંતુ થોડા જ વખત પછી ઑન. આઇવો બ્લીઘ એ 'ઍશિઝ'ને પાછી જીતી લાવવાનું બીડું ઝડપી ઑસ્ટ્રેલિયા ગયા. ત્યાં એ ધાર્મિક યુદ્ધમાં જીત મેળવી આ પવિત્ર રાખ ઇગ્લંડ લાવવાને સમર્થ થયા, અને આમ ઇગ્લંડનું નાક રહ્યું.

ત્યાર પછી ૧૮૮૪માં મરડૉક ત્રીજીવાર ઑસ્ટ્રેલિયન યોદ્ધાઓને લઇ ઈંગ્લંડના ક્રિકેટદુર્ગ ઉપર ચડી આવ્યો. આ વખતે એવો ઠરાવ થયો કે ફક્ત એક જ મૅચની હારજીત ઉપરથી ક્રિકેટમાં કોણ વધારે બળવાન છે તેનો નિર્ણય ન કરતાં ત્રણ મૅચો સારામાં સારા ખેલાડીઓ વચ્ચે રમાડવી અને પછી નિર્ણય કરવો. આમ એક બાજુ ઇગ્લંડના ચુનંદા ક્રિકેટરો અને બીજી બાજુ ઑસ્ટ્રેલિયાથી આવેલી સારામાં સારા ખેલાડીઓની ટીમ વચ્ચે એકને બદલે ત્રણત્રણ દ્વંદ્વ યુદ્ધો થયાં. આ વેળા મરડૉકે જ પોતાનું પાણી રાખ્યું.

ફરી પાછી એક ૧૮૮૪–૮૫માં અને બીજી, '૮૬માં, એમ બે વાર ઇગ્લંડથી ક્રિકેટટીમો ઑસ્ટ્રેલિયા



ટેરર બોલર ટર્નર (બેઠેલો) અને ફેરિસ



ઇંગ્લંડનો વિકેટકીપર મૅકગ્રેગર

ગઇ. એમાં ઘણાખરા બાહોશ રમનારા તથા શૉ અને શ્યુસ્બરી જેવા નામાંકિત અને ઉત્તમ ખેલાડીઓ હતા. પણ એ બધા યે 'પ્રોફેશનલ્સ' (ધંધાદારી) હોવાથી પહેલી વાર એમની સામે કોઇ રમ્યું નહિ; અને બીજી વાર રમ્યા ત્યારે ઘણી વાર ઑસ્ટ્રેલિયાએ સખત માર ખાધો.

વળી એક વાર '૮૬માં જ ઑસ્ટ્રેલિયાએ પોતાના ઉત્તમ ક્રિકેટરોની ટીમ ઇંગ્લંડ મોકલી. આ વેળા મરડૉક સાથે નહોતો, અને એની ગેરહાજરી સૌને જણાઇ. પરંતુ આ વખતે ગીફેને રંગ રાખ્યો. એણે ચોતરફી કુશળતાથી પોતાની ટીમને ખુબ મદદ કરી અને ખ્યાતિ મેળવી.

ટેરર બોલર ટર્નર

ઈંગ્લંડમાં પણ હવે પોતાની ટીમો ઑસ્ટ્રેલિયા મોકલવાનું લોકપ્રિય થઇ ગયું. '૮૭-૮૮માં એણે લૉર્ડ હૉક અને આર્થર શ્યુસ્બરીના હાથ તળે બે ટીમો ઑસ્ટ્રેલિયા મોકલી, અને ત્યાર પછી ઑસ્ટ્રેલિયનોની ટીમ છઠ્ઠીવાર ઈંગ્લંડ આવી. એમાં ઘણા સારા નવા રમનાર હતા અને એનો કૅપ્ટન મૅકડોનલ ગજબનો 'હિટર' હતો. પણ એમનામાંથી ટર્નર અને ફેરિસ નામના બે બોલરોએ તો ઘણી જ ખ્યાતિ મેળવી. સ્પોફોર્થ જેમ 'ડેમન' બોલર તરીકે ખ્યાતિ પામ્યો હતો તેવી જ રીતે ટર્નર 'ટેરર' બોલર તરીકે ઓળખાવા લાગ્યો.

મૅકગ્રેગર

આ પછી, પાંચ વર્ષની ઉત્તમ પંક્તિની રમતમાં ગેરહાજરી આપ્યા બાદ મરડૉક ફરીથી ૧૮૯૦માં ઑસ્ટ્રેલિયાથી આવેલી ટીમ જોડે ઇંગ્લંડ આવ્યો. પણ હવે એ પહેલાંના જેવો રમનાર રહ્યો નહોતો, અને એ ટીમ પણ બહુ ફતેહમંદ ન થઇ. પણ આ વખતની રમતમાં ઑસ્ટ્રેલિયા તરફથી બ્લૅકહામે અને ઈંગ્લંડ તરફથી મૅકગ્રેગરે બહુ જ સરસ વિકેટ કીપિંગ કરીને લોકો પર ઉત્તમ છાપ પાડી.

૧૮૯૧-૯૨માં લૉર્ડ શેફિલ્ડ ઇંગ્લંડથી એક ઘણી જ સરસ ટીમ ઑસ્ટ્રેલિયા લઇ ગયા. એમાં ડબ્લ્યુ. જી., સ્ટૉડાર્ટ, મૅકગ્રેગર, એબલ, એમ. રીડ, પીલ, લોહમૅન, ઍટવેલ, બ્રિગ્સ જેવા નામચીન ને ખેલાડી ક્રિકેટરો હતા. ઑસ્ટ્રેલિયામાં ત્રણ મોટી મૅચો રમાઇ જેમાંની પહેલી બે ઑસ્ટ્રેલિયા જીત્યું અને ત્રીજી મૅચ ઇંગ્લંડ એક ઇનિંગ્ઝે જીત્યું. આ ઉપરથી લાગે છે કે ઑસ્ટ્રેલિયામાં ક્રિકેટ પાછી સારા પાયા ઉપર આવી



ટૉમ રિચાર્ડસન : ફુલ સ્પીડ અહેડ



રણજિતસિંહ : 'જૅમ રન્જી'

પહોંચી હતી. આ વખતે ઑસ્ટ્રેલિયામાં લીઑન્સ જેવો પ્રખ્યાત હિટર હતો. ગમે તેવા સારા બોલરના good length અને સારામાં સારા બૉલને એ બાઉન્ડ્રી ઉપર જ મોકલતો. એનું સ્થાન હિટર તરીકે ક્રિકેટમાં અજોડ છે.

૧૮૯૩માં આઠમી વાર ઑસ્ટ્રેલિયાએ પોતાના વીણીવીણીને એકઠા કરેલા ઉત્તમોત્તમ ક્રિકેટરોની એક ટીમ ઇંગ્લંડ મોકલી, છતાં એમાંથી ગીફેન સિવાય કોઇએ કાંઈ ખાસ પાણી બતાવ્યું નહિ.

ટેસ્ટ મૅચ

ઇ. સ. ૧૮૯૪–૯૫માં સ્ટૉડાર્ટની સરદારી નીચે જે ટીમ ઇંગ્લંડથી ઑસ્ટ્રેલિયા ગઇ તેની સામે ઑસ્ટ્રેલિયનો પાંચ મૅચો રમ્યા. આ વખતે ઇંગ્લંડની ટીમમાં ડબ્લ્યુ. જી., જૅક્સન અને શ્રુસ્બરી જેવા રમનારા નહોતા, એટલે એ બહુ ઉત્તમ ટીમ તો ન જ કહેવાય. એ પાંચમાંની પહેલી બે મૅચો ઇંગ્લંડ જીત્યું અને પછીની બીજી બે ઑસ્ટ્રેલિયા જીત્યું. આનું પરિણામ એ આવ્યું કે એ બે વચ્ચેની પાંચમી છેલ્લી મૅચની રસાકસી જોવાને અસંખ્ય લોકો હજારો માઇલની મુસાફરી કરી આવ્યા; અને મૅચ પણ એને શોભે એવી જ રમાઇ. એમાં જીત ઇંગ્લંડની થઇ. આ મૅચને સૌએ 'ટેસ્ટ મૅચ' એવું નામ આપ્યું, અને તે દહાડાથી હવે ઇંગ્લંડ ઑસ્ટ્રેલિયા વચ્ચેની એ મૅચો 'ટેસ્ટ મૅચ' કહેવાય છે.

ટૉમ રિચાર્ડસન


આ વખતની મૅચોમાં ઇંગ્લંડ તરફથી ટૉમ રિચાર્ડસને બોલર તરીકે ખુબ યશ મેળવ્યો. દરેક ટેસ્ટ મૅચમાં એણે બહુ જ ફાંકડી બોલિંગ કરી અને છેલ્લી પાંચની મૅચમાં તો ખતમ જ કરી. એનું પ્રચંડ શરીર એના બળની સાક્ષી પુરતું; એના કાળા વાળ અને હસતો ચહેરો એનો નિખાલસ સ્વભાવ પ્રકટ કરતાં. એ આકર્ષક વ્યક્તિ હતો. પોતાની ફાસ્ટ બોલિંગથી ભલભલા ઑસ્ટ્રેલિયન બૅટ્સમેનોને ઉખેડવા મથતો જેણે એને જોયો હશે તે અવશ્ય કહેશે કે એથી વધારે આકર્ષક ક્રિકેટનું દશ્ય બીજું એકે નથી. છ વર્ષની બોલિંગના સખત શ્રમથી આખરે એની તબિયત ભાંગી પડી અને પરિણામે એ નકામો થઇ ગયો.

૧૮૯૬માં નવમી ઑસ્ટ્રેલિયન ટીમ ઇંગ્લંડ આવી. આ ટીમનો કેપ્ટન ટ્રૉટ હતો. ૧૮૮૪ પછી આ જ ટીમ સારી કહેવાય. એની સાથે રમ્યા પછી ઇંગ્લંડમાં બધાને ખાતરી થઈ કે ઑસ્ટ્રેલિયામાં જે રમનારા હવે પાકે છે તે ઇંગ્લંડના બળની ખબર લે તેવા હોય છે. આંકડા પણ એ જ સાબીતી આપે છે. ઇ. સ. ૧૮૯૭થી ૧૯૦૨ સુધીમાં ઑસ્ટ્રેલિયા ૧૧ ટેસ્ટ





જી. એલ. જેસપ



ઉપર
એ. સી. મૅક્લેરન
બાજુએ
એસ. એફ. બાર્ન્સ

મૅચો જીતી ગયું, ફક્ત ત્રણમાં જ હાર ખાધી અને ૭ મૅચો ડ્રૉ થઇ.

૧૮૯૯માં ઑસ્ટ્રેલિયાએ ડાર્લિંગની કૅપ્ટન્સી નીચે જે ટીમ ઇંગ્લંડ મોકલી તેને હરાવવી ઇંગ્લંડને બહુ વસમી થઇ પડી. ટ્રમ્બલ, નોબલ ને હોઉવેલ જેવા એમના બોલરો હતા, ને બૅટિંગમાં પણ એ લોકો બહુ મજબુત હતા. આ વખતે માત્ર એક જ ટેસ્ટ મૅચ પુરી રમાઇ, પણ એમાં તો એમણે અંગ્રેજોને ખુબ સખત માર માર્યો. આ ટીમ ૧૮૮૨ની ટીમ જેવી જ સારી કહેવાય.

' રન્જી '

ઈંગ્લંડની ક્રિકેટનો પણ આ સારો વખત હતો. એમનામાં આ વખતે જૅકસન, મૅકલેરન, ફ્રાય, રણજીતસિંહ અને હેવર્ડ જેવા ઉસ્તાદ ક્રિકેટરો પડ્યા હતા. એમાં રણજીતસિંહ–ક્રિકેટપ્રેમીઓનો લાડકડો ' રન્જી '—તો આ વેળા ઇંગ્લંડની ક્રિકેટનું નાક હતો. જેમ ડબ્લ્યુ. જી. ક્રિકેટમાં ચૅમ્પીઅન તરીકે અદ્વિતીય સ્થાન ભોગવે છે, તેમ ' રન્જી 'એ ક્રિકેટના ' જીનિયસ ' –જાદુગર–તરીકે અમર નામના મેળવી છે. ઈંગ્લંડના બોલરોમાં આ વખતે લૉકવુડ સર્વોપરિ ગણાતો, પણ એને, કોણ જાણે કેમ, બધી મૅચોમાં ન રમાડવામાં આવ્યો, અને આથી ઈંગ્લંડ બધી મૅચો જીતી ન શક્યું.

ઈ. સ. ૧૯૦૧–૦૨માં મૅકલેરનની કૅપ્ટન્સી નીચે ઇંગ્લંડની એક ટીમ ઑસ્ટ્રેલિયા ગઇ, પણ એ કાંઇ બહુ ફતેહમંદ ન થઇ. પહેલી મૅચ જીતી, બીજી ચારે ય એ હારી ગઇ. એમાં બાર્ન્સની બોલિંગે કમાલ કરી. મૅકલેરને પોતે પણ બહુ જ સરસ બૅટિંગ કરી પોતાની ટીમને ખુબ મદદ કરી.

૧૯૦૨માં ઑસ્ટ્રેલિયનો ફરીથી એકવાર આવ્યા. જેમ ઑસ્ટ્રેલિયામાં પાંચ ટેસ્ટ મૅચો રમાતી. તેમ ઈંગ્લંડમાં હજી ત્રણ જ ટેસ્ટ મૅચો રમાતી. આમાંથી એક વરસાદને લીધે અધુરી રહી, બીજીમાં બહુ જ રસાકસી પછી ઑસ્ટ્રેલિયનો ત્રણ રને જીત્યા અને ત્રીજીમાં એટલી જ રસાકસી પછી ઑસ્ટ્રેલિયા હાર્યું. ઑસ્ટ્રેલિયનો માટે એમ કહેવાય છે કે જેમજેમ મૅચ





લૉકવુડ

ઈંગ્લંડના બોલરો

←'ગુગલી' બોલિંગનો શોધક બોઝાન્કવેટ

બૉલને ઑફથી બ્રેક પાડવો: અને આમાં બોલિંગની આબાદ લેંગ્થ ઉમેરો,—પછી આ નવી બોલિંગની કાતિલ અસરનું પુછવું જ શું ? જોકે હવે તો આ બોલિંગ સામે પણ બહુ સહેલાઇથી રમનારા પડ્યા છે.

૧૯૦૩માં પ્લમ વૉર્નરની કૅપ્ટન્સી નીચે ઈંગ્લંડથી ગએલી ટીમમાં પણ બોઝાન્કવેટની એ બોલિંગે જ મુખ્ય ભાગ ભજવેલો અને ઑસ્ટ્રેલિયન બૅટ્સમેનને મુંઝવેલા. આમ છતાં પણ ઑસ્ટ્રેલિયન બાજુમાંથી ટ્રમ્પરે પોતાની અતુલ બૅટિંગ માટે નામના મેળવી. એ વખતનો તે સારામાં સારો બૅટ્સમૅન ગણાતો. આ ઉપરાંત ઈ. સ.૧૯૦૭ માં પણ એક ટીમ ઈંગ્લંડથી ગએલી

રસાકસીએ ચડે તેમતેમ ઑસ્ટ્રેલિયન રમનારાઓને ખુબ પાણી ચડે છે, અને રમતના છેક છેલ્લા બૉલ સુધી પણ એ લોકો પ્રયત્ન નહિ છોડવાના. એ પ્રસંગે જેસપે પોતાની હિટિંગ શક્તિથી ખુબ નામ કાઢ્યું. એ ફીલ્ડર તરીકે પણ ભારે જબરો હતો.

૧૯૦૫માં ડાર્લિંગ ત્રીજી વાર ઑસ્ટ્રેલિયન ટીમને પોતાની કૅપ્ટન્સી નીચે ઈંગ્લંડ લાવ્યો, અને એક પણ ટેસ્ટ મૅચ જીતી ન શક્યો. જોનારના દષ્ટિબિંદુથી ઑસ્ટ્રેલિયન બૅટિંગ બહુ આકર્ષક હતી, પણ મૅચ જીતી આપે એવી સમર્થ નહોતી;—જોકે એ ટીમમાં ડાર્લિંગ, ટ્રમ્પર, નોબલ, આર્મસ્ટ્રૉંગ, ડફ અને હિલ જેવા ઉત્તમ રમનારાઓ હતા.

ગુગલી બોલિંગ

આ વખતે ઇંગ્લંડે નવી જાતની બોલિંગ કરી શકે એવો બોલર ઉત્પન્ન કર્યો હતો. એનું નામ બોઝાન્કવેટ. એણે 'ગુગલી' બોલિંગ શોધી કાઢી, અને એ નવી બોલિંગ આગળ ઉપલા ઑસ્ટ્રેલિયન ઉસ્તાદોની બૅટિંગ પણ ઝાંખી પડી.

ગુગલી બોલિંગ એટલે ઑફ તરફથી બ્રેક થાય એવા બોલિંગના ઍક્શનથી બૉલને લેગ બાજુથી બ્રેક કરવો, અને લેગ તરફથી બ્રેક થાય એવા ઍક્શનથી

એમ. સી. સી.

ઈ. સ. ૧૯૦૩થી મેરીલેબોન ક્રિકેટ ક્લબ—એમ. સી. સી.—એ આખા ઈંગ્લંડમાંથી ચુનંદા ખેલાડીઓ ચુંટી કાઢીને ઑસ્ટ્રેલિયા ટીમો મોકલવાનું શરૂ કર્યું. આ પહેલાં ટીમો જુદાજુદાના આશ્રય હેઠળ જતી, પણ હવેથી એમ.સી.સી.નો જ આશ્રય શરૂ થયો.



ઑસ્ટ્રેલિયાના સર્વોપરિ બૅટ્સમૅન ટ્રમ્પરનો ડ્રાઈવ

આ ક્લબ આજ ૧૦૪ વર્ષની જુની છે. અત્યારે એમાં ૩૫૦૦ સભ્યો છે અને એના આશ્રય હેઠળ લગભગ ૧૫૦ થી ૨૦૦ જુદીજુદી મૅચો રમાય છે. ૧૯૦૩થી ઈંગ્લંડમાં બધી ટેસ્ટ મૅચો એના આશ્રય નીચે જ રમાય છે. આ ઉપરાંત, જ્યાંજ્યાં ક્રિકેટ રમાય છે તે સર્વ સ્થળે ક્રિકેટના કાયદા ઘડનાર અને સાચવનાર તરીકે એમ.સી.સી. જ સર્વમાન્ય છે. ટુંકામાં એ સૌથી પ્રથમ સ્થાન ભોગવતી ક્લબ છે અને ક્રિકેટ રમનાર દરેક એના તરફ ગૌરવથી જુએ છે.

ઇ. સ. ૧૯૦૯માં નોબલની કૅપ્ટન્સી નીચે ઑસ્ટ્રેલિયન ટીમ ઇંગ્લંડ આવી. નોબલે કૅપ્ટન તરીકે ખુબ યશ મેળવ્યો, પણ એ ટીમ સાધારણ કહેવાય. પાંચમાંથી ફક્ત બે જ ટેસ્ટ મૅચ નોબલ જીતી શક્યો. આ ટીમમાં અત્યારના પ્રખ્યાત મૅકકાર્ટની અને બાર્ડસલી પહેલી જ વાર ઈંગ્લંડ આવ્યા.


૧૯૧૧-૧૨માં એમ.સી.સી.ના આશ્રય હેઠળ કૅપ્ટન પ્લમ વૉર્નર ઈંગ્લંડની ટીમને ઑસ્ટ્રેલિયા લઇ ગયો, પણ તેની માંદગીને લીધે ડગલાસ કૅપ્ટન થયો. આ વખતે ઇંગ્લંડે પાંચમાંથી ચાર ટેસ્ટ મૅચ જીતી ઘણું માન મેળવ્યું. ઇ. સ. ૧૯૦૮થી હાલના પ્રખ્યાત અને ઉત્તમ બૅટ્સમૅન હૉબ્સે ક્રિકેટની દુનિયામાં દેખા દેવી શરૂ કરી હતી. તેણે આ વખતે પોતાની અત્યુત્તમ બૅટિંગનો પ્રભાવ ઑસ્ટ્રેલિયનો ઉપર બેસાડ્યો, અને ત્રણ ટેસ્ટ મૅચમાં ત્રણ 'સેન્ચ્યુરીઓ' કરી ખુબ નામના મેળવી.

આ પછી આખી દુનિયાને પોતાના રાક્ષસી પંજામાં જકડતો મહાન યૂરોપીય વિગ્રહનો દાવાનળ સળગ્યો. એમાં પોતાના દેશની આબરૂ સાચવવા યુવાનો બહાર પડવા લાગ્યા, વિદ્યાપીઠો ખાલી થઇ અને રમતનાં મેદાનો સુનાં પડ્યાં. છેવટે જ્યારે યુદ્ધ બંધ પડ્યું, વાતાવરણ શાંત થયું અને લોકો પાછા પોતાને કામે વળગ્યા ત્યારે ક્રિકેટ પણ પાછી શરૂ થઈ. પણ કેવી દશામાં? ઘણા સારા યુવાન ઉગતા ક્રિકેટરો તો યુદ્ધમાં હોમાઇ ગયા હતા! ઈંગ્લંડને એમાં સૌથી વધારે સહન કરવું પડ્યું, અને એની અસર ૧૯૨૧ની બે તથા ૧૯૨૪-૨૫ની ત્રીજી, એમ ત્રણે ટેસ્ટ મૅચોમાં ઈંગ્લંડ પર પુરેપુરી થઇ. એ ત્રણે વખતે ઈંગ્લંડ હાર્યું.

પણ હવે તો ઈંગ્લંડે એ ખાડો પુરી દઇને પોતાની

[અનુસંધાન બાજુના કોલમને છેડે]

સ્કાઉટ અને સ્વચ્છતા



'સ્કાઉટીંગ ફૉર બૉય્ઝ'ની એક અમેરિકન આવૃત્તિમાં વાંચેલી, ત્યાંના સ્કાઉટોએ લેવી પડતી ત્રણ પ્રતિજ્ઞાઓમાંની ત્રીજી અહીં ખાસ નોંધવા જેવી છે: 'હું શરીરે તંદુરસ્ત, મનથી જાગૃત અને રહેણીમાં પવિત્ર રહેવા વચન આપું છું.'

એ નાના સરખા દેખાતા વચનમાં ઘણો સમાસ થઇ જાય છે. સર બેડન પૉવેલના સ્કાઉટિંગમાં લેવાતી પ્રતિજ્ઞામાં આવું કાંઇ નથી; પણ સ્કાઉટે પાળવા જોઇતા દસ નિયમોમાં, દસમો નિયમ ઉપરના વચનનું થોડુંક ભાન કરાવે છે: 'વિચાર, વાણી અને વર્તનમાં સ્કાઉટ પવિત્ર છે.' શરીરે તંદુરસ્ત, મનથી જાગૃત અને રહેણીમાં પવિત્ર રહેવા માટે દરેક સ્કાઉટે શું કરવું જોઇએ તે આપણે વિચારીએ. ઘણી વાર આપણે મજબુત થવાની ખોટી ભ્રમણામાં, ખાધા પીધા સિવાય, પગે ચાલીને અથવા સાઇકલ ઉપર, ઘણી લાંબી મુસાફરીઓ કરી નાખીએ છીએ. તેનું પરિણામ ધાર્યા કરતાં ઘણું જ ઉલટું આવે છે. તેમ કરવાથી લૂ લાગે છે, હૃદયરોગ થાય છે, અગર અકાળ વૃદ્ધત્વ આવી જાય છે. હદ ઉપરાંત વગરવિચારી મહેનત ખેડવાથી શરીર કસાય છે એ ખોટી ભ્રમણા છે. નિયમિત જુજ કસરત, શુદ્ધ સાદો ખોરાક અને ચોખ્ખી હવા જ માણસને મજબુત બનાવે છે.

જુની નિપુણતા અને સર્વોત્કૃષ્ટતા પાછી મેળવી લીધી છે. ગયા મહીનામાં ઈંગ્લંડમાં રમાએલી છેલ્લી ટેસ્ટ મૅચમાં થએલી ઇંગ્લંડની જીત એનું સબળ દૃષ્ટાંત છે.

ઉપલી વિગતવાર તવારીખ પરથી સમજાશે કે ઈંગ્લંડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાતી આ ટેસ્ટ મૅચોમાં જ ક્રિકેટની રમતનો ખરેખરો રસ જામે છે; અને એની આગળ બીજી સાધારણ મૅચો નિસ્તેજ જણાય છે. ખરેખર, ઈંગ્લંડ-ઑસ્ટ્રેલિયાનો આટલાં વર્ષોનો ક્રિકેટ જંગ એ ક્રિકેટની રમતના ઇતિહાસનો અતિશય રસભર્યો અને ઉજળો ભાગ છે.

'ચૈતન્ય'

ઉપર કહી તેવી ખોટી ભ્રમણામાં અમારા ચાર સ્કાઉટો સાઇકલ પર, ભાવનગરથી અમદાવાદ, ઉનાળાના પ્રખર તાપમાં અને પાણી વગરના ખરાબ રસ્તે લગભગ ૧૩૬ માઇલ ત્રણ દિવસમાં ગએલા. પ્રભુ ઇચ્છાથી તે સાજા તો રહ્યા, પણ અમદાવાદ પહોંચ્યા ત્યારે થાકીને મરણતોલ થઇ ગયા હતા. આવી મુસાફરીથી તો સ્કાઉટો મજબુત થવાને બદલે તુટી જાય છે અને આગળ જતાં કામ કરવાની તાકાત ગુમાવી બેસે છે. સ્કાઉટે જો તંદુરસ્ત રહેવું હોય તો પોતાનું લોહી શુદ્ધ અને ત્વરિત રાખવું જોઇએ.

શુદ્ધ લોહીનો આધાર, શુદ્ધ ખોરાક, યોગ્ય કસરત, પુષ્કળ સ્વચ્છ હવા તથા અંદર ને બહારની ચોકખાઇ પર છે. જાપાનીઝ લોકો દિવસમાં ત્રણ વાર નહાય છે અને તે પણ ખુબ ઘસીને, કે જેથી નસોમાં લોહી ત્વરાથી વહન કરે. જો કસરત કર્યા પછી નહાવામાં ન આવે તો અરધી કસરત નકામી જાય છે એવી તો એમની માન્યતા છે. નદી કે તળાવમાં બેસી મુઠીએ ને મુઠીએ શરીર પર રેતી ચોળીને તમે કદિ નાહી જોયું છે? તેવા સ્નાન પછીની શરીરની કુમાશ અને સ્ફૂર્તિ દરેકે અવશ્ય અનુભવવા જેવાં છે. આવી રીતે નહાવાથી ત્વચા સ્વચ્છ થાય છે ને તેથી લોહી પણ સ્વચ્છ થાય છે, અને પરિણામે માણસ તંદુરસ્ત રહે છે.

રશિયા અને જાપાન વચ્ચે થએલી લડાઇમાં જાપાનીઝો બહુ જ જુજ સંખ્યામાં માંદા પડ્યા હતા અને ઘાયલ થએલા પણ જલદી સાજા થયા હતા, કેમકે તેઓ શરીરે તેમજ કપડે બહુ જ સ્વચ્છ રહેતા. બોઅર યુદ્ધમાં અંગ્રેજ સૈન્યના ઘણા જ માણસો માંદા પડ્યા હતા, કારણકે સ્વચ્છતાનો તેમને બરાબર ખ્યાલ ન હતો. જંગલમાં રખડતા સ્કાઉટોને અવારનવાર માંદા પડવું પાલવે નહિ. તેમણે તો અવશ્ય તંદુરસ્તીના નિયમો આચરવા જોઇએ.

એક વખત દીવાળી ઉપર અમે સ્કાઉટ કૅમ્પ ઉઘાડેલો. એમાંની લગભગ અરધી સંખ્યા આઠ દિવસની અંદર માંદી પડી ગઇ! કોઇને મચ્છર કરડ્યા, કોઈકને ઠંડા પાણીએ નહાતાં શરદી લાગી અને કેટલાકને ખુલ્લા આકાશ નીચે સુવાથી ઠંડી લાગી ગઇ! આવી મુલાયમ તબિયત તો આપણને પાલવે જ નહિ. હિંદુસ્તાનમાં તો લગભગ આપણે આઠ માસ બહાર સુઇ શકીએ તેવી ઋતુ ને હવા છે; તો બહાર સુવાની તેમજ ઠંડે પાણીએ નહાવાની ટેવ આપણે શા માટે ન પાડીએ? ઇગ્લંડ જેવા ઠંડા મુલકમાં પણ છોકરાઓ મોટે ભાગે જ્યારે બરફ પડતો હોય ત્યારે ઠંડું પાણી માથા પર રેડવાની ટેવ પાડે છે. ઠંડે પાણીએ માથે નહાવાથી મન બહુ જ શાન્ત રહે છે.

હવે આપણે બે મુખ્ય અવયવોની સ્વચ્છતા વિષે વિચાર કરીએ: આંખ અને દાંત.

સ્કાઉટિંગમાં નિરીક્ષણનું કામ ખાસ અગત્યનું હોઇ દરેક સ્કાઉટની આંખો તો બહુ જ સારી જોઇએ. હમેશાં દૂરદૂર નજર નાખવાની ટેવ રાખવાથી આંખના સ્નાયુઓ મજબુત થાય છે. બચપણમાં આંખોના સ્નાયુઓ નબળા હોય છે, તેથી એ વયે તેનો ઉપયોગ જેમ બને તેમ ઓછો કરવો. બને ત્યાં સુધી રાત્રે દીવા પાસે વાંચવું નહિ, અને દિવસે પણ પ્રકાશ તરફ પીઠ કરીને જ વાંચવું. વાંચતાં જો કપાળ પર તથા આંખો પાસે કરચલી પડે તો સમજવું કે આંખોમાં કંઇક ખામી છે. ઇગ્લંડમાં નીશાળે જતાં છોકરાંમાં દસ ટકા કાચી આંખોવાળાં માલુમ પડ્યાં છે. આ ઉપરાંત કેટલાકની આંખો તો એવી ખામીવાળી હોય છે કે જુદાજુદા રંગો પણ તે પારખી શકતા નથી. આ જાતનાં માણસો રેલવેની નોકરીમાં બીનઉપયોગી નીવડે છે. આ દોષ જુદાજુદા રંગોના કાગળો વારાફરતી દેખાડી તથા ઓળખાવી દૂર કરી શકાય છે. એક જ દૃષ્ટિપાતે ઘણું જોઈ લેવાની તથા તેનું યથાસ્થિત વર્ણન કરવાની ટેવ દરેક સ્કાઉટને હોવી જોઇએ, અને તેટલા માટે તેમની તો આંખો બહુ જ સારી હોવી જોઇએ તથા તેની સંભાળ બચપણથી લેવાવી જોઇએ. કીમ્સ ગેમ અથવા ટ્રૅકિંગથી તથા રાત્રે દીવાના સિગ્નલિંગથી આંખો તીવ્ર બને છે.

વિલાયતનાં બાળકો કરતાં હિંદનાં બાળકોના દાંત ઘણા સારા હોય છે; જ્યારે હિંદુસ્તાનના માણસોના દાંત કરતાં વિલાયતના માણસોના દાંત વધુ સારા હોય છે. સારાંશ કે કુદરતથી આપણને દાંત સારા મળે છે, પણ બેદરકારીથી આપણે તેને બગાડી નાખીએ છીએ; જ્યારે અંગ્રેજ લોકો ખરાબ દાંતને પણ સાફ રાખી જાળવી રાખે છે. માણસે બે વખત તો અવશ્ય દાતણ કરવું જોઇએ; તેમજ જમ્યા પછી પણ મોઢું

ખુબ સાફ કરવું જોઇએ. પાનસોપારી તથા તમાકુ જેવા પદાર્થો ચાવી પૈસા, સમય તેમજ દાંતનો વ્યય આપણે ન જ કરવો જોઇએ. મોઢું સાફ ન હોય તો અંદર અનેક જાતની જીવાત ઉત્પન્ન થાય છે ને તે પેટમાં જઇ ઘણી જ જાતના વ્યાધિઓ પેદા કરે છે. સારા દાંત ન હોય તો ખોરાક બરાબર ચાવી શકાય નહિ, એટલે તે પચે નહિ, એટલે તબિયત અવશ્ય બગડે. દક્ષિણ આફ્રિકાના યુદ્ધમાંથી ત્રણ હજાર માણસોને ઇંગ્લંડ પાછા મોકલી દેવા પડયા હતા કેમકે તેમના દાંત ખરાબ હતા, અને તેથી સુકાં બિસ્કિટ જે તેમને ખાવાનાં હતાં તે તેઓ ખાઈ શકે તેમ ન હતા ! આપણી તબિયત ખાતર તેમજ જંગલમાં જે કંઇ કાચુંપાકું ખાવાનું મળે તે પર રહી શકીએ તેટલા માટે સ્કાઉટે પોતાના દાંત અવશ્ય સાફ રાખવા જોઇએ. દરેક ટ્રુપમાં આંખ ને દાંતનું તો ખાસ નિરીક્ષણ રાખવાની જરૂર છે.

ગજાનન ભટ્ટ

પાંચ પ્રસંગો [૨]

૧૯૨૧ના નવેમ્બરમાં વિલાયતના પ્રિન્સ ઑફ વેલ્સને હિંદ આવવાનું નક્કી થયું હતું. અસહકારનો અગ્નિ હજી હોલવાયો ન હતો, પણ સરકારને વાતાવરણમાં કાંઇક શાંતિ લાગેલી. મુંબાઇને કિનારે પ્રિન્સને વધાવવાનું મુહૂર્ત હતું.

પ્રિન્સને આવકાર આપવા તૈયારીઓ પણ ખુબ જ કરવાની હતી. માને તેને મનાવીને સાથે રાખી કામ કરવા સરકાર ઇંતેજારી બતાવતી. કોઇક ઠેકાણે મેળો તો કોઇક ઠેકાણે બીજી કોઇ ઠઠ ભેગી મળવાની હોય. માનપત્ર અને વરઘોડા જેવાં સરઘસોની પણ ધમાલો હતી. આ સર્વમાં લશ્કરને ખુબ જ ભાગ લેવાનો હતો. શીખ, ગુરખા, અંગ્રેજ અને ટેરિટોરિયલ રેજિમેન્ટ્સ બોલાવેલી. વિગ્રહમાં છાતી ઉપર ગોળીઓ ઝીલનારા યોદ્ધાઓ શાંતિના સમયમાં સરકારના શણગારો છે. લશ્કરના દોરદમામ ને ભભકો એવાં કે લોકો સહેજે અંજાઇ જાય. લશ્કરનો રૂઆબ તેની યંત્રવત્ બની ગએલી શક્તિઓમાં છે.

ઇન્ડિયન ડિફેન્સ ફોર્સમાં એક વર્ષ ગાળી, તરતની ઉભી થએલી યુનિવર્સિટી કોરમાં હું તાજો જ જોડાએલો હતો. એક વર્ષના રેડ ક્રૉસના અને એક વર્ષના ડિફેન્સ ફોર્સના અનુભવે લશ્કરી ઠાઠમાઠ, અભિનય અને રીતરીવાજોથી થોડોક તો માહિતગાર હતો. પ્રિન્સના આગમન ઉપર અમને પણ 'તેમને માન આપવા જવાનું આમંત્રણ મળ્યું હતું. આપણે તૈયાર હતા. તૈયારીમાં દરરોજ પરેડ કરવા જવું પડતું. 'સ્લોપ આર્મ્સ' અને 'પ્રિઝેન્ટ આર્મ્સ'ના હુકમો તો ઉંઘમાં યે સાંભળીએ તો કરવા મંડી પડીએ એવી ટેવ પડી ગએલી. ખાતાંખાતાં કોઇ 'એટેન્શન' કહે તો હાથમાંથી કોળિયો પડી જાય ! છતાં યે દરરોજ તે કરવા જવાનું તો ખરૂં જ.

પ્રિન્સના આવવાને દિવસે સવારના છ વાગતામાં ઉગતી ન ઉગતી તો યે દાઢી મુંડી, બની ઠની પરેડ ઉપર પહોંચ્યા. આજે શરીરની સર્વ ચાલાકી, ચપળતા અને જાગૃતિને એકત્ર કરવાનાં હતાં. નવેક વાગતાં સલામી આપવાની ઢબમાં અમે રસ્તા ઉપર બે બાજુએ એક હારમાં ગોઠવાયા, બંદુક ઉપર બૅયોનેટો ચડાવી અને જીવતાં પુતળાં જેવા અમે સ્થિર ઉભા. પ્રસંગ પડે તો વાપરવા માટે અમને દસદસ જીવતાં કાર્તુસ પણ આપેલાં; અને અમારી પણ હુકમ મળે તો ગમે તેની સામે ઝુકાવવા તૈયારી જ હતી.

બીજી બાજુ અસહકારીઓની પણ તૈયારીઓ ચાલેલી. 'શાંતિ રાખજો' 'હડતાલ પાડજો'ના બોધ અપાતા હતા. લોકોને પ્રિન્સના વરઘોડા તરફ નજર પણ ફેરવવાની મના કરતો ફતવો બહાર પડેલો. લોકોએ અસહકારી હુકમનો ઉઘાડો તો ભંગ ન કર્યો; પણ આગલું બારણું બંધ રાખી પાછલે બારણે સર્વ થતું એ ખરી સ્થિતિ હતી. પ્રિન્સને સ્મશાન જેવા સુના રસ્તામાંથી પસાર કરવાનો લોકમનોરથ પળાયો નહિ. લેશમાત્ર ગીરદી નહિ હોય એ જોવાને બહાને લોકો ગીરદી કરતા ! તમાશાને કાંઇ તેડાં હોય ?

એક બાજુ પ્રિન્સની સવારી ચડી અને બીજી બાજુએ તારદેવ તરફ કંઇક તોફાન શરૂ થયું. ટ્રામના કાચ ફુટયા, કંઇક દુકાનો લુટાઇ અને વધારામાં કેટલાંકના માથાં પણ ફુટયાં. પોલીસ અને લશ્કર

પ્રિન્સના સન્માનમાં રોકાએલાં હતાં, નહિ તો તોફાનીઓની બરાબર ખબર લઈ નાખત. પ્રિન્સની સવારી તો વિના અડચણે પસાર થઇ.

અમને માર્ચ માટે તૈયારી કરી 'આર્મરી' તરફ કુચ કરવાનો હુકમ મળ્યો. ખુશમિજાજથી અમે બંદુક બૅયોનેટો સંત્રીના કબજામાં સુપ્રત કરી. કાર્તુસ પણ વગર વાપરેલાં રહ્યાં. અમને ભાગ્યે જ ખ્યાલ હતો કે એ બીજાઓને વાપરવા માટે પાછળ મુકતા જઇએ છીએ !

ફૉર્ટ મુકી ધોબી તળાવની એકાદ ખીચોખીચ ભરેલી ટ્રામ અમે પકડી. કન્ડકટર ઘંટડીઓ મારે તો યે પાટિયા ઉપર ચડીએ કે પાછળ કપ્લિંગ ઉપર ઉભા રહીએ. થોડે સુધી તો ટ્રામ ગઇ. ઠાકોરદ્વારનો રસ્તો આવતાં સામેથી મોટું ટોળું આવતું દેખાયું. 'ઉતરો ઉતરો 'ની બુમો અને કેટલાકના ગભરાટમાં શું થાય છે એ જાણવાની જીજ્ઞાસાએ અમે પણ ગતિમાં આવ્યા. ડ્રાઇવર અને કન્ડકટર ટોળાને ટ્રામની સુપ્રત કરી ઉતરી પડયા! સામેથી આવતા પથરાઓએ બળવાના ઇતિહાસનું સુચન કર્યું. અમે તો ખાખી લુગડે અને માથે મોટી ટોપીથી સોલજરના વેશમાં અર્ધા ક્રીશ્ચીઅન જેવા દેખાતા. આથી અમારો તો કાચની શીશી પેઠે ભુકો નીકળી જવાનો સંભવ હતો. અરધા જ કલાક પહેલાં અમે જે યમદૂત જેવા દેખાતા તે અત્યારે લાચાર બની ગયા. ધીરેધીરે આગળ ચલાવ્યું. 'મારો મારો 'ની બુમો અને 'પારસીઓ છે—પકડો 'ની પોકોથી અમને આવકાર મળતો. મવાલીઓનું ઝોલું પાસે આવતું તેમ અમારો જીવ આઘે જતો! 'હવે તો થાય તે ખરી' વિચારી માથેથી 'હેલ્મેટ' (લશ્કરી ટોપી) ઉતારી હાથમાં લીધી;—એવી આશાથી કે વખતે અમને ઓળખે અને બચી જઇએ. ઘડીભર તો જનોઇ કાઢી એ હાથમા ધરી રાખવાનું મન થતું ! ખેર બાળગોપાળ રડે એમ ન હતું એટલી એ ચિંતા તો ઓછી હતી.

મારી જોડે સ્વર્ગે સહગમન કરવા હવે માત્ર એક જ સહાધ્યાયી રહ્યો હતો. હોશકોશ ઉડી ગયા હતા. ઘડીભર વખતે મવાલીઓ પણ અમારા વેશથી કે અમારી કુમળી વયથી કે પાછળ લશ્કર આવતું હશે એ બીકથી અમને ધારીધારી જોતા.

એકબીજાનો હાથ ઝાલી થોડા કદમ આગળ ચાલ્યા એટલામાં કેટલાક મવાલીઓ અમારી ચોમેર ફરી વળ્યા. મારવા કરતાં દુકાનોની પેઠે અમને લુટવાનો તેમનો ઇરાદો હશે. એકાદ ઝાપટ પડી અને વધારે પડવાનો સંભવ મવાલીઓના હાવભાવમાં હતો જ. અમે જરાકે સામી બાથ ભીડવાને રાજી ન હતા. કહેવાય છે કે એક મરણિયો સોને ભારે; પણ અમારે તો જીવવું હતું. કેસરિયાં કરવા અમે જરા યે તૈયાર ન હતા. એટલે 'પડે ઉગમણી બુમ, આપ આથમણો નાસે' એ શીખામણ અક્ષરે અક્ષર માનવા ઉત્સુક હતા! ગમે તેમ, પણ છેવટે અમને પણ શૂર છુટયું. અમે અમારી મોટી ટોપીઓની ઢાલ વડે બને તેટલો બચાવ કરી દોટ મુકી. વગર શીખવ્યે, વગર હુકમે, સાધારણ માણસો તો શું પણ મોટી સેનાઓ પણ તીવ્ર અને નિયમિત નાસભાગ કરે છે. એ દોટમાં અમને શરમ ન હતી.

ઠાકોરદ્વારની કઇ ગલીઓમાં થઇ અમે મૃત્યુને હરાવવાની શરત કરી તે સાંભરતું નથી. ઘર પાસે આવતાં પરસેવો વળ્યો. દુનિયામાં હજી વધારે વર્ષો જીવવાના છીએ એવી અમારી ખાતરી થઇ. થોડા ઉઝરડા પડવા છતાં યે કચ્ચર મારથી અમે એના એ જ રહ્યા છીએ એ જોવા અરીસામાં મોં જોયું. એકાદ પળ આભારી નયન આકાશ તરફ વળ્યાં.

બીજાઓ કરતાં અમારી સ્થિતિ સારી હતી. ગોળપીઠા પર અમારામાંના એક જણનો લશ્કરી લેબાસ ઉતરાવી તેની હોળી કરેલી. કેટલાકની સાઇકલ ગએલી તો કેટલાકની ઘડિયાળો ગુમાએલી. અમે તો હજી પેલી ટ્રામનું ભાડું યે ચુકવ્યું નથી. બીજી વાર પરેડ ઉપર ગયા ત્યારે અમારા મેજરને વાત કરી. તે હસ્યો, 'બસ, એટલું જ ને?' અને એટલું બોલી અમને 'ફૉલ ઇન 'નો હુકમ આપ્યો.

અમારા જીવતા રહેવાની ખુશાલીમાં 'મશિનગનોએ' બે દિવસ સુધી મુંબાઇને આતશબાજી બતાવેલી !

'સૈનિક'

સાબરમતીનો સાદ

૧૫મી ઑગસ્ટ ને રવિવારે આચાર્ય કૃપાલાણીએ સત્યાગ્રહાશ્રમમાં રહેતાં મિસ સ્લેડ (મીરાંબાઇ)ને ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપકમંડળને મળવા પોતાને ઘેર બોલાવ્યાં હતાં. એ સાંજે નીચે મુજબ સુંદર વાર્તાલાપ થયો હતો.

કૃપલાણી : હિંદુસ્તાનમાં બાપુ પાસે રહેવા આવવાનું તમને પહેલાં કેમ મન થયું તે અમને કહો તો સારૂં.

મીરાંબાઇ : હાં; તમે મને અહીં શા માટે બોલાવી તેનું કારણ હવે હું સમજી.

કૃ૦ : આથી તો ઉલટું એમ સ્પષ્ટ થાય છે કે અમે તમારૂં ઓળખાણ કરવાને કેવા આતુર છીએ. આવી તક અમે હાથમાંથી જવા દઇએ ખરા ?

મીરાં : એમ કે ? વારૂ. બાપુની તો મને બહુ મોડી પિછાણ થઈ એ જાણીને તમે સૌ નવાઇ પામશો. હજુ ત્રણ વર્ષ ઉપર તો મેં એમનું નામ સાંભળ્યું. એ વખતે ઈંગ્લંડની અપદશા જોઇ હું કંટાળેલી. બેચેનીમાં શું કરવું તેની સુઝ ન પડે. આખરે હું યૂરોપના પ્રવાસે નીકળી. તેથી યે સુખ ન થયું. મેં મસીઅ રોમાં રોલાંનાં કેટલાંક પુસ્તકો સાથે લીધાં હતાં. એ લેખકની મને લગની લાગી હતી કહું તો ચાલે. તેને મળવાનું મને ઘણું મન હતું. હું ઈંગ્લંડ પાછી ફરી ત્યારે એ બહુ વિચિત્ર સંજોગોમાં મળી ગયા. મારા એક મિત્રે મને કહ્યું કે રોમાં રોલાં હાલ ઈંગ્લંડમાં છે અને લંડનની સેસિલ હૉટેલમાં ઉતર્યા છે; પણ કદાચ એ આજે જ ફ્રાન્સ ઉપડી જવાના છે. પ્રથમ તો હું આ મંગલ વર્તમાન માની ન શકી. તરત હું ટેલિફોન તરફ દોડી અને મસીઅ રોમાં રોલાં વિષે પુછ્યું. હું ખરેખર ભાનભુલી થઇ હતી. પણ એ બધું ઘડીના છઠ્ઠા ભાગમાં બની ગયું. મ. રોલાંની બહેને જણાવ્યું કે એ તો ઉપડી જવાના છે; માટે મળવાનું મોકુફ રાખો. હું મુંઝાઇ ગઇ. એક તો ફ્રેન્ચ ભાષા જોઇએ તેવી ન આવડે. વળી ટેલિફોન ઉપર લાંબી વાત કરવાની મુશ્કેલી. મેં ક્ષમા માગી અને મ. રોલાંને પત્રથી પુછવાનું જણાવ્યું. તે જ



મીરાંબાઇ

સ્કેચ : કનુ દેસાઇ

દહાડે મેં કાગળ લખ્યો; અને તે તેને ફ્રાન્સ જતાં પહેલાં જ પહોંચી ગયો. થોડા દિવસ પછી જવાબમાં તેમણે મને પૅરીસ મળી જવાનું આમંત્રણ મોકલ્યું.

વળી પાછી હું યૂરોપની મુસાફરીએ નીકળી. ત્યારે હું ફ્રેન્ચ શીખવા સારૂ ફ્રાન્સમાં કેટલાક માસ રહી. ચોખ્ખી વાતચીત કરવા જેટલું જ્ઞાન થયા પછી મને લાગ્યું કે હવે હું મસીઅ રોલાંને મળું. તિથિવાર નક્કી કરી હું તેમને ઘેર ગઈ.

અમે કલાકેક વાત કરી. પરંતુ વાત કરીને ઉઠ્યા પછી મને અસંતોષ રહી ગયો. મારે જે કહેવાનું હતું તેમાંનું કશું જ જાણે કહી ન શકી. હું એમના અંતરાત્માને સ્પર્શી શકી નહિ. મને અતિશય દુઃખ થયું. આમ કોઇ ચોક્કસ હેતુ વગર હું યૂરોપ ભમીને પાછી ફરી. મને શું થઇ ગયું હતું તેની પણ મને ખબર નહોતી. મારૂં ચિત્ત ભમી ગયું. વળી મેં મ. રોલાંને ફરીવાર લખી જણાવ્યું. એમણે હા કહેવડાવી. આ વખતે મેં હૃદય ઉઘાડીને વાત કરવાનો ને એ મહાપુરુષના આત્માનું દર્શન કરવાનો નિરધાર કર્યો. પરંતુ તમને ખબર નહિ હોય કે મસીઅ રોમાં રોલાં બહુ મુંગા માણસ છે;—શરમાળ કહીએ તોપણ ચાલે. અમે ત્રણ કલાકથી વધુ વાત કરી. આ વેળા અમે અન્યોન્યને ઓળખ્યાં. મને સંતોષ થયો. મારૂં અંતરનું તોફાન શમ્યું. એ શું હતું ને કેમ બન્યું તે તો હું નથી જાણતી. પણ મને શાન્તિ લાધી લાગી.

એ વખતે એમણે બાપુ (ગાંધીજી)નું નામ લીધું. એમણે કહ્યું કે પોતે બાપુ વિષે એક પુસ્તક લખે છે. જોકે અંગ્રેજ લોકોને આ વાતની કંઇ જ પડી નથી; પણ હું માનું છું કે ગાંધી ઈસુના નવા અવતાર છે. પછી એમણે મને બાપુનાં અમુક લખાણ વાંચી જવાની ભલામણ કરી. હું તરત સ્વિટ્ઝર્લૅાંડ ગઇ ને મદ્રાસથી બાપુનું પ્રગટ થએલું સાહિત્ય મંગાવ્યું. એ વાંચ્યા પછી મને મ. રોલાંની વાત સમજાઇ ગઈ. મારા અંતરમાં કદિ ન અનુભવેલી મીઠી શાન્તિ પ્રસરી. મારૂં જીવન જ બદલાઇ ગયું. ત્યારથી હું સત્યાગ્રહાશ્રમની નિયમપોથી જોડે રાખવા મંડી અને કૈંક વ્યવસ્થિત જીવન ગાળતી થઇ. એક સમય એવો હતો કે જ્યારે હું માત્ર ગાતી, નાચતી ને શરાબ પીતી, અને ન કરવાનું યે કરતી. પૅરીસમાં મારા કેટલાક હિંદી મિત્રો હતા. અને તેમના દિલ્હીમાં સંબંધીઓ હતા. તેઓએ મારાં વસ્ત્રો માટે જોઇતી ખાદી પુરી પાડી ને મારો જુનો પોશાક નીકળી ગયો.

પછી તો મેં જાતે બાપુને પત્ર લખ્યો અને આશ્રમમાં હું જોડાઈ શકું કે કેમ તે પુછાવ્યું. પુરા ત્રણ મહીના પછી અચાનક એક પત્તું મળ્યું. મહાદેવ, હું ધારૂં છું કે એ પત્તું બાપુએ અમદાવાદ અને મુંબાઈની મુસાફરીમાં પોતે જ લખેલું.

મહાદેવ : હા, એમ જ હશે.

મીરાં : પછી તો મારા આનંદનું પુછવું જ શું? હું મારે ઘેર ગઇ. બધો વહેવાર ઠેકાણે પાડ્યો અને હિંદ આવવા ઉપડી. મારે સરસામાનનો પાર નહોતો. પણ મેં ચિંતા છોડી દીધી. એ બધો સામાન મેં આપી દીધો. માત્ર કેટલીક ચોપડીઓ સાથે લઈ લીધી. મારી માને નવાઇ લાગી, પણ મને આનંદમાં જોઈ એને ધરપત વળી. ઝટપટ હું પૅરીસ પહોંચી. ત્યાં મારા પિતા, એમના સેક્રેટરી અને કેટલાક હિંદી મિત્રોએ મને વિદાય દીધી. આગબોટ પણ નાની ને સુંદર મળી. આકાશ સ્વચ્છ હતું, સમુદ્રનો પટ ચકચકતો હતો, મારૂં અંતઃકરણ આનંદ ને શાન્તિથી ઉભરાતું હતું. ત્રણ અઠવાડિયામાં હું મુંબાઇ ઉતરી અને થોડાક કલાકો પછી હું આવીને બાપુનાં ચરણમાં પડી. જે ઘડીએ હું એમની ઓરડીમાં દાખલ થઇ અને પાસે બેઠી તે જ ઘડીએ હું એ અંતરને ઓળખી ગઇ—સમજી ગઇ. મને ત્યારે ભાન થયું કે આટલો વખત હું માત્ર એને જ શોધી રહી હતી; મારી આરઝુ એને જ માટે હતી. મારી શોધ સફળ નીવડી. હું મને એના બાળક જેવી દેખાઇ. જાણે મને મારા બાપુ મળી ગયા હતા.

પણ પછી એક આશ્ચર્ય થયું. હું મારી જુની જીંદગી સાવ ભુલી જ ગઇ. જુના ને નવા વચ્ચેનો ભેદ પણ ચાલ્યો ગયો. હું મારી જાતને ય ઓળખી ન શકી. જાણે મારો જુનો દેહ અદૃશ્ય થયો હોય નહિ! કેમ, એ આશ્ચર્યકારક નથી? મને અત્યારે લાગે છે કે હું જાણે વર્ષો પહેલાંની હિંદુસ્તાનમાં આવી વસી છું!

કૃ૦ : અમને હિંદુઓને આ નવાઇ જેવું નથી. પણ તમને આશ્રમનું જીવન કેવુંક ગમે છે?

મીરાં : એમાં પુછવાપણું ભાગ્યે જ હોય. પ્રત્યેક

દિવસ આનંદ અને શાન્તિમાં પસાર થાય છે. હું આનંદથી કામ કરૂં છું અને શાન્તિમય જીવન જીવું છું.

કૃ૦: તમે મસીઅ રોમાં રોલાંને હજી પત્રો લખો છો ખરાં ?

મીરાં: હા, એમનાં બહેનને દર ટપાલે, અને દર ત્રણ મહીને એમને પોતાને. હું અહીં આવી છું એથી તેઓ બહુ પ્રસન્ન થયા છે. મસીઅ રોલાંને એમ થાય છે કે એમના પોતામાં પણ મારા જેવું યૌવનબળ હોય ને પોતે હિંદુસ્તાન આવી શકે. મારા સદ્‌ભાગ્યની એમને ઇર્ષ્યા થાય છે. તમે જાણતા હશો કે એ હવે આધેડ થઈ ગયા છે અને એમનું આરોગ્ય બહુ નાજુક છે. તોપણ આ શિયાળે તેઓ કદાચ અહીં આવવા ઉપડે. અને આ વરસે નહિ આવી શકે તો પછી તો આવી રહ્યા! હું એમને આવવા સારૂ ખુબ દાબીને લખું છું. અહો, એ આવે તો કેવું સારૂં! એ એક જ એવી વ્યક્તિ છે કે જે પશ્ચિમને અને પશ્ચિમની જરૂરતને જાણે છે.

એમની લખવાની શૈલી તાજી છે અને લેખક તરીકેની કીર્તિ મોટી છે; એટલે એ જે લખે તે અવશ્ય વંચાય. અને એ કેટલા સહૃદયી છે! એ બીજાઓની મહત્તા સમજે છે અને એવા તો નમ્ર છે કે એમનાં સ્તુતિગાન કરવામાં પોતાની જાતને તદ્દન વીસરી જાય છે. બાપુનાં લખાણનો સાચો અર્થ પશ્ચિમને એ જ સમજાવી શકે તેમ છે. એ આવે તો એક ભારે પ્રસંગ મનાય. બસ, મારે કહેવાનું પુરૂં થાય છે.

કૃ૦: પણ તમે એક ગીત ગાઇને આ સંપૂર્ણ કરો તો જ બહુ સારૂં ગણાય.

મીરાં: હવે હું ગાવાનું તો સાવ ભુલી જ ગઈ છું.

કૃ૦: એ તો અશક્ય. તમે અમને આ કથામાં કાવ્ય જ કહ્યું છે; ગદ્યનું રસગીત જ ગાયું છે. અને તમારાં પુરોગામી 'મીરાંબાઈ'ના નામ પ્રમાણે ગુણ તો બતાવી દેવા જોઇએ.

મીરાં: એ ખરૂં. પણ મને થોડો સમય આપો. ધીરજ રાખો. આટલી ઉતાવળે નહિ.

મહાદેવ: એમને પેલું નાનકડું જર્મન ગીત ગાઇ દ્યો.

મીરાં: બહુ સારૂ. સાંભળો ત્યારે, અને પછી અચ્યુતમ્.

અધીરી સાંજ નમી ગઇ. છ થયા; મીજલસ ઉઠી અને મીરાંબાઇ આશ્રમ તરફ વળ્યાં. કાળાં વાદળ અને સખત વરસાદ લઇને રાત આવી લાગી. બહાર ઘોર અંધકાર પ્રસરી રહ્યો.

પણ અંતરમાં મીરાંના જેવો જ આનંદ ભર્યો હતો. એમની આંખની વિહ્‌વળતા ને કંઠનો ઉત્કંપ: એ જ્યારે પોતાનું હૃદય રેડી રહ્યાં હતાં ત્યાર વેળાની એ દેહલતાની ધ્રુજ: એ દૃશ્ય અપૂર્વ હતું. એ સઘળું કાંઈ અગમ્ય પ્રદેશની ઝાંખી જેવું દીસતું હતું. જેની વ્યર્થ શોધ કરીએ છીએ એવી સ્વર્ગભોમનું એ સ્વપ્ન નજર આગળથી આવીઆવીને ઉડી જાય છે.

[ક્રૅાનિકલ ઉપરથી]

ગુજરાત કલા પ્રદર્શન

સુરતમાં તા. ૨૭મી ઑક્ટોબરે વડો-
દરાનાદીવાન સર મનુભાઇ ખુલ્લું મુકશે.

ઉમરેઠનું પાંચમું વિદ્યાર્થી સંમેલન

પ્રિય કુમાર મિત્રો,

ચાલુ વર્ષના આસો વદમાં ઉમરેઠમાં ગઇ સાલની માફક પાંચમું વિદ્યાર્થી સંમેલન થવાનું છે. તમે અમારા મંડળને અને સંમેલનને વર્તમાનપત્રો દ્વારા બરાબર ઓળખી ગયા હશો, અને એ પરિચયના દાવાથી અમે તમારી પાસે નીચે મુજબ માગણી કરીએ છીએ.

(૧) સંમેલનના પ્રદર્શનમાં હસ્તલિખિત માસિકોનો વિભાગ રાખવામાં આવ્યો છે. સર્વ હસ્તલિખિત માસિકોના તંત્રીઓને પોતાના અંકો આસો સુદ ૧૦ પહેલાં રવાના કરવા વિનંતિ છે.


(૨) ગુજરાતના ઉગતા કલાકારોની કૃતિઓ માટે એક નાનો વિભાગ છે. સૌથી ઉત્તમ કૃતિના પ્રણેતાને અમે એક રૌપ્ય ચંદ્રકથી નવાજશું. આ ચિત્રોમાં ખાસ કરી ગ્રામ્ય જીવનનાં દૃશ્યો આવે એ ઈચ્છવાજોગ છે. સર્વ ઉગતા ચિત્રકારોને અમે આ પત્રિકા દ્વારા નોતરીએ છીએ.


કળાના નમુનાઓ નામ, ઠામ, વય, અભ્યાસ ઇ૦ની નોંધ સાથે આસો સુદ ૧૦ પહેલાં મોકલવા વિનંતિ છે. સંમેલન પછી પાછા રવાના થશે. આમ આ ઉત્સવમાં સાથ દઈ આભારી કરશો.

નેતા, ગ્રામ્યકળા પ્રદર્શન: વિદ્યાર્થીમંડળ કાર્યાલય, ઉમરેઠ.

સ્વીકાર

શશિકલા અને **ચૌરપંચાશિકા** (પંડિત બિલ્હણના મુળ કાવ્ય તથા સર એડવિન આર્નોલ્ડના અંગ્રેજી ભાષાંતર સહિત): પાંચ ચિત્રો સાથે; ઉઠાવદર છપાઇ તથા સોનેરી પુંઠામાં. અનુવાદક, નાગરદાસ ઇ. પટેલ; પ્રકાશક, વર્ધમાન ઍન્ડ સન્સ, પાયધુની, મુંબાઈ-૩. કીં. રૂા. ૨; 'ચાંદની' માસિક તથા વર્ધમાન સાહિત્ય ગ્રંથમાળાના ગ્રાહકને રૂા. ૧માં.





બેડનો મંડપ

[આપણા દેશમાં હજારો વર્ષોથી મેળા અનેક રૂપે થતા આવ્યા છે, અને તેની ખુબી એ છે કે એવા મેળાનું સ્વરૂપ હમેશાં ધાર્મિક હોવાથી માણસો ત્યાંથી બહુ પ્રકારની સારી અસરો મેળવી વિખરાય છે. અનેક કોમો, જાતિઓ અને સંપ્રદાયો વચ્ચે ત્યાં સંબંધ અને નાતા બંધાય છે, ઘણાં ગામો અને નગરોનાં માણસો વચ્ચે સ્નેહ અને મૈત્રીની શરૂઆત થઇ જાય છે, અને એ બધાંનાં પરિણામે માનવ-જાતિમાં સંપ અને સુખની વૃદ્ધિ થાય છે. એકબીજા તરફ માણસો સહાય અને પરોપકાર કરતાં શીખે છે.

આ બધાંનું પુણ્ય એવા મેળા રચનારને જ ઘટે. તેનો આત્મા પરમ સંતોષ લઈ શકે છે અને પોતાના પ્રયત્નનું સુંદર ફળ કલ્પી જીવનની શાંતિનો તે ભોક્તા થાય છે. વેદ-કાળમાં રાજાઓ યજ્ઞ કરતા તે વખતે ઋષિવરો, મહાન પંડિતો, અને પરાક્રમી પુરુષોનાં દર્શન અને સમાગમનો લાભ લોકોને થતો. એ યુગના ઝાંખાઝાંખા સ્મરણ રૂપે અત્યારે પણ હિંદના ધાર્મિક વૃત્તિના લોકોમાં મેળા રૂપે એ પ્રણાલિ ચાલુ રહી છે. નીચે આપેલું બેડના મંડપનું વર્ણન, એ પુરાણા યજ્ઞોના ઝાંખા અવશેષ રૂપ રહેલા એવા એક સુંદર ધાર્મિક મેળાનું જ છે.]

મંડપ એટલે મેળો. ગામડાંમાં મેળાને મંડપ કહે છે. ગઇ માહ સુદ પુનમે જામનગર તાબે બેડ નામના ગામડામાં એક મંડપ થએલો. આવા મંડપ બહુ જુજ અને ઘણે ભાગે ગામડાંમાં જ થાય છે. તે ત્રણ દહાડા રહે છે અને ત્રણ દિવસ સુધી ચોમેરથી આવેલાં લગભગ દસથી પંદર હજાર માણસો ત્યાં સહવાસ કરે છે, તથા તે દરેકને માટે મંડપની ધજાના સ્તંભ આગળથી ખાવાપીવાની ગોઠવણ થાય છે. મંડપની જગ્યા ઘણુંખરૂં નદીને કાંઠે જ રખાય છે, કે જેથી પાણીની પુરી સગવડ રહે.

મંડપની ધજા ચડાવતાં અગાઉ બે માસ પહેલાં આસપાસનાં ગામો ઉપર આમંત્રણની કંકોત્રીઓ લખાય છે, અને એને માન આપી લોકો ગાડાં ભરીભરી કુટુંબ સાથે આવે છે. એ ત્રણ દિવસ સુધી, મંડપ કરનાર ગામનો ધુમાડો તો શું પણ સદાવ્રતો અને મોદીની દુકાનો પણ બંધ રખાવે છે, અને પ્રત્યેક અતિથિને, તથા ત્યાંથી નીકળનાર દરેક વટેમાર્ગુને પણ મંડપનો પ્રસાદ લેવાની વિનંતિ કરે છે. કોઇપણ જીવ ભુખ્યો ન રહે તે માટે મંડપ કરનાર બહુ ચીવટ રાખે છે. તેનું વ્રત હોય છે કે એ ત્રણ દિવસ સુધી તો સૌને પેટપુરતું ઘીનું ભોજન આપવું;—એટલે કે જમનાર ના પાડે નહિ ત્યાં સુધી ધારે ઘી પીરસવું. સવારમાં શીરામણમાં ખીચડી અને ઘી તથા સાંજે મીઠો ભાત અને છેલ્લે દિવસે ગોળપાપડી ને ચણાનું શાક અપાય છે. ત્રીજે દિવસ પુરો થતાં સૌ અતિથિ મંડપ કરનારની રજા લેવા જાય છે, ત્યારે મંડપની ધજાના સ્તંભ પાસે ભંડારમાં શક્તિ પ્રમાણે પૈસા ભેટ ધરતા જાય છે.

જામનગરથી અમારી મંડળી એક દિવસ માટે બેડના મંડપે ગએલ. અમારા બ્રાહ્મણ મિત્રોને મંડપનું અન્ન લેવું નહોતું, તેમજ તૈયાર મળતાં ભજીયાં ગાંઠિયા કે ખજુર ખપે તેમ નહોતાં, એટલે અમે ગામમાં લોટની તપાસ કરવા નીકળ્યા. ત્યાં મંડપ કરનાર આસામી જ સામા મળ્યા અને પુછ્યું, 'ભાઇ, શું શોધો છો ?' મેં વાત કહી તે સાંભળીને કહે, 'ચાલો મારી સાથે; મોદીખાનેથી લઇ જાઓ. ગામમાંથી કાંઈ નહિ મળે. મારે ત્યાં આવીને કોઇ ભુખ્યો રહે તો મારી



મંડપ કરનાર રામા ભગત

આટલી મહેનત ઉપર પાણી ફરે. તમારે મારૂં ન જ ખાવું હોય તો ભંડારમાં લોટ જેટલા પૈસા નાખજો; પણ ભુખ્યા તો નહિ જ રહેવા દઉં.' આ રીતે એ ગૃહસ્થ ગામમાં ઉતારેઉતારે ને વંડેવંડે ફરીને દરેકને શું જોઇએ છે તેની તપાસ કરતા. દરેક વંડામાં જ્ઞાતિવાર જમવાની સગવડ કરેલી.

આ મંડપ કરનાર ગૃહસ્થનું નામ રામા ભગત છે. એમના વંશમાં આ ત્રીજી વખતનો મંડપ થયો. મંડપમાં મોટા મઠધારી સાધુઓ, ખાખી બાવા વગેરે પણ આવે છે અને સૌ આખી રાત ભજન લલકારે છે. કણબી સથવારા વગેરે રાસ લે છે અને આ રીતે માંણસો ત્રણ દિવસ સુધી એ મંડપની છાયામાં પંખીઓ જેમ કલ્લોલ કરી વિખરાય છે.

રઘા જીવા પરમાર

સ્વીકાર

શ્રી શત્રુંજય પ્રકાશ અને જૈનો વિરૂદ્ધ પાલીતાણા; લેખક-પ્રકાશક, શેઠ દેવચંદ દામજી, જૈન પત્રની ઓફિસ ભાવનગર કીં. ૧-૦-૦

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ૧૯૨૫નો રીપોર્ટ.

શ્રી કાઠિયાવાડ સમસ્ત બ્રાહ્મણ વિદ્યાર્થીભુવન (જુનાગઢ) નો ૧૯૨૫-૨૬નો રીપોર્ટ.

શ્રી વરણામા સેવાસમાજનો ત્રીજોચોથો (૧૯૮૦-૮૧નો) રીપોર્ટ.

કવિતાની કળા

[આજકાલ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ કોટિનું કવિતા-સાહિત્ય ભેળસેળ થઇને છપાયા કરે છે. એ મુંઝવણમાં ઉગતા કવિતાકારોને ઉચ્ચ અને શુદ્ધ કવિતાનાં લક્ષણો વિષે બનતું માર્ગદર્શન મળે એ ધારણાથી આ વિભાગ શરૂ કર્યો છે. એમાં અવારનવાર ખરી કવિતાના ગુણો ને સિદ્ધાન્તો, પીંગળની સમજણ, ઉગતા કવિઓની ઉણપો, કવિતાસૃષ્ટિની ખુબીઓ, વગેરે વસ્તુઓ દૃષ્ટાન્તો દ્વારા ચર્ચવામાં આવશે.]

" કુમાર 'માં પ્રગટ કરવા માટે એક ઉગતા ઉત્સાહી લેખકે અમને નીચલું કાવ્ય મોકલ્યું છે. જોડણી વગેરે જેમનાં તેમ કાયમ રાખ્યાં છે.

વાડીના મોર

મોરલા આવીશ મા:
મારી વાડીમાં મોરલા આવીશ મા,
આવજે પણ પીછડાં વેરીશ મા: —મારી૦
તારા પીછાંમાં અગણીત ભાતો,
એમાં નવી ઉમેરીશ મા: —મારી૦
નાગતણી ફેણ સમી કનકની કલગી,
દોડજે પણ ડોલાવીશ મા: —મારી૦
તારા ટહૂક બહુ લાગે મને મીઠડાં,
ટહૂકા વિના બીજું બોલીશ મા: —મારી૦
કુરંગના બાલ સમી, તારી ચાલ રસીકડી,
કુદજે પણ દૂર ઉડીશ મા: —મારી૦

'વાડીના મોર' એ કાવ્યનો વિષય અને મથાળું બંને સુંદર છે. આ કાવ્ય રસગીત કે ઊર્મિગીત (Lyric) છે. છંદ કે વૃત્તના કરતાં ઊર્મિગીત રચવું વધારે કઠિન છે; કારણકે છંદ-વૃત્તમાં તો બાંધેલાં માપ હોય છે; પરંતુ આમાં ભાવ અને સંગીતનો કુદરતી અખંડ પ્રવાહ તથા તાલમેળ સચવાવા જોઇએ છે. ગદ્યમાં જેમ નાટક તેમ પદ્યમાં ઊર્મિગીત લખવું એ કવિતાકળાની સીમા અને કસોટી ગણાય.

પહેલી જ લીટીમાં લેખક 'વાડીના મોર'ને આવવાની ના કહે છે. શા માટે? કુદરત અને કુદરતની સૌન્દર્યમૂર્તિ કલાધરને તો આંગણે આમંત્રવાનો જ હોય ને? એ રીતે કુદરતનો આત્મા ને માનવ હૃદયનો સંબંધ જોડાય છે. મોર વાડીનો છે ને એને વાડીમાં આવવાની જ લેખક ના પાડે છે!

એનાં પીંછાની ભાતોમાં એક પણ નવીન ન ઉમેરવાનું કથન છે. કેમ? લેખક ભાતોથી કંટાળ્યા છે, કે મોરથી રીસાણા છે?

મોરના માથા પરની કલગીને નાગની ફેણ જેવી કલ્પી છે. મુળ તો નાગ ને મોરને જ હાડવેર! અને તેની જ ઉપમા? આ ઉપમા નહિ પણ હીણી ઉપમા એટલે હીનોપમા કહેવાય.

વળી એ કલગીને મોર દોડે ત્યારે ડોલાવે નહિ એની વિનંતિ છે! ગતિ તો સૌન્દર્યનો પ્રાણ છે, જગતનો ક્રમ છે. ને 'કનકની કલગી' એ ઉચ્ચારમાં જ કલગીનું ડોલન ભર્યું છે તે!

ટહુકા જ માત્ર બહુ મીઠા લાગે છે; માટે બીજું કાંઇ ન બોલીશ. પણ મોર બીચારો બીજું કે' દહાડે બોલે છે જે?

છેલ્લી કડીમાં વળી પાછી ખોટી ઉપમા આવી: મોરની ચાલને હરણના બાલની ચાલ જેવી કલ્પી છે.

જુદીજુદી કડીઓનું સંગીત એકધારૂં, એકસરખું કે તાલબદ્ધ નથી; પ્રમાણ નથી. ભાવો સઘળા સરસ છે, પરંતુ એ સૌનો કદર્થ થઈ ગયો છે. એજ કાવ્યને સારા રૂપમાં નીચે પ્રમાણે ફેરવી ગોઠવાય.

વાડીના મોર

વાડીના મોરલા આવજે હો.
મારા ઘરચોકમાં નિતનિત આવજે,
આવજે ને એક પીંછ વેરજે હો. વાડીના૦
તારી કળાએ ઉગી અગણિત ભાતો,
એમાંની એક તો આલેખજે હો. વાડીના૦
કલ્પનાની મંજરી શી કનકની કલગી,
દોડજે—ઉમંગે ડોલાવજે હો. વાડીના૦
મીઠા લાગે મને તારા ટહુકડા,
ટૂહૌકી કળાયલ નાચજે હો. વાડીના૦
અંતરની પ્રીત સમી ચાલ તારી, મોરલા!
કુદજે તું—દૂર ના ઉડજે હો. વાડીના૦

ભાદ્રપદ

બળના અધિષ્ઠાતા જેવા હલધરના જન્મદિન બીજે, તારો આત્મા અને દેહ, સામદેવની ઋચા ગાતાંગાતાં સંગીતમય ને શક્તિશાળી થાઓ, કુમાર!

શૈશવ ખંખેરીને પ્રાણના ઓઘ જેવા યૌવનમાં તું પ્રવેશ કરે ત્યારે વિઘ્નહર ગણપતિને સંભારી લે કે તું સર્વ વાસના-દળને જીતી, ચારિત્ર્યની વૈજયન્તી પહેરી ઓસબિન્દુ જેવો નિર્મળ ને પારદર્શક બહાર આવે, કુમાર!

વૃત્રાસુરથી પીડાતી પૃથ્વીની મુક્તિ કાજે ભગવન્ સુરેન્દ્રને અસ્થિ અર્પી જીવન સમર્પણ કરનાર દધિચી જેવો તું આત્મત્યાગી હો, કુમાર!

દેહે બટુક કિન્તુ આત્માએ વિપુલ એવા વામન પ્રભુને તારો આદર્શ બનાવી તું તારો યે આત્મદીપ સમુજ્જ્વલ કરે, કુમાર!

વિપત્તિઓ ચાલી જાય ને માનવમુખ દીપે એવા શરદ્‌ના નિરભ્ર આકાશ જેવું તારૂં હૈયું સ્વચ્છ થાઓ, કુમાર!

આજે કૃષ્ણદ્વાદશીનું મધુર પ્રભાત છે. અને આ તે જ દિન
શરીરીઓ, સ્થાવર જંગમોના
સુખાર્થે જે જન્મતિથિ બની છે.

એ પૂજ્ય ગાંધીજીનાં સંયમ અને સત્ય તું તારા જીવનમાં અનુસરે, કુમાર!

અને હવે, શરદના ધસમસતા પ્રવાહ જેવું તારૂં ભાવી શુદ્ધ હો;—શરદના કળાયલ ચંદ્ર જેવું અનુપમ હો, કુમાર!

વિનોદ

ઈનામી હરીફાઈઓનાં પરિણામ

ફાગણની ત્રેવડી હરીફાઈ

'કુમાર'ના ફાગણ માસના (૨૭મા) અંકમાં પ્રગટ થએલી ત્રણ ઇનામી હરીફાઇઓ માટે આ પાંચ મહીના સુધીમાં બહુ જ જુજ અને અસંતોષકારક ચીજો આવી છે. **પહેલી** જાણીતાં છ ફુલો ચીતરી મોકલવાની, તથા **બીજી** પશુ કે પંખીના ફોટોગ્રાફો મોકલવાની હરીફાઇઓ માટે આવેલી ચીજો તો એટલી અસંતોષકારક છે કે એમાંની એકે ઈનામ તો શું પણ નોંધને યે પાત્ર નથી. **ત્રીજી** હિંદુસ્તાનના ૨૫ મહા પુરુષો તથા ૨૫ સુવાક્યો—૨૫ જીવનસૂત્રો લખી મોકલવાની હરીફાઇમાં જે ગણ્યાગાંઠ્યાઓએ ભાગ લીધો છે તેમાંના એકેને એ ત્રણેને માટેનું સંપૂર્ણ શ્રેષ્ઠ ઇનામ નથી મળતું. નીચેનાંને છુટાં ઈનામો મળે છે: (૧) શામજી લવજી આલગિયા, ભાવનગર; રૂપિયા બે. મહાન પુરુષો માટે (૧) કુલસિંહજી ભારતસિંહજી ડાભી, આણંદ; રૂપિયા બે–સુવાક્યો માટે (૩) ચંદુલાલ વ્યાસ, શુકલતીર્થ; રૂા. એક—સુવાક્યો માટે.

નિબંધની હરીફાઇ

ચૈત્રના (૨૮મા) અંકમાં પ્રગટ થએલી, 'તમને પરીક્ષા ગમે? ગમે તો તે કેવી? અને નહિ, તો તમારી લાયકાત કઈ રીતે સિદ્ધ કરો?' એ વિષય પર નિબંધ લખવાની હરીફાઇ માટે આવેલા નિબંધોમાં ભાઇ શંકર દત્તાત્રેય કાલેલકર-નો નિબંધ શ્રેષ્ઠ ઠરવાથી એમને રૂા. ૧૦નું ઇનામ મળે છે. અને

હાજીમહમ્મદ-સ્મારકગ્રંથ પ્રશસ્તિ

લખી મોકલવાની જેઠના (૩૦મા) અંકમાં પ્રસિદ્ધ થએલી હરીફાઇ માટે આવેલાં લખાણોમાંથી ડૉ. મૅકેન્ઝી પી. સેલાનું લખાણ શ્રેષ્ઠ નીવડવાથી એમને રૂા. પાંચનું ઇનામ મળે છે.

સૌને ઇનામ મોકલાઇ જશે. 'પરીક્ષા' ઉપરનો શ્રેષ્ઠ નીવડેલો નિબંધ આ નીચે પ્રકટ કર્યો છે.

પરીક્ષા [ઇનામી નિબંધ]

મારી દૃષ્ટિએ મને પરીક્ષા એ એક અત્યાવશ્યક ચીજ લાગે છે. પરંતુ હાલ જે રીતે પરીક્ષા લેવાય છે એ રીતને લીધે વિદ્યાર્થીઓ એટલા તો ત્રાસી જાય છે કે દરેકને એમ થઇ આવે કે આ વિદ્યાર્થીઓનો આટલો ધાણ નીકળે છે એના કરતાં પરીક્ષા જ ન હોય તો કેવું સારૂં? અને આવી પરીક્ષા પસાર કરી આવેલા વિદ્યાર્થીઓ જોશો તો તમને એમ પણ દેખાઈ આવશે કે એક વાર પરીક્ષા આપ્યા પછી વિદ્યાર્થીઓને એ ચોપડીઓનું મોં જોવાની પણ ઇચ્છા થતી નથી. પણ પરીક્ષા જો સારી રીતે લેવાય તો તેમાં વિદ્યાર્થીઓનો ઘણો જ ફાયદો છે.

કેટલીક વાર આપણે માની લઇએ છીએ કે આટલી આટલી વસ્તુ આપણને આવડે છે. પણ વસ્તુસ્થિતિ આપણે માનીએ છીએ તેવી હોતી નથી. આવે વખતે માણસ પોતાને અમુક આવડે જ છે એમ માની તેનો જો વ્યવહારમાં ઉપયોગ

કરવા જાય તો તે ફજેત થાય. એના કરતાં તેણે વ્યવહારમાં ઉપયોગ કરતા પહેલાં તેનો અખતરો—પરીક્ષા કરી લીધી હોય તો એવો ફજેતીનો પ્રસંગ ન આવે. એટલે કે પરીક્ષા વગર માણસ પોતાનું માપ કાઢી શકે નહિ.

જેઓ પરીક્ષાની વિરુદ્ધ છે તેઓ એક દલીલ એમ પણ કરે છે કે જે કેટલાક વિદ્યાર્થીઓ વર્ગમાં ખુબ હોશિયાર હોવા છતાં પરીક્ષાને લીધે ખરે વખતે ગભરાઈ જઇ જવાબ લખી શકતા નથી તેમનું શું થાય ? તેમને અન્યાય થાય ને ?

પણ જે વિદ્યાર્થીઓ પરીક્ષાને ટાંકણે જ ગભરાઇ જાય છે તેઓ તો તદ્દન કાચા કહેવાય; કારણકે જે વિદ્યા આપણે મેળવી હોય તેનો ઉપયોગ ખરે વખતે જો આપણે ન કરી શકીએ અને ગભરાઇ જઇએ તો તે વિદ્યા—તે ભણતર શા ખપમાં આવવાનું હતું ? માણસે પોતાનું ભણતર જ્યારે જોઇએ ત્યારે ઉપસ્થિત થાય એટલું હાથ કરી લીધું હોય તો જ તેનો ઉપયોગ છે; નહિ તો ભણ્યા શું અને ન ભણ્યા શું, સરખું જ છે. પરીક્ષાને લીધે તો આપણું જ્ઞાન જ્યારે જોઇએ ત્યારે હાજર કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે, અને એ જ એક મોટો ફાયદો છે. વિદ્યાર્થીઓ ગભરાય તેનું ખરૂં કારણ તો એ છે કે હાલની પરીક્ષાઓ જ ખરાબ રીતે લેવાય છે.

હાલની પરીક્ષાઓમાં તો વિદ્યાર્થીઓને અમુક અમુક વિષયો તેને ગમે કે ન ગમે તો પણ ફરજિયાત લેવા જ પડે છે, અને અમુક દિવસમાં અમુક ચોપડીઓ વાંચી—અથવા કહો ગોખી—અમુક મહીનામાં જ પરીક્ષા આપવી પડે છે. આવા જોરજુલમને કારણે જ વિદ્યાર્થીઓ વધારે ગભરાય છે. એને બદલે દરેક વિદ્યાર્થી જો પોતાનો વિષય બરાબર તૈયાર થયે પોતાની સ્ફૂર્તિથી જ—પછી ભલે શાળાની અનુકુળતાએ—પરીક્ષા આપે તો કેટલું સારૂં !

બીજું એ કે બધા વિષયની એકસામટી પરીક્ષા લેવાય છે તેનાથી બહુ જ ત્રાસ થાય છે. કેટલીક વાર તો એમ પણ બને છે કે પહેલે જ દિવસે અણગમતા વિષયની પરીક્ષા આવે છે અને તેથી તેના કઠણ લાગતા પ્રશ્નપત્રથી વિદ્યાર્થી એટલો તો નિરાશ થઇ જાય છે, કે પછી કેવળ નિરાશાને કારણે જ પોતાને આવડતા વિષયમાં પણ બુદ્ધિ નથી ચલાવી શકતો. આવી એકસામટી પરીક્ષાથી બીજો પણ એક ગેરલાભ એ થાય છે કે જો એકાદ વિષયમાં પણ વિદ્યાર્થી નાપાસ થાય છે તો તે પરીક્ષામાં નાપાસ થયો ગણાય છે. પછી ભલેને તેણે બીજા વિષયમાં સારા માર્ક મેળવ્યા હોય !

એમ ન કરતાં જો વિદ્યાર્થી કોઇપણ એક વિષય તેને મનગમતો અને સહેલો લાગતો હોય તે અથવા જેટલા સહેલા લાગતા હોય તેટલા વિષયોની પરીક્ષા આપી તેમાંથી મુક્ત થાય અને પછી બીજા અઘરા લાગતા વિષયો તરફ જ પોતાનો બધો વખત આપી તેની પરીક્ષા આપે તો ઘણો જ ફાયદો થઇ શકે.

પરીક્ષાઓ પણ કેવળ ચોપડીની જ ન હોય; પણ એમાં કેટલાક સામાજિક, કેટલાક વર્તમાન પરિસ્થિતિને લગતા અને કેટલાક વ્યવહારજ્ઞાન વધારે તેવા પ્રશ્નો હોય. જેમકે ગુજરાતીના પ્રશ્નપત્રમાં એકાદ આવો પ્રશ્ન હોય : 'હાલ ગુજરાતીમાં કયાં કયાં છાપાં અને માસિકો નીકળે છે ? અને એમાંનાં તમને કયાં કયાં અને શા માટે ગમે છે?' અથવા તો ભૂગોળના પ્રશ્નપત્રમાં એકાદ બે આવા પ્રશ્નો હોય : 'આસમમાં મળનારી આવતી કોંગ્રેસમાં આપણે ઓછામાંઓછે ખર્ચે ટ્રેન દ્વારા જઇને આવતાં આગબોટ દ્વારા પાછા ફરવું હોય તો કઇ રીતે જવું આવવું, અને શી શી તૈયારી કરવી ?' આવા પ્રશ્નો પુછવાથી વિદ્યાર્થીઓ સમજશે કે આપણે કેવળ ચોપડીના કીડા જ નથી, પણ જગતના એક માણસ છીએ અને આપણે જગત તરફ પણ ધ્યાન રાખવાનું છે.

બીજા એવા પણ પ્રશ્નો હોય કે જેમાંથી વિદ્યાર્થીની કલ્પના કેટલી દોડે છે અને એમનું માનસિક ક્ષેત્ર કેટલું છે એની જાણ થાય. જેમકે 'તમે રાજા થાઓ તો શું કરો ?' આવા આવા પ્રશ્નોથી વિદ્યાર્થીની સર્વ પ્રકારની પરીક્ષા (બૌદ્ધિક) થઇ રહેશે, અને ફક્ત ચોપડી એ જ આપણું સર્વસ્વ નથી એમ વિદ્યાર્થીઓની પણ ખાતરી થશે.

પરીક્ષા પણ ફક્ત બૌદ્ધિક જ ન લેવાય, પણ એમાં વ્યાયામ, સંગીત, ચિત્રકળા વગેરેનો પણ સમાવેશ કરવામાં આવે અને એ બધી પરીક્ષાઓ પણ વિદ્યાર્થીને ત્રાસ અને પીડા રૂપ ન થઈ પડે એ રીતે લેવાય.

એટલે પરીક્ષા એ, વિદ્યાર્થી કેટલી બાબતમાં અજાણ છે તે તપાસી વિદ્યાર્થીને ત્રાસ આપવાનું સાધન નથી, પણ તે જેટલું જાણવાનો દાવો કરે છે તેટલું અને તેણે જેટલું જાણવું જોઇએ તેટલું તેણે જાણ્યું છે કે નહિ તેની કસોટી છે.

આ રીતે જો રીતસર પરીક્ષા લેવાય તો હાલ દેખાય છે તેવાં ડાચાં બેસી ગએલા અને નિરૂત્સાહી વિદ્યાર્થીઓ જોવાનો પ્રસંગ નહિ આવે. ઉલટું વિદ્યાર્થીઓ ઉત્સાહી ને હસતે મોઢે પરીક્ષા આપતા દેખાશે. છેવટે વિદ્યાર્થીને એટલું સમાધાન તો રહેશે જ કે આપણે આટલું જાણીને તેનો વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખ્યા ખરા.

શંકર દત્તાત્રેય કાલેલકર

સ્વીકાર

બાલચન્દ્ર: કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના ક્રેસન્ટ મૂન નામક અંગ્રેજી પુસ્તકમાંનાં શિશુકાવ્યોનું ગુજરાતી પદ્યમય ભાષાંતર: યોજનાર, પંડિત ગિરિત્ર શર્મા; પ્રકાશક, ચિરંજીવ ઇશ્વરલાલ શર્મા, નવરત્ન સરસ્વતી ભવન, ઝાલરાપાટણ, રાજપુતાના. રૂા. ૧.

ધર્મભ્રષ્ટોનું શુદ્ધિકરણ : પ્રયોજક, ઠક્કુર નારાયણ વિસનજી; પ્રકાશક, છગનલાલ ભવાનીશંકર મહેતા, કચ્છ વર્તમાન ઓફિસ, ખાડિયા અમદાવાદ. કીં. ૧-૮-૦

સાધનાનું બળ

અનુકુળચંદ્ર નામનો એક છોકરો સ્ટાર થીએટરમાં માત્ર નાટકના પડદાના રંગ ઘુંટવાની નોકરીએ રહેલો. પણ ત્યાં એની આંખ સતત મોટા ચીતારાઓનાં કામ નીરખ્યા કરતી. ધીમેધીમે તે પોતે અવકાશે થોડુંથોડું કામ કરવા લાગ્યો અને પડદા ચીતરતો થયો. અનુકુળ ચોમેરથી શીખતો અને બધી જાતના નમુનાની નકલો કર્યા પછી પોતાના હાથથી કોઇ નવી જ છટાવાળું કામ ઉભું કરતો. એક વખત રાંમપુર નરેશને એક સારા ચિત્રકારની જરૂર પડી, અને તેમણે અનુકુળને પસંદ કર્યો. એને અંગ્રેજી તો આવડતું જ નથી; માત્ર બંગાળીમાં પોતાની ભાંગીતુટી સહી કરે છે. છતાં આજે તે સુંદર તસવીરો ચીતરતો થઇ ગયો છે. આ સાધનાનું બળ.

જર્મનીના એક ગરીબ છોકરાએ કોઇ ચોપડીમાં, વહેતી નદીને કાંઠે ઘુમટવાળાં મકાનો અને નદીમાં સ્નાન કરી રહેલાં અસંખ્ય માણસોનું ચિત્ર જોયું. તે પરથી તેને એ દેશની સંસ્કૃતિ જાણવાની જિજ્ઞાસા થઇ. બસ; એ જિજ્ઞાસાના દોર પર એણે જીવન ઝુકાવ્યું અને સંસ્કૃતનો અભ્યાસ કરવા તે ફ્રાન્સમાં પ્રો. બર્નુફ પાસે ગયો. ત્યાં સંસ્કૃત ભણી પોતાની સ્વપ્નભોમને જીવતા રૂપે જોવા તે હિંદુસ્તાન આવ્યો. એ પંડિત મૅક્સમુલર અને એણે જોએલી છબી તે ગંગાઘાટની.

આંકેતોલ દ્યુપેરોને અશો જરથુસ્ત્રના ધર્મના સિદ્ધાંતો પર પ્રેમ થયો, અને અસલ પુસ્તકનો અભ્યાસ કરવા તેણે ઈરાનમાં જવા ધાર્યું. પણ ઈરાનમાં પારસીઓની સત્તા નાબુદ થઇ ગઇ હતી એટલે તે ફ્રેંચ ગવર્નર દુપ્લેના લશ્કર જોડે સીપાઇ બનીને હિંદુસ્તાનમાં આવ્યો. ૧૭૮૦માં ફ્રેંચોને અંગ્રેજો જોડે લડાઇ થઇ તેમાં તે ઘાયલ થતાં પકડાયો અને તેને સુરત આણ્યો. તે એક વિદ્વાન માણસ છે એમ જોઇ અંગ્રેજોએ તેને હરવાફરવાની છુટ બક્ષી. સુરતમાં તેણે એક પારસી મોબેદ આગળ ફારસી ભાષાનો અભ્યાસ કર્યો, પણ તે તેમનું ધર્મપુસ્તક અવેસ્તા જોવા પામ્યો નહિ. કંઇ શંકાથી પેલા ધર્મગુરુએ ભળતું જ પુસ્તક તેને બતાવ્યું. દ્યુપેરોએ તો તેનો તરજુમો કરી નાખ્યો; પણ પાછળથી ભુલ ભાંગી એટલે બીજા મોબેદને પકડયા. તેણે તેને અવેસ્તા શીખવ્યું અને તેનો તે તરજુમો કરી શકયો. પણ યૂરોપના વિદ્વાનોએ તે પુસ્તકને ખરા તરીકે કબલ્યું નહિ; આથી તે નિરાશ થયો. પછી તેણે, દારા શિકોહે જે ૫૦ ઉપનિષદોનો ફારસીમાં તરજુમો કરાવેલો તે પરથી લૅટીનમાં તરજુમો ઉતાર્યો. આ તરજુમો વાંચીને જર્મનીનો પ્રખ્યાત તત્વચિંતક શોપનહોર વેદાંતી બન્યો હતો. તેણે જણાવ્યું કે ઉપનિષદ્‌થી મારા જીવનમાં પરમ શાંતિ મળી. આંકેતોલે કરેલો અવેસ્તાનો તરજુમો તેના મૃત્યુ બાદ ખરા તરીકે વિદ્વાનોએ પિછાન્યો. પરંતુ આવી સાહિત્યસેવાથી પોતે જગત પર ઉપકાર કર્યો તેનું અભિમાન સરખું યે તેણે કર્યું નથી. (પ્રો. જદુનાથ સરકાર જોડેની વાતચિતમાંથી)

નવું સાહિત્ય

વિદ્યાર્થી આલમને ઉપયોગી એક ઉત્તમ અઠવાડિક આપણે ત્યાં હોવું જોઇએ એમ અમે ઘણા વખતથી માનીએ છીએ. અમારા એ આદર્શને પહોંચી વળે એવું તો નહિ, પણ સંતોષ એવું એક અઠવાડિક હમણાં નીકળવા માંડયું છે. તેનું નામ 'કર્તવ્ય' અને તંત્રી હરિપ્રસાદ ભગવાનલાલ ભટ્ટ; ૫૧, બઝારગેટ, કોટ, મુંબાઈ-૧. આ પત્રના આજ સુધીના નવ અંક જોઇને અમને લાગ્યું છે કે તંત્રી અને બીજા લેખકો ઉંડી લાગણી અને પ્રામાણિક વૃત્તિથી લખે છે. સચોટ ને પ્રેરક ભાષામાં નિર્મળ અને રસદાયક સાહિત્ય, વાર્ષિક ચાર રૂપિયામાં, જાહેરખબરના ભાર વિનાનાં આઠ પાનાંમાં આપનારા આ અઠવાડિકને સત્કારવા સૌને ભલામણ છે.

સંજીવની વિદ્યા: મુળ લેખક, સીતારામ શિવરામ લોટલીકર; અનુવાદક, 'હિંદબાળ'; પ્રકાશક, પાલણપુર યુવકમંડળ. માત્ર ચૌદ આનાની કીમતે આવું ઉપયોગી પુસ્તક પ્રજા આગળ મુકનાર મંડળને અભિનંદન આપવા જેવું છે. 'કુમાર'ના આગલા બે અંકોમાં જે વિષય પર મિજલસમાં ચર્ચા મુકી હતી તે જ વિષય શાસ્ત્રીય રીતે વિસ્તારથી આ પુસ્તકમાં સમજાવવામાં આવ્યો છે. દરેક વિદ્યાર્થીએ સવેળા એ પુસ્તકનું વાંચન કરી લેવું જોઇએ, જેથી શરીરના ખાનગી દોષો અને કુટેવોથી ચેતીને તે બચે. મુળ મરાઠીનું આ ભાષાંતર હોવાથી સંસ્કૃત અને અટપટા સમાસોથી ભાષા ભારેખમ લાગે છે. પણ પુસ્તકને અંતે શબ્દકોષ છે તેથી એ મુશ્કેલી દૂર થશે એમ લાગે છે. આવું પુસ્તક થોડું ભણેલાઓ પણ વાંચી શકે એટલા માટે 'નવજીવન' જેવી ભાષામાં લખાએલું હોવું જોઇએ.

બાલવીર: લેખક-પ્રકાશક, હરરાય અમુલખરાય દેસાઇ; મળવાનું ઠેકાણું, ખડાયતા બુક ડેપો, રીચીરોડ અમદાવાદ.

સ્કાઉટિંગ વિષેની 'કુમાર'માં આવતી લેખમાળાથી ઘણા વાચકોને એ પ્રવૃતિ વિષે વધારે ને વધારે જાણવાની જિજ્ઞાસા થાય છે. તેવાઓને, તથા સ્કાઉટિંગની પ્રવૃતિ આચરતા તથા તેમાં રસ લેતા દરેકને આ પુસ્તકમાંથી ટુંકી અને સંપૂર્ણ માહીતી મળી રહેશે. સાદી ભાષામાં અનેક ચિત્રો સાથે વિગતવાર માહીતીઓવાળું આ પુસ્તક એક વાર તો દરેક વિદ્યાર્થી વાંચી જાય એવું અમે ઈચ્છીએ. સો પાનાનું આ પુસ્તક, કોઈ વસાવવા ઇચ્છે તો, આઠ આનામાં ખોટું નથી.

સ્વીકાર

શ્રી ઉત્તર ગુજરાત યુવકમંડળ તથા ડૉ. પંડયા અભ્યાસગૃહનો ૧૯૨૫-૨૬નો રીપોર્ટ.

મ. સૌ. અતિલક્ષ્મી ફ્રી લાયબ્રેરીનો ૧૯૮૧-૮૨નો રીપોર્ટ

શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ સુરતનો ૧૯૮૧નો રીપોર્ટ

સિંધ-થર્પાકર શાખાનો બ્લાઇન્ડ રીલીફ એસોસીએશનનો ૧૯૨૫-૨૬નો પહેલો વાર્ષિક રીપોર્ટ.



માધુકરી

આવો, વીરા અમ શૂરા, આવો બાન્ધવ અમ ધીર!
તમ તીવ્ર પખાજ બજાવો, ડોલાવો તારક શિર;
આકાશ બધાં દો વીંધી, આ ફોડી દો પાતાળ,
ખોળો પૃથ્વીનાં પોથાં, ભાળો ખોલી ઉર કાળ:
ભારત જેવી પ્રિય માતા છે જગમાં બીજી કોઈ?
તમ જન્મ થયો અહીં ધન્ય જ!--શું દેશો એ તક ખોઇ?
નહિ નહિ!--આ ઉઠયા આજે, અમ કમ્મર કસીએ તંગ;
અમ નસમાં **ભા**રત વ્હે છે, અમ રુધિરે **ભા**રત રંગ!
ભારત, **ભા**રત ને **ભા**રત ઉછળે અમ શ્વાસોચ્છ્વાસ:
વીરા! **ભા**રત પ્રેમીનો બતલાવો મરણવિલાસ. **—કવિ ખબરદાર**



ઝઘલુલ પાશા

રીફ લોકોના સ્વાતંત્ર્યવિગ્રહનો પ્રાણ જેમ અબ્દુલ કરીમ હતો, તેમ ઇજિપ્તની જાગૃતિનો પિતા ને સ્વાતંત્ર્યનો અધિષ્ઠાતા સા'દ ઝઘલુલ પાશા છે.

ઇજિપ્શયનોની આંખની કીકી સમો એ નર અંગ્રેજોની આંખમાં કણીની જેમ ખુંચે છે. કેમકે એને પોતાની ઈચ્છા મુજબનું સંપૂર્ણ સ્વરાજ લેવું છે; અંગ્રેજો આપે તેવો ટુકડો નહિ. અત્યારે ઇજિપ્તને જોકે લગભગ સ્વરાજ મળી ચુક્યું છે એમ કહેવાય. અને એ મેળવતાં એને ઓછું નથી ખમવું પડયું. બે વાર તો એ દેશનિકાલ થયો; અને અંગ્રેજ સત્તાધીશોની ખફાની તલવાર એના માથા પર સદાને માટે કાચા સુતરે બંધાએલી ઝઝુમતી રહી છે. પણ એણે જ અંગ્રેજોનું સંરક્ષકસત્તાક રાજ્ય (અંગ્રેજો ઇજિપ્તના સંરક્ષક હોવાના દાવા તળે જે સત્તા ભોગવતા હતા તે) પાછું ખેંચી લેવાની અંગ્રેજોને ફરજ પાડી, અને અત્યારે પણ એ જ સંપૂર્ણ સ્વાતંત્ર્ય માગી રહ્યો છે. હજી સુએઝના નાકા પર અંગ્રેજોની સત્તા છે, અને ઇજિપ્તનો ઉત્તમમાં ઉત્તમ રૂનો પાક ઉગાડનાર સુદાન પ્રદેશ પર અરધોઅરધ અધિકારનો દાવો અંગ્રેજો કરે છે. આની સામેના ઝઘલુલના પ્રયત્નો એમને કેમ ન ખુંચે?

ઇજિપ્તના પ્રજાસત્તાકમાં અત્યારે બે પક્ષ છે. એક ઝઘલુલનો અને બીજો લિબરલ પક્ષ; પણ એ નામના જ છે. કેમકે એ પક્ષો ઘરના રાજકાજ પરત્વે છે; પરદેશીઓની સાથેના વહેવારમાં તો બધા એક થઇને બેસે છે. હમણાં છેલ્લા પ્રધાનમંડળની ચુંટણી વખતે ઝઘલુલને બહુમતી મળી, અને તેથી ઇંગ્લંડમાં ખળભળાટ થયો, એટલે ઝઘલુલે દીર્ઘદૃષ્ટિ વાપરી, નિઃસ્વાર્થપણે ને કુશળતાથી પોતાનું પ્રધાનમંડળ બનાવવાનો વિચાર માંડી વાળી લિબરલ પ્રધાનમંડળ બનવા દીધું. પણ આજે લિબરલ પ્રધાન અદ્લી એક પણ બાબતમાં ઝઘલુલની સલાહ વિના ડગલું ભરતો નથી.

ઇજિપ્તનો તે સમયમૂર્તિ છે; તેના ત્યાગને સીમા નથી; ઇજિપ્તનાં બાળકોનાં નામ તેના નામથી પડે છે; ત્યાંના ઘરઘરમાં એ પૂજાય છે.

ડૉ. એલેક્સિઝ કેરેલ

જગતની જે ગણીગાંઠી માનવવિભૂતિઓએ માનવજાતિના કલ્યાણ અર્થે મહાન કાર્યો કે શોધખોળો કર્યાં છે તેમાં ડૉ. કેરેલનું નામ આગળપડતું છે. અમેરિકાના અબજોપતિ રૉકફેલરે વૈજ્ઞાનિક શોધખોળ માટે સ્થાપેલા પ્રખ્યાત રૉકફેલર ઇન્સ્ટીટ્યૂટના એ પ્રોફેસર કેરેલનું નામ વિજ્ઞાનની દુનિયામાં તો ઘણા વખતથી જાણીતું હતું; પરંતુ ૧૯૧૨માં જ્યારે 'માનવ-



જાતિના કલ્યાણ માટે વૈજ્ઞાનિક શોધખોળ કરવા માટેનું' સવાલાખ રૂપિયાનું પેલું જગવિખ્યાત નોબેલ પ્રાઇઝ એમને મળ્યું ત્યારે સમગ્ર જગતની નજર એમના તરફ ખેંચાઇ.

૧૮૭૩માં એ ફ્રાન્સમાં જન્મેલા, અને ત્યાં લાયોન્સમાં ઘણાં વર્ષ કામ કરી ૧૯૦૫માં તે અમેરિકા ગયા. ચાર વરસ પછી તે રૉકફેલર ઇન્સ્ટીટ્યૂટમાં જોડાયા અને ૧૯૧૨માં એમને નોબેલ પ્રાઇઝ મળ્યું.

જેને માટે આ દુર્લભ ઇનામ એમને મળ્યું તે એક પ્રાણીનો અવયવ કાપી બીજા પ્રાણીને શરીરે સહેલાઇથી બેસાડી શકવાની શોધ. સો વર્ષ પહેલાં એને કોઇ જાદુનો ચમત્કાર માનત; અરે, પંદર વરસ પહેલાં કોઇ સાયન્ટિસ્ટ પણ એ સાંભળીને હસી કાઢત. પણ ડૉ. કૅરેલે અનેક પ્રયોગોથી એ વાતની જગતને ખાતરી કરી આપી.

ડૉ. કૅરેલ અમેરિકામાં આવી શોધોમાં મચ્યા હતા, એવામાં ૧૯૧૪માં, આખી દુનિયા ઉપર વિનાશનો કાળો છાંયો નાખતું ખુનખાર યુરોપીય યુદ્ધનું વાદળ ચડી આવ્યું, અને અનેક દેશભક્તોની પેઠે ડૉ. કૅરેલ અમેરિકા છોડી જન્મભોમ ફ્રાન્સને પોતાની સેવા અર્પવા પહોંચી ગયા. ત્યાં ચાર વર્ષના અથાગ શ્રમ પછી, જખમને ધોઇને જલદીથી રૂઝવી નાખનારી યુક્તિ શોધી કાઢી પોતાના દેશને પૈસા, વખત અને માણસનો મોટો બચાવ કરી આપ્યો.

આવી શોધ પાછળ અનેક સાયન્ટિસ્ટો મચેલા અને લાખોના ધુમાડો થએલો. ગમે તેવી સારી દવા પણ માત્ર જખમની સપાટી જ ધોઈ શકે; પરંતુ જખમની અંદર ઝેરી જંતુઓથી થતી વિક્રિયા કોણ અટકાવી શકે ? પણ બીજા ન કરી શકયા તે ડૉ. કૅરેલે કરી બતાવ્યું.

આ શોધ માટે બે વસ્તુની જરૂર હતી; ઘણા મોટા જથ્થામાં વપરાય છતાં મોંઘી ન પડે તેવી દવા, અને તેને જખમના અણુએ અણુમાં પહોંચાડે એવું યન્ત્ર. રૉકફેલર ઇન્સ્ટીટ્યૂટે આ શોધનો બધો ખર્ચ પોતાને માથે લીધો, અને અંતે એની સાર્થકતા થઈ. પ્રખ્યાત અંગ્રેજ કેમિસ્ટ ડૅકિને હાઇપરક્લોરાઇટ ઑફ સોડા અને બોરિક ઍસિડના મિશ્રણથી સાદા મીઠા જેવો એક સસ્તો પદાર્થ શોધી કાઢયો અને ડૉ. કૅરેલે તે વડે જખમને ઠેઠ સુધી ધોવાનું યંત્ર શોધી આપ્યું.

લડાઇ પુરી થઇ કે તરત ડૉ. કૅરેલ અમેરિકા પહોંચી જઇને રૉકફેલર ઇન્સ્ટીટ્યૂટમાં કામે લાગી ગયા; અને અત્યારે ૫૫ વર્ષની ઉમરે પણ એમનું શોધખોળોનું કામ હજી ચાલુ જ છે.

હર્ક્યુલિસ

ગ્રાક બલવીર હર્ક્યુલિસના જન્મ તથા જીવનની કથા ગ્રીસનો મહાકવિ હોમર આમ વર્ણવે છે:

હરર્ક્યુલિસ જ્યૂપિટર(ઇન્દ્રદેવ)નો પુત્ર થાય. તેની મા આલ્સીમીના માનવકુળની હતી. એક વાર આલ્સીમીનાનો પતિ એમ્ફીટ્રીઅન ઘેર નહોતો તે વેળા જ્યૂપિટર તેના પતિનું રૂપ લઇ તેને છળી આવ્યો. એમનું સંતાન તે હર્ક્યુલિસ.

પરંતુ જ્યૂપિટરની પત્ની હીરાને પોતાની શૉકયો પ્રત્યે દ્વેષ થયો, અને માનવ પત્નીએથી થએલાં પોતાના પતિનાં સંતાનોને તે કનડવા માંડી. હર્ક્યુલિસને પણ તે અત્યંત દુઃખ દેતી; પણ શસ્ત્રાસ્ત્રકુશળ હર્ક્યુલિસ તો અસાધારણ બલવાન ને બહાદુર પુરુષ નીવડયો. અંતે હીરાએ તેને ગાંડો કરી મુકયો. આ ગાંડપણમાં હર્ક્યુલિસે પોતાનાં બાળકો તથા ભત્રીજાઓને મારી નાખ્યાં.

ગાંડપણ જ્યારે ગયું ત્યારે પોતાના એ નિર્દય કૃત્ય માટે હર્ક્યુલિસને અપાર શોચ થયો અને તેના પ્રાયશ્ચિત્તનો ઉપાય શોધવા તે ડેલ્ફી દેવીના મંદિરે ગયો. ત્યાંના નજુમીએ તેને કહ્યું કે તું જો બાર વરસ સુધી રાજા યૂરસ્થીઅસની ચાકરી કરે તો અમરપદનો અધિકારી બને.

આ બાર વર્ષ દરમિયાન બાર સાહસો કરવાની રાજાએ તેને આજ્ઞા દીધી. તેમાં એને સિંહ, સર્પરાક્ષસ, ડુક્કર, બળદ, ગોધો વગેરેની સાથે દ્વન્દ્વયુદ્ધ કરવાં પડયાં. ' સુવર્ણફળ ' એ એમાંનું અગિયારમું સાહસ છે.

આ બાર સાહસ પુરાં કરી હર્ક્યુલિસ રાજા યૂરસ્થી-અસની ચાકરીમાંથી છુટો થયો અને પોતાને દેશ થીબીસ આવ્યો. અહીં પણ તેણે જીવતાં લગી અદ્‌ભુત પરાક્રમો કર્યાં.

અંતે તે ઓટા પર્વત પર ચડયો. ત્યાં એક ચિતા ખડકાવી પોતે વચ્ચે બેઠો અને આગ લગાડાવી બળી મુઓ. એ ચિતાના અગ્નિના ભડકા ઉડતા હતા તે ઘડીએ આકાશ-માંથી એક વાદળગોટ ઉતર્યો અને ગાજવીજ વચ્ચે હર્ક્યુલિસના સૂક્ષ્મ દેહને દેવગિરિ ઓલીમ્પસ ઉપર ઉપાડી ગયો.

પછી તો એ આખા ગ્રીસના શુરાપુરા અને દેવ તરીકે પૂજાવા લાગ્યો.

ડૉક્ટરની ડિગ્રી

શિક્ષણ સંસ્થાઓ તથા યૂનિવર્સિટીઓ જે જે પદવીઓ, ઉપાધિઓ—ડિગ્રીઓ આપે છે, તેઓમાં સર્વશ્રેષ્ઠ 'ડૉકટર'ની ડિગ્રી છે. આ ડિગ્રીનો વૈદક સાથે ખાસ કશો સંબંધ નથી; અને આપણા દેશમાં જેઓને 'દાક્તર સાહેબ' કહીએ છીએ, તેઓમાંનો બહુ જુજ ભાગ વૈદકશાસ્ત્રમાં 'ડૉકટર'ની પદવી મેળવી શકયો હોય છે. આ ડિગ્રી વૈદક ઉપરાંત વિજ્ઞાનની તથ સાહિત્ય, કળા, ધર્મ, સંગીત ઇત્યાદિની શાખાઓમાં પણ ઉચ્ચતમ પ્રવીણતા માટે આપવામાં આવે છે. એ પ્રમાણે આ પદવી એ એક ઉંચામાં ઉંચું માન છે. કેટલાકને તે પરીક્ષાઓથી મળે છે, કેટલાક શોધખોળોથી મેળવે છે, અને કેટલાકને સન્માન તરીકે તે અર્પવામાં આવે છે. આ પ્રમાણે કાયદાની એલએલ. ડી. રવીન્દ્રનાથ ટાગોર વગેરે જેવા ઘણા નામાંકિત શહેરીઓને ઈનાયત થએલી આપણે જોઇએ છીએ. ડી. એસસી. એ વિજ્ઞાનની છે, જ્યારે પીએચ. ડી. વિજ્ઞાનની, તેમજ યૂનિવર્સિટીમાં જેને 'આર્ટ્સ' કહે છે, તેવા સાહિત્ય-ઇતિહાસ-અર્થશાસ્ત્ર ઇત્યાદિ સર્વ વિષયોની પણ છે. વૈદકની એમ. ડી. છે; ધર્મની ડી. ડી. છે; સંગીતની ડી. એમ. યુ. સી. છે. અલબત્ત જુદાજુદા દેશોમાં કેટલીક વાર જુદાંજુદાં નામ પણ હોય છે. —ડૉ. કાન્તિલાલ પંડ્યા.

વિમાનોનો ઉપયોગ

આજના દિવસમાં વિમાનો (એરોપ્લેન વગેરે)થી મુસાફરી કેટલી ટુંકી ને જલદી થાય છે તે વિષે ભાગ્યે જ કાંઇ કહેવાની જરૂર હોય. દિનપ્રતિદિન પ્રયોગો ચાલુ છે ને તેથી યંત્રોમાં સુધારાઓ થાય છે, ઝડપ ને સહીસલામતી બંને વધે છે, હવાનાં રહસ્યો સમજાય છે, યંત્રોની ઉપર કાંઇક કાબુ આવતો જાય છે, હવાઇ 'સડકો' ઘડાતી જાય છે, ને ધીરેધીરે વીસમી સદીના માણસની તથા પ્રજાની જરૂરિયાતો પુરી પાડવામાં વિમાનો વધારે સંતોષકારક જવાબ આપે છે. યુદ્ધમાં તેનો ઉપયોગ સિદ્ધ થઇ ચુકયો છે. શાંતિને સમયે સાધારણ મુસાફરીને માટે કે બહુ ઉતાવળના કામને માટે એનો ઉપયોગ યૂરોપમાં હવે સાધારણ થતો જાય છે.

ઉપરાંત હવે ભૌગોલિક શોધને માટે વિમાનોની સેવા સફળ થઇ છે. ઉત્તર ધ્રુવ જનારા કાફલાઓ હવે પોતાની સાથે અચુક વિમાનો રાખે છે.

આથી વધારે મોટા લાભ તો ખેતી તથા વૈદકે લીધા છે. અમેરિકામાં રૂના પાકનો નાશ કરનાર જીવાતને રોકવા તથા મારવાને માટે હવે એરોપ્લેનનો ઉપયોગ શરૂ થયો છે. જમીન ઉપર રહીને દવા છાંટતાં જે સમય થાય તે કરતાં બહુ ઓછા સમય વિમાનમાંથી દવા છાંટતાં થાય છે. વળી તેથી દવા અરધોઅરધ ઓછી વરે છે.

ઓસ્ટ્રેલિયામાં દેશના વિસ્તારના પ્રમાણમાં વસ્તી એટલી ઓછી છે કે સેંકડો ચોરસ માઇલે એક દાક્તર માંડ મળી આવે છે. તેથી ત્યાં હવાઈ સારવાર મંડળની રચના થઈ છે.

આગગાડી તથા વહાણોને બદલે હવાઇ માર્ગે સૌકોઇ મુસાફરી કરે એ સ્થિતિ કોઈ દિવસ આવે કે ન પણ આવે. પરંતુ, તે દરમ્યાન, આવી આવી દિશાઓમાં વિમાનો પોતાનો ઉપયોગ માનવસેવામાં અર્પણ કરી શકે છે, એ પણ થોડું નથી.
(ગુજરાતી) ડૉ. કાન્તિલાલ પંડ્યા

૧૮ પેન્સનો રૂપિયો

ચલણ કમિશને ૧૬ને બદલે ૧૮ પેન્સનો રૂપિયો ઠરાવવાનો અભિપ્રાય આપ્યો છે અને હિંદુસ્તાનને સોનાનું ચલણ આપવાની ના કહી છે. પરંતુ નોટોના બદલામાં સોનું લોકોને મળી શકે તેટલા માટે તેણે એક નવી ભલામણ કરી છે કે સરકારે એક મધ્યસ્થ બેંક સ્થાપવી.

ચલણનો આ નવો ભાવ હિંદુસ્તાનને બેવડી રીતે નુકસાન કરનારો છે. હિંદમાંથી જે કરોડો રૂપિયાનો કાચો માલ વિલાયત જાય છે તેના બદલામાં હિંદને ઇંગ્લંડનું જ નાણું મળે છે, કારણકે એ પદાર્થોના સેદા ઇંગ્લંડના ચલણી નાણાંમાં જ કરવામાં આવે છે. આ રીતે હિંદ જે કાંઇ માલ મોકલે તેના બદલામાં તેને પાઉંડના રૂ. ૧૫ને બદલે રૂ. ૧૩-૫-૪ મુજબ નાણાં મળવા પામશે.

બીજું નુકસાન તેને પોતાના દેશી ઉદ્યોગોના સંબંધમાં થવા પામશે. આજે હિંદની બનાવટનો માલ એવો છે કે જેની સામે ઇંગ્લંડ અને યૂરોપના બીજા કેટલાક દેશો હરીફાઇ કરી રહ્યા છે. આ માલ હિંદમાં પાઉંડના રૂ. ૧૩-૫-૪ના ભાવે આવવાથી સસ્તો પડશે અને હિંદના ૧૫ રૂપિયાની કીમતના માલની સામે સસ્તાપણાના કારણથી તેની હરીફાઇ હવે ચાલુ રહેશે. આ રીતે પરદેશી માલને હિંદમાં ૧૨॥ ટકા જેટલું વળતર કાપી આપવામાં આવતું હોય તે પ્રકારની અસર હુંડિયામણનો આ નવો ભાવ નીપજાવશે.

હિંદના હુંડિયામણના અસ્વભાવિક ભાવથી આજ સુધી કરોડો રૂપિયાનું નુકસાન થતું રહ્યું છે, અને કમિશને કરેલી ૧૮ પેન્સનો રૂપિયો ઠરાવવાની ભલામણ હિંદી સરકારે તત્કાળમાં સ્વીકારી લીધી હોવાથી દેશની પ્રજા ચાલુ આર્થિક હીન દશા ભોગવતી જ રહેશે. છેલ્લા ૬ વરસથી આખા હિંદની પ્રજા ૧૬ પેન્સનો રૂપિયો ઠરાવવાની અને હિંદને સોનાનું ચલણ આપવાની માગણી કરી રહી છે તેને આજે ઠોકરે મારવામાં આવી છે. (પ્રજાબંધુ)

અમદાવાદની આર. સી. હાઈસ્કુલના સ્કાઉટ એન. એમ. ભટ્ટે ગઇ તા. ૬ઠ્ઠી સપ્ટેંબરે, કડી પ્રાંતના દેઉસાણાના પટેલ મોતીચંદ માધવલાલની દીકરીને, પોતાના જીવના જોખમે આગમાંથી બચાવી હતી. તેની કદર તરીકે પટેલ મોતીચંદે એ સ્કાઉટને હાઈસ્કુલના હેડમાસ્તર મારફત રૂપાનો ચાંદ આપ્યો છે.

હીરો સાચો છે કે ખોટો તે જાણવાની એક રીત છે. હીરાને બરોબર કોરો કરી તેના ઉપર પાણીનું એક નાનું ટીપું મુકવું. પછી એ ટીપાને સોયની અણી વડે હલાવવું. જો હીરો સાચો હશે તો ટીપું આખેઆખું તેના ઉપર ફરશે. પણ જો હીરો બનાવટી હશે તો સોયની અણી અડતાં ટીપું ફેલાઇ જશે.

*

નથુ—(પહેલી જ વાર બેંકમાં જઇને) મારે આ બેંકમાં ખાતું પડાવવું છે.

કેશયર—ખુશીથી; લાવો, કેટલા રૂપિયા મુકવા છે?

નથુ—ના રે, મારે તો દસ રૂપિયા ઉપાડવા છે.

*

તમારી પેન્સિલ, કલમ, પીછી ઈત્યાદિની અણી વગેરે ભાંગી કે ખરાબ ન થઈ જાય, અને વળી જ્યારે જોઇએ ત્યારે સહેલાઈથી ખેંચી લઇ શકાય એવું નીચે બતાવેલું સાધન તમે ઘેર બનાવી શકો. એક જાડા પુઠાના કકડામાં કાણાં પાડી તે પર દોરી વડે જાડા કાગળ કે પતરાનું એક ભુંગળું નીચે બતાવ્યું તેમ બાંધી લો. ઉપર વેલબુટ્ટી ચીતરી શણગારી પણ શકો.



રેશમની બનાવેલી રંગીન વસ્તુઓને ધોળો કાગળ કદિ વીંટાળવો નહિ. કારણ એ છે કે ધોળા કાગળમાં સફેદાઇ લાવવાને ચુનો વાપરવામાં આવે છે. વખત જતાં ચુનાની અસર વસ્તુના રંગ ઉપર થાય છે. આવે પ્રસંગે રંગીન કાગળ અથવા બ્રાઉન પેપર વાપરવો એ વધારે સારૂં છે. તેથી નુકસાન નહિ થાય.


*

દીવામાં એક મોટી જાડી વાટ કરતાં બે ઝીણી વાટ કરીને સળગાવવાથી વધુ પ્રકાશ આપે છે.

*


ચોમાસામાં મુસાફરી કરતી વેળા દીવાસળીઓ ભીંજાઇને નકામી ન પડે એટલા માટે એક ઉપાય છે. દીવાસળીઓનાં ટોપકાં મીણબત્તીના ઓગાળેલા રસમાં બોળીને તેનું અસ્તર ચડાવી દો એટલે થયું. મીણના ઢાંકણને લીધે એ ભેજથી બગડશે નાહ, એટલું જ નહિ, પણ અચાનક ઘસારાને લીધે સળગી ઉઠવા પણ નહિ પામે.

દોરડાંની ગાંઠોના બીજા બે નમુના



*

હલકી ચહાને સારી દેખાડવા માટે તેની અંદર બીજી વસ્તુઓનો ભેગ કરવામાં આવે છે. ભેગ કરવામાં આવ્યો હોય તો તે નીચેની રીતે જાણી શકાય. રૂમાલને સંકેલીને તેની વચમાં સાવ સુકી ચહા મુકવી. પછી થોડી વાર રૂમાલની ઘડીઓને એકબીજી સાથે ઘસવી. જો ચહા ચોકખી હશે તો રૂમાલમાં કાંઈ ડાઘ પડશે નહિ; ફક્ત થોડી રજ રહે એટલું જ. પણ જો ભેગવાળી હશે તો ડાઘ પડશે અને તે એવા હશે કે ધોવાથી જ જાય.



ઇંગ્લેંડનું મુખ્ય વેધશાળા-નગર ગ્રીનિચ, જ્યાંથી અક્ષાંશ-રેખાંશની ગણતરી થાય છે ત્યાં બપોરના બાર વાગે તે સમયે દુનિયાના જુદાજુદા દેશોના મુખ્ય શહેરોમાં કેટલા વાગ્યા હોય છે તે ઉપરના નકશામાં બતાવેલા તે તે શહેરની જોડેના ઘડિયાળમાં દર્શાવેલું છે.